# પ્રકરણ : ૫

# મૂર્તિમીમાંસા

# પ્રકરણ: ૫
# મૂર્તિમીમાંસા

- પ્રતિમાનિરૂપણ
- શિલારોપણ - વિચાર
- પ્રતિમાના પ્રકારો
- આવશ્યક તત્ત્વ (દિવ્યરસાનુભવ)
- મૂર્તિસંબંધી વિવિધ ઉલ્લેખો
- મૂર્તિઓના વિવિધ સ્વરૂપો
- શ્રી જિનમૂર્તિ સ્વરૂપ વિચાર
- પ્રાસાદસંબંધી દેવતાઓનું દષ્ટિ પ્રમાણ અને દેવતા દિઙ્મુખાધિકાર
- પ્રાસાદના દેવતાઓનું પૂજન વિધાન
- પ્રતિષ્ઠા સંબંધી મીમાંસા

# પ્રકરણ: ૫
# મૂર્તિમીમાંસા

## ૫.૧ પ્રતિમા નિરૂપણ

ઘનપદાર્થોને ઘડી તેમાંથી આકૃતિઓ સર્જવી – એવી આકૃતિઓ કે જેમાં કુદરતી પદાર્થોની માનવ-બીજા પ્રાણીઓ વનસ્પતિના પ્રકારો અને જડ પદાર્થોની અનુકૃતિ હોય એવી Sculpture (શિલ્પ)ની કલા માટે સંસ્કૃત શબ્દ 'પ્રતિમા' શબ્દ વપરાયો છે તેનાં બીજા પર્યાયો અમરકોશ પ્રમાણે પ્રતિમાન, પ્રતિબિંબ, પ્રતિયાતના, પ્રતિચ્છાયા, પ્રતિકૃતિ અને અર્ચા છે.[૧] આમાં અર્ચાનો અર્થ अर्च्यंते अर्चा [૨] પૂજન માટેની પ્રતિમા કહી શકાય.

ભારતીય પ્રાચીન વાસ્તુગ્રંથો અને શિલ્પગ્રંથોમાં વિવિધ પ્રકારની પ્રતિમાઓ બનાવવાનું વિજ્ઞાન પણ આપેલું છે. કેટલાક સ્થળે રેખા અને રંગથી અનુકૃતિ કરતી ચિત્રકલામાં પ્રતિમાકલાને પણ સમાવી લેવામાં આવે છે.

## ૫.૧.૧ પ્રતિમાલક્ષણ

વિષ્ણુધર્મોત્તરપુરાણ ત્રીજો ખંડ ભારતની પ્રાચીન કલાઓનાં સારગ્રંથ જેવો છે. જેમાં કહયું છે કે यथा नृत्ते तथा चित्रे त्रैलोक्यानृकृति ः स्मृता ।[૩] ચિત્ર અને શિલ્પમાં ત્રણે લોકની અનુકૃતિ જોવા મળે છે. ચિત્રમાં જે ન કહ્યું હોય તે નૃત્તમાંથી (નૃત્યમાંથી) જાણી લેવું અને નૃત્તમાં ન કહ્યું હોય તે ચિત્રમાંથી યોજવું.

यथाचित्रं तथैवोक्तं खातपूर्व नराधिप ।
सुवर्णरूप्यताम्रादि तच्च लोकेषु दर्शयेत ।। [४]
शिलादारूषु लोहेषु प्रतिमाकरणं भवेत् ।
अनेनैव विधानेन यथा चित्रमुदाहतम् ।। [५]

આમ, ચિત્ર અને પ્રતિમાને સમાનવર્ગમાં મૂકવાથી બંનેનું અનુકરણાત્મક લક્ષણ સ્પષ્ટ થાય છે. ઉપરાંત પરિમાણ, અને પ્રમાણનાં લક્ષણ સ્પષ્ટ થાય છે. સોનામાં અને રૂપામાં, તાંબામાં વગેરેમાં ખોદીને ચિત્ર પ્રમાણે બનાવવું. જે રીતે ચિત્ર વિષે સમજાવ્યું છે તે વિધાનથી પત્થર, કાષ્ઠ, લોહમાં, પ્રતિમા કરણ થાય.

यदत्र नोक्तं तन्नृत्ताद् विज्ञेयं नराधिप ।
नृत्तेऽपि नोक्तं तच्चित्रात् तत्र योऽयं नराधिप ।। [६]

આમ, નૃત્યકલા અને ચિત્રકલાનો પરસ્પર સંબંધ બતાવ્યો છે. તેવી જ રીતે આ ગ્રંથમાં (અમરકોશ) ચિત્ર અને પ્રતિમાનો સંબંધ પણ બતાવ્યો છે. રસનિષ્પતિના પણ કેટલાક તત્વો સમાન રીતે શીખી શકાય છે. વિષ્ણુધર્મોત્તર પુરાણમાં પ્રતિમા નિરૂપણ નામનો ત્રીજો અધ્યાય છે. તેમાં પ્રતિમાનું લક્ષણ દેવતારૂપનિર્માણ પરત્વે છે. ભારતીય પ્રાચીન શિલ્પનાં અવશેષોમાં મુખ્યત્વે દેવતા મૂર્તિઓ છે. એથી આ પણ ઈતિહાસ સંગત છે.

માનવોનાં પ્રતિમા શિલ્પનાં અવશેષો છે. તેમજ હાથી, ઘોડા, વાઘ, સિંહ વગેરે પશુઓનાં તેમજ ગઢડ, વગેરે પંખીઓનાં પણ છે. તેમજ વૃક્ષોનાં, વલ્લીઓનાં, પર્વતોનાં, નદીઓનાં પણ છે અને નગરો વગેરેને પણ શિલ્પમાં ઉતારવાનો પ્રયાસ થયો છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જેમ ઘન પદાર્થોને ઘડીને ઘાટ આપી શકાય છે તેમ કોતરીને પણ આપી શકાય છે. એટલે શિલ્પમાં આ બધાનો સમાવેશ થાય છે. તેથી દેવતાઓની પ્રતિમા પણ માનવની અનુકૃતિ ગણી શકાય. જેમ કે ચાર હાથ, ત્રણ માથા, તો તે પણ માનવહાથ, કે માથાની અનુકૃતિરૂપે હોય છે. છતાં કેટલીક પ્રતિમાઓ એવી હોય છે કે જેની મૂળ પ્રકૃતિ શોધવી અશક્ય નહીં તો પણ મુશ્કેલ હોય છે. કેટલાંક ઘાટો એવા હોય છે કે જેને સ્થાપત્ય કહેવું કે શિલ્પ કહેવું કઠિન પડે છે. વળી ઘણાં ઘાટનાં અંડક, સ્તૂપ અવશેષો પણ ભારતીય શિલ્પમાં જોવા મળે છે. તેથી આર્કિટેક્ચર અને સ્કલ્પચર – વાસ્તુ – સ્થાપત્ય – શિલ્પ – પ્રતિમાકરણનો જે પરસ્પર સંબંધ છે તે ભારતીય સ્થાપત્ય અને શિલ્પનાં અભ્યાસમાં ધ્યાન રાખવા યોગ્ય છે. તેથી તે તે કલાની સવિશેષ સમજ પણ આપે છે.

## ૫.૧.૨ પ્રતિમા સંબંધી વિધિ અને નિષેધો

### ❋ વિધાનો

➢ દેવાલયનાં દ્વારનાં સાત અષ્ટમાંશ ભાગનો ત્રીજો ભાગ તે પ્રતિમાની સ્થાપનાની પીઠનું ઊંચાઈ પ્રમાણ ગણવું. પીઠની ઊંચાઈથી બેવડી પ્રતિમાની ઊંચાઈ ગણવી.

➢ પ્રતિમાનાં પોતાના પ્રમાણથી પ્રતિમાનું મુખ ૧૨ આંગળ પહોળું અને ૧૪ આંગળ લાંબુ રાખવું.

➢ પ્રતિમાનું નાક, લલાટ, ચિબુક, ગ્રીવા અને કાન ચાર આંગળ લાંબા રાખવા. પ્રતિમાનાં ચિબુકની પહોળાઈ બે આંગળ રાખવી.

➢ પ્રતિમાનાં લલાટનો વિસ્તાર આઠ આંગળ રાખવો એનાથી દૂર બે આંગળ પહોળાઈની બે કાનપટ્ટીઓ ચાર આંગળ લાંબી રાખવી અને બંને કાનની પહોળાઈ બે આંગળ રાખવી.

➢ નેત્રનાં છેડાથી ભ્રમરને સમાંતર લીટીમાં સાડાચાર આગંળ દૂર કર્ણનો અગ્રભાગ રચવો તથા કર્ણની સમીપનાં ઊંચા વિસ્તારમાં નેત્ર પ્રબંધની રચના કરવી. વસિષ્ઠના મત પ્રમાણે કાન અને આંખનું અંતર ચાર આંગળ રાખવું. નીચેનાં હોઠ એક આંગળ અને ઉપરનો હોઠ અડધો આંગળ રાખવો.

➢ અડધા આંગળના વિસ્તારવાળું ચાર આંગળ લાંબુ મુખ બનાવવું. બિડાયેલા મુખવાળા દેવોનાં મુખનો વિસ્તાર દોઢ આંગળ તથા વિસ્તાર વાળા મુખવાળા દેવોનાં મુખનો વિસ્તાર ચાર આંગળ અને એમના બંધ મુખનો વિસ્તાર ત્રણ આંગળ રાખવો.

➢ નાકનાં બંને પુષ્ટ બબ્બે આંગળ અને અગ્રભાગથી નાસિકાનો વિસ્તાર ચાર આંગળ રાખવો. નાકની ઊંચાઈ બે આંગળ તથા બન્ને નેત્રોનું અંતર ચાર આંગળ રાખવું.

➢ એક અંતથી બીજા અંત સુધી બંને ભ્રમરોનું અંતર દશ આંગળ ભૂલેખા અડધો આંગળ પહોળાઈની અને બન્ને ભ્રમરો ચાર-ચાર આંગળ લંબાઈની રાખવી.

➢ બત્રીસ આંગળ લાંબુ અને ચૌદ આંગળ પહોળું મસ્તક બનાવવું.

➢ પ્રતિમાની કેશરેખા સાથે મુખનો વિસ્તાર સોળ આંગળ, ગ્રીવાનો વિસ્તાર દસ આંગળ અને લંબાઈ એકવીસ આંગળ કહી છે. ગળાથી હૃદયનું અંતર બાર આંગળ, હૃદયથી નાભિનું પણ એટલું જ અંતર અને નાભિથી આગળનો ભાગ પણ બાર આંગળનાં અંતરનો કહ્યો છે.

➢ બાર આંગળ લાંબા અને છ આંગળ પહોળા પ્રતિમાનાં પગ રાખવા. પગનો અંગૂઠો અને પ્રથમ અંગુલી ત્રણ આંગળ લાંબી રાખવી.

➢ જંઘાના અગ્રભાગની પહોળાઈ ચૌદ આંગળ અને વિસ્તાર પાંચ આંગળ રાખવો. મધ્યભાગનો વિસ્તાર સાત આંગળ અને પહોળાઈ એકવીસ આંગળ રાખવી.

➢ કમરની પહોળાઈ અઢાર આંગળ અને પરિધિ ચુમાલીસ આંગળ રાખવી. નાભિ ભાગનો વિસ્તાર અને વેધ એક-એક આંગળ રાખવો.

➢ હાથની મધ્યમાં અંગુલ પાંચ આંગળ રાખવી. અનામિકા મધ્યમાં કરતાં અડધા પર્વ જેટલી ઓછી રાખવી. પ્રથમ અંગુલિ પણ અનામિકા જેટલી જ રાખવી. કનિષ્ઠિકા એક પર્વ જેટલી નાની હોય છે.

➢ પ્રતિમાઓના આભૂષણ, વેષ, અલંકાર અને રૂપ સૌ સૌનાં દેશને અનુરૂપ બનાવવા સર્વે શુભ લક્ષણોથી સંપન્ન પ્રતિમા જયાં પ્રસ્થાપિત કરવામાં આવે છે ત્યાં એ પ્રજાની ઉન્નતિ અને સમૃદ્ધિની અભિવૃદ્ધિ થાય છે.

આ જ રીતનાં પ્રતિમાનાં લક્ષણો મત્સ્યમહાપુરાણ અધ્યાય ૨૫૮માં પણ વાત કરી છે, અગ્નિપુરાણમાં દેવપ્રતિમાવર્ણન નામે અધ્યાય-૪૪માં વાત કરી છે.

## ❋ નિષેધો

➢ મુખારવિંદની ફરતી તેજની આભા બરાબર કરવામાં ના આવે અને જો પૂર્વ દિશા તરફ ઢળતી હોય તો ધનનો નાશ થાય, અને જો દક્ષિણ દિશા તરફ હોય તો મૃત્યુ, પશ્ચિમ તરફની આભા પુત્રનો નાશ કરે અને ઉત્તર તરફની આભા ભયની વૃદ્ધિ સૂચવે છે. પ્રમાણથી ઓછી આભા હોય તો પોતાનો નાશ કરે અને પ્રમાણથી અધિક હોય તો દેશનો નાશ થાય.

➢ પ્રતિમાના પાષાણ કે કાષ્ઠમાં ખીલા, છિદ્ર પોલાણ, જીવાત, સાંધા, જાળા, મંડલાકાર રેખા કે ગાંઠા હોય તેવા દૂષણવાળું દ્રવ્ય દોષકારક છે.

➢ પ્રતિમાની ઊંચાઈ પ્રમાણ એકી અંગુલ રાખવું ઈષ્ટ છે.

- ટૂંકી હાથપગ વગેરે અંગ વગરની પ્રતિમા ધનક્ષય કરનાર છે.

- નાસિકાહીન પ્રતિમા લક્ષ્મીનો નાશ કરે છે.

- પ્રતિમાની ઊંચી કે વિકરાળ દષ્ટિ હોય તો રાજા અને રાજયનો નાશ કરે, નીચી કે ક્રોધાયમાન દષ્ટિ પૂજનારનો નાશ કરે, નાસિકા તરફ દષ્ટિવાળી પ્રતિમા શિલ્પી અને આચાર્યનો નાશ કરે, પડખે દષ્ટિવાળી ભાઈઓનો નાશ કરે, માટે સમદષ્ટિવાળી પ્રતિમા કરાવવી.

- પાતળી જંઘાવાળી પ્રતિમા ભક્ષણ કરે, કેડથી પાતળી કર્તાનો નાશ કરે. કપાળ, નાક, મુખ વગેરે પાતળાં હોય તો તે પ્રતિમાથી દુકાળ પડે.

- અન્યાયથી પેદા કરેલા દ્રવ્યની પ્રતિમા કરાવી હોય અથવા બીજા કાર્ય માટે લાવેલા દ્રવ્યમાંથી પ્રતિમા કરાવી હોય કે હીન અંગવાળી અથવા અધિક અંગવાળી પ્રતિમા પોતાનો અને પારકાનો નાશ કરે છે.

- કારણવશાત્ તોલ કરેલી, દુષ્ટ મનુષ્યનો સ્પર્શ કરેલી, ચોરાયેલી અગર પરીક્ષા કરવી પડેલ મૂર્તિ, પતિત કે ચાંડાલનો સ્પર્શ થયો હોય તેવી કે રજસ્વલા કે સુવાવડી સ્ત્રીની દષ્ટિ પડેલી હોય તો તેવી પ્રતિમા કે લિંગની ફરીથી પૂર્વવત પ્રતિષ્ઠા કરવી.

- જે મૂર્તિ સો વર્ષથી પૂજાતી હોય કે મહાપુઢષે સ્થાપિત કરેલી હોય તેવી મૂર્તિ કદાચ ખંડિત કે ફાટેલી હોય તો પણ પૂજવી. પરંતુ બીજી એવી ખંડિત મૂર્તિ પૂજવાથી દોષ લાગે છે.

- નવીન કે જીર્ણ પ્રાચીન પ્રતિમા હોય તે મૂર્તિ રમ્ય અને અતિ મનોહર આકર્ષક હોય તો તે ગમે તેવી અવસ્થામાં ખંડિત કે તૂટેલી હોય તો પણ તેવી મૂર્તિ દોષિત ગણાતી નથી.

## ૫.૨ શિલારોપણ વિચાર

અગ્નિપુરાણ અધ્યાય-૪૧માં શિલાન્યાસની મુહૂર્ત વિધિ બતાવેલ છે. શિલાપરીક્ષાનો વિચાર 'શિલ્પરત્નાકરઃ'નાં ૧૧માં રત્નમાં શ્લોક ૨ માં બતાવ્યો છે. "ઝીણાં પોગરની, છિદ્ર રહિત, મૃદ્વી (કોમળ) સુગંધીવાળી, જોવામાં પ્રિય લાગે તેવી કાંતિયુકત શિલા સર્વપ્રકારની પ્રતિમાઓ, શિવલિંગો તથા જળાધારીઓ વગેરેનાં કાર્યમાં શ્રેષ્ઠ છે."

શુદ્ધ સોનુ અને કાંસુ વગેરે ધાતુ તેમજ લોઢાનું ચિહ્ન તથા બીજા જુદા-જુદા પ્રકારનાં ચિહ્નો જો પ્રતિમામાં હોય તો તે ભય આપનારી છે. પરંતુ ભમરો, હોલો, કમળનું પોયણું, અડદ, મગ અને સુખડના જેવા રંગવાળી, સફેદ, ઘી તથા રાતા કમળનાં જેવી કાંતિવાળી શિલા સર્વપ્રકારની પ્રતિમાઓમાં કલ્યાણકારી છે.

सुदिने सुमुहूर्ते च शकुने शान्तचेष्टिते ।
प्रतिमागृहकाष्ठादि कर्म कुर्यान्न चान्यथा ।। [७]

શુભ દિવસે સારા મુહૂર્તમાં શુકન જોઈ પ્રતિમા ઘડવાનું કાર્ય કરવું તથા કાષ્ઠ વગેરેનું કાર્ય કરવું. અશુભ સમયમાં કરવું નહિ.

## ૫.૨.૧ શિલાની જાતિઓ

જે શિલા એક રંગી, ઝીણા પોગરની, ચિકણી, મૂળથી અગ્ર સુધી એક સરખી, બકરાનાં શબ્દ અને ઘંટાના અવાજ જેવા અવાજવાળી હોય તે **પુઢષ શિલા** કહેવાય છે.

જે શિલા મૂળભાગમાં જાડી, આગળના ભાગમાં પાતળી તથા ક્રિડતાલ (દાદરાતાલ)ના જેવા અવાજ વાળી હોય તે **સ્ત્રીશિલા** કહેવાય છે.

જે શિલા મૂળનાં ભાગમાં પાતળી, આગળનાં ભાગમાં જાડી તથા અવાજ વિનાની હોય તે નપુંસકશિલા કહેવાય છે.

બુદ્ધિમાન શિલ્પી શિવલિંગો તથા પ્રતિમાઓ પુશિલાની કરવી. પીઠિકાઓ તથા સ્ત્રીજાતિની પ્રતિમાઓ સ્ત્રીશિલાની કરવી તથા બ્રહ્મશિલા, કૂર્મશિલાઓ તેમજ પ્રાસાદોનાં તલ અને કુંડાદિ કાર્ય બુદ્ધિમાન શિલ્પીએ નપુંસક શિલાનું કરવું.

### ❋ શુભ મૂર્તિ

અષ્ટધાતુ, પાષાણ, રત્ન, શ્રેષ્ઠ વૃક્ષ અને પરવાળા વગેરેની મૂર્તિઓ શુભ છે.

જે પ્રતિમાની આકૃતિ ગર્જના કરતી, રડતી, મીંચેલી અથવા વિકરાળ આંખોવાળી હોય તે મોટો ભય ઉત્પન્ન કરે છે.

પૃથ્વીમાં શિલાનાં જે ભાગો પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર દિશામાં રહેલા હોય તે ધ્યાનમાં રાખી તે શિલાનાં પશ્ચિમ અને દક્ષિણ દિશા તરફનાં શિલાભાગમાં પ્રતિમાનું શીર્ષ કરવું.

વત્સ સન્મુખ આવતો હોય તો વાસ્તુમાં પ્રવેશ કરવો નહિ, દ્વાર મૂકવું નહિ. વિશેષ કરીને મોટી પ્રતિમાઓનો પ્રવેશ સન્મુખ વત્સ હોય ત્યારે કરવો જ નહિ.

## ૫.૨.૨ શિલાન્યાસનાં મુહૂર્તો અને તેની વિધિઓ

અગ્નિપુરાણમાં અધ્યાય-૪૧માં કહયું છે કે "સહુથી પ્રથમ સુંદર મંડપ તૈયાર કરી, ચોકકસ માપનાં ચાર કુંડો બનાવવા. કુંડોનો ત્રણ ચોપાઈ જેટલો ભાગ કાકરા વગેરેથી ભરી દેવો. તેને બરાબર કરીને તેની ઉપર વાસુદેવ વગેરેનું પૂજન કરવું. દીવાલનાં શિલાન્યાસમાં વાપરવાની ઈંટો નીભાડામાં પકવેલી મજબૂત હોવી જોઈએ. બાર-બાર આંગળની લાંબી હોવી જોઈએ. ચાર આંગળ જેટલી જાડી હોવી જોઈએ. જો પથ્થરનું મંદિર બનાવવાનું હોય તો ઈંટની જગ્યાએ પાયામાં શિલારોપણવિધિ કરતી વખતે પથ્થર નાખવા જોઈએ. એક-એક પથ્થર એક-એક હાથ જેટલો લાંબો હોવો જોઈએ.

તાંબાનાં કે માટીનાં નવ કલશોની સ્થાપના કરવી તેમજ એ પછીથી તે પાણી, સર્વૌષધિ અને ચંદનમિશ્રિત જલથી કલશોને પરિપૂર્ણ કરવા. એ જ પ્રકારે સોનું, અનાજ વગેરેથી યુકત તથા ગંધ,

ચંદન વગેરેથી ખૂબ સારી રીતે પૂજીને 'आपो हिष्टा!' 'शं नो देवीरमीष्टय ।' વગેરે મંત્રો तरत्स नन्दीः મંત્ર અને ઋચાઓ 'उदुतमं वरूणं' વગેરે મંત્રોના પાઠ કરી શ્રી સૂકતમ્ ઉચ્ચારતા ઘણી શિલાઓ તથા ઈંટોનો અભિષેક કરવો પછી તેને પાયામાં સ્થાપિત કરીને મંડપની અંદર એક શય્યામાં ઉપર પૂર્વમંડલમાં ભગવાન શ્રી વિષ્ણુનું પૂજન કરવું.

પછી પ્રણવમંત્રથી આધાર અને આજયભાગ નામની આહુતિઓ કરાવવી. ત્યારબાદ અષ્ટાક્ષર મંત્રથી આઠ આહુતિઓ આપીને ૐ ભૂ: સ્વાહા, ૐ ભુવઃ સ્વાહા, ૐ સ્વઃ સ્વાહા એ પ્રકારે ત્રણ આહુતિઓથી ક્રમ પ્રમાણે ભગવાન પુઢષોત્તમને હવન કરવો. પૂર્ણાહુતિ હવન કરવો, આચાર્યે જુદી-જુદી દિશાઓમાં પૃથક્ પૃથક્ પદ્મ વગેરે દેવતાઓનું સ્થાપન પૂજન કરવું જોઈએ.

## ૫.૨.૩ શિલાન્યાસ[૮]

| ક્રમ | દિશા | ચિહ્ન | વસ્ત્ર |
|---|---|---|---|
| (૧) | પૂર્વ | વજ્ર | પીળું |
| (૨) | અગ્નિ | અસિ | રાતું |
| (૩) | દક્ષિણ | દંડ | કાળુ |
| (૪) | નૈઋત્ય | ખડ્ગ | વાદળી |
| (૫) | પશ્ચિમ | પાશ | ગુલાબી |
| (૬) | વાયવ્ય | અંકુશ | સફેદ |
| (૭) | ઉત્તર | ગદા | લીલું |
| (૮) | ઈશાન | ત્રિશુલ | ધોળું |
| (૯) | મધ્યે | કૂર્મશિલા | પીળું |

આ નવે શિલાનાં વસ્ત્રો, આયુધો અને દિશાઓ જાણવી.

શિલા નીચે ત્રાંબાના નવ નિધિ કુંભો, ત્રાંબાનાં કોડીયાનાં સંપુટ સાથે મૂકવા. કલશમાં સપ્તધાન, પંચરત્ન, ધૃત, કોડી, ચણોઠી, પારદ, રોપ્યભસ્મ, ધરો, દાભ, પધરાવવા. સંપુટમાં પણ સપ્તધાન, ધરો, દાભ, પંચ નદીનાં પાણી સેવાળ, કલશનાં ગળે ગ્રીવાસૂત્ર બાંધવું. કલશ સંપુટ પધરાવી શિલાન્યાસ અગ્નિ આદિ દિશાથી સવ્ય દિશાએ કરવો. શિલા ઉપર શિલાનાં રૂપનાં અંગનાં અંગ ન દબાય તે રીતે સંપુટ મૂકવા. મૂળશિલા ઉપર સંપુટને બે અંગુલ કાણું પાડવું. તેની ઉપર નાભિનો પાઈપ ઉભો કરવો જે પ્રતિમાજીની ગાદી સુધી લઈ જવો.

## ૫.૨.૪ દ્વાર સ્થાપન મુહૂર્ત

પંચરત્નની પોટલી, વાસ્તુ પૂજન માટે ઉપર મુજબ લેવી. ઉત્તરંગ ઉપર લીલું રેશમી કપડું બાંધવું તથા ગજકર્ણ, કપડામાં હનુમાનજીની મળી, ત્રણ શેરીની ધૂળ બાંધવી, ગ્રીવા સૂત્રમાં, દાંતની વીંટી, લોહની વીંટી અને લીંબુ બાંધવું. ઉદુંબર ઉપર ૫દ પિત્તળનું, થાળી ચોખા ભરેલી વાટકી, ધૃત ભરેલી અને લોટો મગ ભરેલો મૂકવો.

પદ્મ, મહાપદ્મ, મકર, કચ્છપ, કુમુદ, આનન્દ, પદ્મ, શંખ જુદા-જુદા કલશોમાં સ્થાપિત કરવા. સર્વ ક્રિયાઓ ભકિત-ભાવ પૂર્વક કરવી. તે કલશોને હલાવવા નહિ. તેઓની નજીક પૂર્વ વગેરેનાં ક્રમ મુજબ ઈશાન ખૂણા સુધી એક-એક ઈંટ મૂકતા જાઓ. તે પછી શકિતનું સ્થાપન કરવું.

ત્યારપછી પ્રાર્થના કરી કહેવું કે,

"અહો મુનિવર અંગિરાની સુપુત્રી ઈષ્ટકાદેવી ! તમારું કોઈ અંગ તૂટયું કે ખરાબ થયેલું નથી, તમે તમારા સર્વ અંગોથી પરિપૂર્ણ છો. તમે મારું અભીષ્ટ પૂર્ણ કરો. હવે હું પ્રતિષ્ઠા કરી રહ્યો છું." એવી પ્રાર્થના-વિધિઓ કરીને તેમજ તે મુજબ શિલાન્યાસ માટેની ઈંટોની શ્રેષ્ઠ આચાર્યમંત્રોથી સ્થાપના કરવી તે સમયે આચાર્યને ગાય, વસ્ત્રો વગેરેનાં દાન અર્પિત કરવા. તેમજ અન્ય લોકોને પણ ભોજન કરાવવું. એવી રીતે ગર્ભપાત્ર રાખીને તે કુંડને ભરી દેવો તે પછીથી દેવાલયની ઊંચાઈનાં અનુસાર પ્રધાનદેવતાની પીઠનું નિર્માણ કરવું.

જે ઊંચાઈમાં દેવાલયનાં અડધા વિસ્તાર બરાબર હોય તે ઉત્તમપીઠ કહેવાય. પીઠબંધની ઉપર ફરીથી વાસ્તુદેવનું પૂજન કરવું જોઈએ. ફકત પાદુકાની પ્રતિષ્ઠા કરનારા મનુષ્ય પણ સર્વે પાપોથી રાહત થઈને તે દેવલોકમાં આનંદભોગ કરે છે.

ग्राममध्ये च पूर्वे च प्रत्यगद्वारं पकल्पयेत ।
विदिशासु च सर्वासु ग्रामे प्रत्येङ्मुखो भवेत् ।
दक्षिणं चोत्तरं चैव पमि प्राड्मुखो भवेत् ।। [१]

ગામની મધ્યમાં અથવા ગામની પૂર્વ દિશામાં જો દેવાલય બનાવવામાં આવે તો તેનો દરવાજો પશ્ચિમ દિશામાં રાખવો જરૂરી છે અને સર્વ ખૂણાઓમાંથી કોઈ એક ખૂણામાં બનાવવું હોય તો ગામની તરફ દરવાજો રાખવો. ગામથી ઉત્તર અથવા પશ્ચિમ દિશામાં દેવાલય બને તો તેનો દરવાજો જરૂરથી પૂર્વ દિશાની તરફ રાખવો જરૂરી છે.

## ૫.૨.૫ ખર શિલામાન

પ્રાસાદ છંદની ઉપર ઘણી મજબૂત અને સારી ખર શિલા (ખરશલ) બનાવવી. એક હસ્તનાં પ્રાસાદને છ અંગુલ જાડી બનાવવી. બે થી પાંચ હસ્તનાં પ્રાસાદને હસ્તે-હસ્તે એકેક અંગુલ વૃદ્ધિ કરવી. છ થી નવ હસ્તનાં પ્રાસાદને પ્રત્યેક હસ્તે અર્ધા-અર્ધા અંગુલ વૃદ્ધિ કરવી, દશથી ત્રીસ હસ્ત પ્રાસાદને પ્રત્યેક હસ્તે પા પા અંગુલ વૃદ્ધિ કરવી. એકત્રીસથી પચાસ હસ્તનાં પ્રાસાદને પ્રત્યેક હસ્તે

એકેક સુત વધારવું. આ પ્રમાણે પચાસ હસ્તનાં પ્રાસાદને વીસ અંગુલ જાડી શિલા બનાવવી.

'शिल्पस्मृतिवास्तुविद्यायाम्' માં કહ્યું છે કે –

अति स्थूला सुविस्तीर्णा प्रासाद धारिणी शिला ।
अतीव सुद्रढा कार्यां इष्टिका चूर्ण वारिभि ।। [१०]

પ્રાસાદને ધારણ કરવાવાળી ખર નામની શિલા અતિ સ્થૂલ અને સારી વિસ્તારવાળી બનાવવી. તે ઈંટ, ચૂના અને પાણીથી મજબૂત બનાવવી.

શિલાપ્રયત્ને કરીને તીક્ષ્ણ લેવી, સારી મજબુત સરખી લેવી. તેના ઉપર પ્રાસાદનાં છંદનો સૂત્રપાત કરવાનો છે. પહેલા ભિટ્ટની નીચે કૂર્મશિલાની જાડાઈથી અર્ધોમાનની ખરશિલાની જાડાઈ કરવી.

### ખરશિલામાન[૧૧]

| હસ્ત | અંગુલ | હસ્ત | અંગુલ | હસ્ત | અંગુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૧૮ | ૧૪ । | ૩૫ | ૧૭ ।।।-૧ |
| ૨ | ૭ | ૧૯ | ૧૪ ।। | ૩૬ | ૧૮ |
| ૩ | ૮ | ૨૦ | ૧૪ ।।। | ૩૭ | ૧૮-૧ |
| ૪ | ૯ | ૨૧ | ૧૫ | ૩૮ | ૧૮ । |
| ૫ | ૧૦ | ૨૨ | ૧૫ । | ૩૯ | ૧૮ ।-૧ |
| ૬ | ૧૦ ।। | ૨૩ | ૧૫ ।। | ૪૦ | ૧૮ ।। |
| ૭ | ૧૧ | ૨૪ | ૧૫ ।।। | ૪૧ | ૧૮ ।।-૧ |
| ૮ | ૧૧ ।। | ૨૫ | ૧૬ | ૪૨ | ૧૮ ।।। |
| ૯ | ૧૨ | ૨૬ | ૧૬ । | ૪૩ | ૧૮ ।।।-૧ |
| ૧૦ | ૧૨ । | ૨૭ | ૧૬ ।। | ૪૪ | ૧૯ |
| ૧૧ | ૧૨ ।। | ૨૮ | ૧૬ ।।। | ૪૫ | ૧૯-૧ |
| ૧૨ | ૧૨ ।।। | ૨૯ | ૧૭ | ૪૬ | ૧૯ । |
| ૧૩ | ૧૩ | ૩૦ | ૧૭ । | ૪૭ | ૧૯ -૧ |
| ૧૪ | ૧૩ । | ૩૧ | ૧૭ ।-૧ | ૪૮ | ૧૯ ।। |
| ૧૫ | ૧૩ ।। | ૩૨ | ૧૭ ।। | ૪૯ | ૧૯ ।।-૧ |
| ૧૬ | ૧૩ ।।। | ૩૩ | ૧૭ ।। | ૫૦ | ૧૯ ।।। |
| ૧૭ | ૧૪ | ૩૪ | ૧૭ ।।। | | |

### ૫.૨.૯ ભિટ્ટનિર્માણમાન

ખરશિલા ઉપર ભિટ્ટ કરવું. તે એક હસ્તનાં પ્રાસાદને ચાર અંગુલ ભિટ્ટનો ઉદય કરવો. પછી પ્રત્યેક હસ્તે અર્ધા–અર્ધા અંગુલની ભિટ્ટની વૃદ્ધિ પચાસ હસ્ત સુધી કરવી.

એક ભિટ્ટ, બે ભિટ્ટ અને ત્રણ ભિટ્ટ ઉપરા–ઉપર કરવા. એ ત્રણે પુષ્પયુકત કરવા. (૧) હર્ષ (૨) ધર્મ (૩) યશ નામ જાણવાં. ત્રીજા ભિટ્ટ ઉપર પુષ્પયુકત ચિપ્પિકાઓ કરવી. દરેક ભિટ્ટ પોતાનાં ઉદયથી સ્વમાનથી ચોથા ભાગે નિકાળાવાળા કરવા. રેખા, ભદ્ર, ઉપભદ્ર, રથ, ઉપરથ, કર્ણિકા એ માનથી ભિટ્ટ કરવું અને તે પીઠ ઉપર કરવું.

એક હસ્તના પ્રાસાદને ભિટ્ટ ચાર અંગુલનું કરવું. એકથી પાંચ હસ્ત સુધી એક–એક અંગુલ વૃદ્ધિ કરવી પાંચ થી દસ હસ્ત સુધી પોણો–પોણો અંગુલ વૃદ્ધિ કરવી. દસ થી વીસ હસ્ત સુધી અર્ધા–અર્ધા અંગુલ વૃદ્ધિ તથા વીસ થી પચાસ હસ્ત સુધી પા–પા અંગુલ વૃદ્ધિ કરવી. આ પ્રકારે ભિટ્ટનો ઉદય કલ્પવો. ભિટ્ટમાન ચાર અંગુલનું કરવું. એકથી પચાસ હસ્ત સુધી અર્ધા અંગુલની વૃદ્ધિ કરવી. આ રીતે અંતે પચાસ હસ્તમાં ૨૮ ॥ અંગુલ થશે.

## ૫.૩ પ્રતિમાના પ્રકારો[૧૨]

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભાગવદ્‌ના ૧૧માં સ્કંધમાં આઠ પ્રકારની પ્રતિમાનું નિરૂપણ કરે છે.

शैली दाढमयी लौही लेप्या लेख्या च सैकती
मनोमयी मणिमयी प्रतिमाष्टविद्या स्मृता ।। [१३]

### ✵ જેઠી મધનાં કાષ્ઠની બનાવેલી ભગવાન વિષ્ણુની પ્રતિમાની પ્રતિષ્ઠા

વરાહમહાપુરાણ અધ્યાય ૧૮૧ શ્લોક ૧માં પૃથ્વીએ વિષ્ણુને કહ્યું કે હે પ્રભો ! કાષ્ઠ, પાષાણ, મૃતિકા, તાંબુ, કાંસુ, રૂપું અને સુવર્ણ આદિની આપની બનાવેલી પ્રતિમામાં આપ કેવી રીતે રહો છો? આપની સ્થાપના અને પ્રતિષ્ઠા કેવી રીતે કરવી? તે આપ મને કહો! ત્યારે વરાહસ્વરૂપ ભગવાન વિષ્ણુ પૃથ્વીને કહેવા લાગ્યા, 'હે વસુંધરા! જે વસ્તુમાંથી મારી પ્રતિમા બનાવવી હોય તે લઈને મારા ચિહ્નોવાળી પ્રતિમા બનાવવી પછી તે પ્રતિમાની શુદ્ધિ કરીને શાસ્ત્રવિધાન અનુસાર તેની સ્થાપના અને પ્રતિષ્ઠા કરવી. ત્યારબાદ સંસારથી મુકિત પામવા માટે તેનું પૂજન કરવું. તેને ઈક્ષુરસ, પંચામૃત તથા શુદ્ધોદકથી સ્નાન કરાવવું. પ્રતિમાને વસ્ત્ર ઓઢાડી, ધૂપ અર્પી, નૈવેદ્ય ધરાવતો વિધિપૂર્વક સ્વસ્તિક, વર્ધમાન, શ્રીવત્સ તથા કૌસ્તુભ આદિ મંગળ આભૂષણોથી પ્રતિમાને શણગારવી. વિધિયુકત ભગવાનનું પૂજન કર્યા પછી પ્રાણાયામ કરવા. તે સમયે નીચેનો મંત્ર ભણવો.'

योऽसौ भवांस्तिष्ठिते च सर्वयोगप्रधानत ः ।
ससम्भ्रमं लोके सुप्रतीतस्तिष्ठ काष्ठे स त्वं भुवि ।।

"સર્વ લક્ષણોથી યુકત આપ પોતાના સ્વરૂપથી વ્યાપ્ત થઈને આદરપૂર્વક નિવાસ કરીને રહેલા છો, તે આપ કાષ્ઠની પ્રતિમામાં સ્થાપિત થાઓ."

અંતમાં કહ્યું છે કે હે પૃથ્વી! જેઠીમધનાં કાષ્ઠથી નિર્માણ કરેલી મારી પ્રતિમાનું શાસ્ત્રની વિધિ પ્રમાણે કરવાનું આ પૂજનકાર્ય ભાગવતધર્મની સ્થાપના માટે છે અને જે આ વિધાન પ્રમાણે સ્થાપન તથા પૂજન કરે છે તેને સંસાર પ્રાપ્ત થતો નથી એટલું જ નહિ તે ઈશ્વરનાં વૈકુંઠ ધામમાં નિવાસ કરે છે."

## ❋ ભગવાન વિષ્ણુની પાષાણ પ્રતિમાનું સ્થાપન અને પૂજન

શ્રી વરાહ કહે છે સારી રીતે તપાસીને એક સુંદર પાષાણ પસંદ કરવો. તે પછી તેના પર મારા સ્વરૂપના શિલ્પકામ માટે ચતુર શિલ્પીને શીઘ્ર નિયુકત કરવો. પછી શ્વેતવર્ણની પીંછીથી તે મનુષ્યે તેના પર સર્વ ચિહ્નોથી યુકત મારું સ્વરૂપ આલેખવું. તેની પ્રદક્ષિણા કરી અક્ષત, પુષ્પ, ચંદન આદિથી તેનું પૂજન કરવું. દીપ અર્પણ કરવો. ને દહીં, ભાતનું નૈવેદ્ય આપવું, 'નમો નારાયણાય' બોલીને નીચે લખેલો મંત્ર ભણવો.

योऽसौ भवांस्तिष्ठति सर्वरूप मायाबलं सर्वजगत्स्वरूपम् ।
एतेन मंत्रेण जगत्स्वरूप सम्पूजितस्तिष्ठसि लोकनाथ ।।

હે ભગવાન્! સર્વે જગત આપનું સ્વરૂપ છે. જગતરૂપ સ્વરૂપવાળા સર્વરૂપ હે પ્રભો! જગતનાં હે સ્વામી! આ મંત્રથી હું આ પ્રતિમાનું પૂજન કરું છું. તેથી આપ પૂજિત થઈને આમાં નિવાસ કરીને રહો.

પાષાણપ્રતિમા સ્થાપન કર્યા પછી પૂર્વાભાદ્રાપદા કે ઉત્તરાભાદ્રપદા નક્ષત્રોમાં મારી પ્રતિષ્ઠા તથા પૂજન આદિ કાર્ય કરવા. હે પૃથ્વી! મારી પ્રતિમાની જે મનુષ્ય સ્થાપના કરે છે તે મારો ઉપાસક વૈકુંઠધામને પ્રાપ્ત કરે છે.

"શંખ, ચક્ર, ગદા અને પદ્મ આદિ ચિહ્નો તથા લક્ષ્મીથી યુકત પ્રજવલિત અગ્નિ સમાન તેજવાળા આદિ પુરુષ હે નારાયણ! આપણે નમસ્કાર છે. આ મંદિરમાં આપ પ્રવેશ કરો. અનંતકાળ સુધી નિવાસ કરો." આ મંત્ર ભણીને મંદિરમાં ભગવાનની પ્રતિમાને પ્રવેશ કરાવવો. આ પ્રમાણે શાસ્ત્રોકત વિધિથી યુકત વસ્ત્ર અર્પી કેસર અને અગરૂ મિશ્રિત ધૂપ અર્પણ કરવો.

હે ભૂમિ! સર્વ અહંકારથી રહિત થઈને જે મનુષ્ય ભગવાનની સ્થાપના કરે છે તેના સાતસો સિત્તોતેર કુળનો ઉદ્ધાર થાય છે.

## ❋ મૃત્તિકાશિલ્પ (ટેરાકોટા) પકવેલી માટીની આકૃતિઓ

પથ્થર અને ધાતુ શિલ્પો હોવા છતાં માટીની કલા હડપ્પા નગર સંસ્કૃતિમાં મોટા પ્રમાણમાં દેખાય છે. માટીકામની પરંપરા ત્યાર પછીનાં તબકકાઓમાં જોઈ શકાય છે. સામાન્ય જનસમાજને

પોતાના કલાના ભાવ વ્યકત કરવા માટેનું માટી માનીતું સાધન છે. ભારતભરનાં પ્રાચીન સ્થળો અને તેમાં પણ ખાસ કરીને નદી કિનારાનાં પ્રદેશોમાંથી માટીની સંખ્યાબંધ આકૃતિઓ ઉત્ખનન દ્વારા પ્રાપ્ત કરાઈ છે.

પ્રાગૈતિહાસિકયુગ અને ત્યારપછીના ઐતિહાસિકયુગમાં માટીકામની કલાએ અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ગુપ્તકાળમાં સ્થાપત્યના ક્ષેત્રમાં માટીનો ઉપયોગ વધવા લાગ્યો. ઈંટોનાં ચણતરની પ્રવૃત્તિ વધી. પરિણામે પકવેલી માટીનું કલાક્ષેત્ર વધ્યું. પ્રણાલીગત પદ્ધતિ ઉપરાંત માટીકલા સ્થાપત્યનાં સુશોભનમાં વપરાવા લાગી. કોતરેલી ઈંટો અને મનુષ્ય અને પશુઓની તેમાં કંડારેલી આકૃતિઓ, વેલબુટ્ટાની ડીઝાઈનો જણાવા લાગી. આવી આકૃતિઓ અને ડીઝાઈનો મુખ્યત્વે હારવાન (કાશ્મીર), બિકાનેર (રાજસ્થાન), મિરપુર ખાસ (સિંધ) સાહેઠ, માહેઠ, ભિતરગાંવ અને કાસિઆ (ઉત્તર પ્રદેશ) અને મહાસ્થાન (બંગાળ)માંથી મળી આવી છે. ધાર્મિક સ્થાનો અને મંદિરોની દીવાલો શણગારવા માટે પકવેલી માટીની તખ્તીઓમાં દૈવી આકૃતિઓ, અર્ધદૈવી આકૃતિઓ, પૌરાણિક પ્રસંગો, લોકકથાઓ અને રોજિંદા જીવનનાં દશ્યો કોતરવામાં આવતા. આ રીતે પકવેલી માટીનાં ઉપયોગ પથ્થરની આકાર બનાવવાની કલા સાથે સરખાવી શકાય.

અભિજ્ઞાન શાકુન્તલનાં સાતમાં અંકમાં તે વાત રજૂ થઈ છે.

દા.ત. તાપસી : સર્વદર્મન, શકુન્તલાવણ્ય (પક્ષીનું સૌંદર્ય) જો

બાલક : (ચારે બાજુ જોતો) મારી મા શકુન્તલા કયાં છે?

બંને – માતૃવત્સલબાળક, નામ સાદશ્યથી છેતરાયું.

દ્વિતીયા – વત્સ, તને તો માટીના બનાવેલા મોરનું સૌંદર્ય જોવાનું કહયું છે.

અહીંયા પકવેલી માટીનું સૌંદર્ય અહીંયા જોવા મળે છે. માટીના ઉપયોગ દૈવી આકૃતિઓ અને દૈવીકથાઓમાં પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

**સ્વતંત્ર દૈવી આકૃતિઓ** પણ માટી અને પકવેલી માટીમાંથી બનાવવામાં આવતી. આવી મૂર્તિઓનાં માત્ર છૂટા છવાયા મસ્તક મળ્યા છે. આ મસ્તકમાંનો ભાવ આધ્યાત્મિક જણાતો નથી.

કવિ કાલિદાસના **કુમારસંભવ**માં પાર્વતીના તેમજ **મેઘદૂતમાં** યક્ષપત્નિના દેહ સૌંદર્યનું વર્ણન આવે છે તે જ સૌંદર્ય આ માટીની શિલ્પ આકૃતિમાં પ્રતિબિંબિત થતું લાગે છે. તેનો સમગ્ર દેખાવ લાવણ્યમયી અને દૈવી જણાય છે.

રમકડાં ઉપરાંત ધાર્મિક કાર્ય માટે પકવેલી માટીનો ઉપયોગ આજે પણ થાય છે. દક્ષિણ ભારતમાં માનતા સંબંધી માટીનાં રમકડાં–ઘોડા અને હાથીઓ સંખ્યાબંધ ઐઈનાર (Aiyanar)ના મંદિરની પાસે મૂકવામાં આવે છે. મહારાષ્ટ્રમાં વિનાયક ચતુર્થીને દિવસે ગજાનન સુંદર કલાત્મક

મૂર્તિઓ માટીમાંથી બનાવવામાં આવે છે. વળી, **મણ્ણારગુડી**નાં કૃષ્ણનાં મંદિરમાં સંતાનગોપાલને સેંકડોની સંખ્યામાં બાળકોની આકૃતિઓ અર્પણ કરવામાં આવે છે. ભારતમાં બીજા ભાગોમાં પણ માનતાનાં રમકડા તૈયાર કરવામાં આવે છે. બંગાળમાં સરસ્વતી અને દુર્ગા પૂજા વખતે કુંભાર માટીની ભવ્ય મૂર્તિઓ બનાવે છે. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે મોહે-જો-દડોના સમયથી આજ સુધી માટીની આકૃતિઓ બનાવવાની પ્રણાલી ચાલુ રહી છે. આ સુંદર અને મનોરમ્ય આકૃતિઓ માટીની કલામાં વ્યકત થયેલી છે.

### ❋ મૃત્તિકાની બનાવેલી ભગવાનની પ્રતિમાની સ્થાપના

ભગવાન કહે છે કે મારા ઉપાસકે **માટીની પ્રતિમા** બનાવડાવી શ્રવણ નક્ષત્રનાં શુભ મુહૂર્તમાં તેની પ્રતિષ્ઠા કરવી અગાઉ જણાવ્યા પ્રમાણે મંત્રોચ્ચાર પૂર્વક પ્રથમ સ્થાપના કરવી પછી પંચગવ્ય તથા ચંદન મિશ્રિત જળ થી સ્નાન કરાવવું તે સમયે આ મંત્ર ભણવો, "હે ભગવન્! આપે જ આ જગત સર્જ્યું છે, આપની કૃપાથી જગત ઉત્પન્ન થયું છે. આ મૃત્તિકાની પ્રતિમામાં વસો. આપ સાધનરૂપ જગતનાં ઉપાદાન અને નિમિત્ત કારણ છો! આમ, કહી પ્રથમ તથા ચાર કળશની સ્થાપના કરવી પછી વિધિપૂર્વક મારા ભકતે મને પુષ્પ આદિથી પૂજન કરી સ્નાન કરાવી, અગથ, કપૂર તથા કેસરનો ધૂપ ભગવાનને અપર્ણ કરવો. ધૂપ, વસ્ત્રાદિથી ભગવાન નારાયણનું પૂજન કરી, નૈવેદ્ય અર્પણ કરવું. નીચે લખેલો મંત્ર બોલવો.

शान्तिर्भवतु देवानां ब्रह्मक्षत्रविशां तथा ।
शान्तिर्भवतु वृद्धानां बालानां शान्तिरुत्तमा ।।
देवो वर्षतु पर्जन्यः पृथिवी सस्यपुरिता ।।

"દેવોને, બ્રાહ્મણોને, ક્ષત્રિયોને, વૈશ્યોને તથા બાળકોને શાંતિ પ્રાપ્ત થાઓ. ભગવાન નારાયણ જળની વૃષ્ટિ કરે અને પૃથ્વી ધાન્યથી પરિપૂર્ણ થાય." આ મંત્રથી શાંતિ માટે ભગવાનને પ્રાર્થના કરવી. તે પછી ભગવદ્દ્ભકતોનું પૂજન કરી બ્રાહ્મણોનું પૂજન અને તેમનાં ગુણોનું કીર્તન કરવું. તેમને પ્રણામ કરી દક્ષિણા આપવી. પછી ઉત્સવમાં આવેલા મનુષ્યોને વસ્ત્ર તથા અલંકારભૂષણ આદિ આપી સત્કાર કરવો. ઉપાસકે શાસ્ત્રવિધિ અનુસાર ગુરૂનું પૂજન કરવું. ગુઢનું પૂજન ભગવાનના પૂજન સમાન છે.

ફળ કથનઃ- અહીંયા જણાવેલી વિધિ પ્રમાણે કરવાથી ૧૦૩ કુળનો ઉદ્ધાર થાય છે. ભગવાનનું પૂજન કરવાનાં સમયે જળનાં જેટલાં બિંદુઓ પડે, તેટલા હજાર વર્ષ સુધી તે મનુષ્ય ભગવાનના ધામમાં આનંદનો ઉપભોગ કરે છે.

### ❋ તાંબાની પ્રતિમાની સ્થાપના

શ્રીવરાહ બોલે છે કે તાંબામાંથી મારી સુંદર અને તેજસ્વી પ્રતિમા બનાવી શાસ્ત્રવિધિ અનુસાર તે મંદિરમાં લાવી. ચિત્રા નક્ષત્રમાં ઉત્તરાભિમુખે તેની સ્થાપના કરવી પછી ચંદન, કેસર, સુગંધી વાળો અને અગરૂ આદિ સર્વગંધ અને પંચગવ્યમિશ્રિત જળથી મૂર્તિને સ્નાન કરાવી શાસ્ત્રવિધિ

અનુસાર સ્થાપના કરવી. મૂર્તિ પૂજન કરવું. મંડપમાં મંગળ વસ્તુઓ મૂકવી તથા કળશ સ્થાપન કરવું. ઉપાસકે સુગંધી દ્રવ્ય તથા પંચગવ્યયુકત જળથી મૂર્તિને સ્નાન કરાવી મંત્ર બોલતા કહેવું આપ, પોતે જ પ્રકાશરૂપ, પવન જેવી ગતિવાળા સર્વ પ્રાણીઓના સ્રષ્ટા, બ્રહ્મા, વિષ્ણુ તથા જીવનરૂપ છો. હે ભગવન્! આપ અહીં નિવાસ કરો. હે પુ ઢષોત્તમ! આપને મારી પ્રાર્થના છે.

ॐ प्रकाश प्रकाश जगत्प्रकाश विज्ञानमया नन्दमय त्रैलोक्यनाथाधागच्छ इह सन्तिष्ठतां भवान्पुरूषोत्तम मामव इति ।।

સર્વ પદાર્થોને વ્યકત કરનારા પ્રકાશરૂપ હે ભગવન્! જગતરૂપ વ્યકતસ્વરૂપવાળા હે પ્રભુ! વિજ્ઞાનમય અને આનંદમય હે ત્રૈલોકયનાથ! અહીં પધારો.

આ રીતે શાસ્ત્રવિધિ અનુસાર સ્થાપના કરી. શ્વેત વસ્ત્ર ભગવાનને અર્પણ કરી, શીઘ્ર પૂજન કરી અને દેવોને શાંતિ પ્રાપ્ત થાઓ. બ્રાહ્મણો સકલ રાષ્ટ્રને, રાજાઓને વૈશ્યોને, બાળકોને ગર્ભિણીને તથા સર્વમનુષ્યોને શાંતિ પ્રાપ્ત થાઓ.

આ પ્રમાણે શાંતિપાઠ કર્યા પછી બ્રાહ્મણો, ગુઢ ભગવદ્ભકતોનું વિધિ પ્રમાણે પૂજન કરવું.

ફળકથનઃ- જે માણસ અહીં જણાવેલા વિધાનથી ભગવાનની સ્થાપના કરે છે તેના ત્રણ કુળ નો ઉદ્ધાર થાય છે. સ્નાન કરાવતી વખતે જળનાં જેટલા બિંદુઓ થાય તેટલા હજાર વર્ષ સુધી ભગવાનનો ઉપાસક લોકમાં આનંદનો ઉપભોગ કરે છે.

जलस्य बिन्दवो यावन्मम स्नाने च सुन्दरि । तावद्धर्षसहस्राणि मम लोके महीयते ।।

## ✵ કાંસાની પ્રતિમાની સ્થાપના

શાસ્ત્રવિધિયુકત સર્વઅંગોથી યુકત ભગવાન નારાયણની કાંસાની સુંદર અને નિર્મળ સંપૂર્ણ પ્રતિમા બનાવવી, પુષ્કળ સ્તુતિપાઠ તથા ગીત વાજિંત્રોના નાદ સાથે જયેષ્ઠ નક્ષત્રમાં મંદિરમાં લાવવી વિધિપ્રમાણે અર્ધ્ય આપી તેની સ્થાપના કરવી.

શાસ્ત્રવિધિપ્રમાણે અર્ધ્ય અર્પણ કરી પ્રતિમાની ઉત્તરાભિમુખ સ્થાપના કરવી, પંચગવ્યથી યુકત સર્વગંધજળ, ડાંગરની ધાણી અને ખાસ કરીને મધથી પૂર્ણ કરી મંત્રોચ્ચાર સાથે સ્નાન કરાવવા માટે ચાર કળશોનું સ્થાપન કરવું. મંદિરના દ્વાર પાસે કાંસાની મૂર્તિ રાખીને 'નમો નારાયણાય' બોલ્યા પછી મંત્ર ભણવો.

ॐ इन्द्रो भावास्त्वं च यमः कुबेरो जलेश्वरः सोमबृहस्पती च । शुकः शनैश्वर बुर्धै सह सैहिकेयकेत् रविव धरात्मजस्त्वम् । तथैव सर्वौषधयो जलानि वायुं पृथ्वी च स वायुसारथि ः। नागा ः सपक्षा दिशं सर्वास्तस्मै नमस्ते पुरूषोत्तमाय इति ।।

આપ ઈંદ્ર છો, યમ છો, કુબેર છો, વરૂણ છો, મંગળ, સોમ, બૃહસ્પતિ, શુક્ર, શનૈશ્વર, બુધ, રાહુ, કેતુ અને સૂર્ય આદિ નવગ્રહ આપનાં જ રૂપ છે. સર્વ પ્રાણીઓનું બળ આપ છો. હે પુઢષોતમ !

આપને નમસ્કાર હો. આ જ મંત્રથી પૂજનકર્મ કરવું, પ્રતિમા મંદિરમાં લાવી, સ્નાન કરાવી, શક્તિ અનુસાર ગંધ પુષ્પ, ધૂપ, દીપથી પૂજન કરી, ચરણોમાં વંદન કરી, વિધિપૂર્વક નૈવેદ્ય અર્પણ કરવું. આ પ્રસંગે બ્રાહ્મણોને વિદાય આપી, પૂજનકર્તાના આચાર્યને સુવર્ણ-વસ્ત્ર આપી, સન્માન કરવું.

ફળકથન :- શાસ્ત્રવિધિ અનુસાર કાંસાની પ્રતિમાની સ્થાપના કરનારા મનુષ્યનાં માતાનાં તથા પિતાના કુળનો ઉદ્ધાર થાય છે.

## ✵ રૂપાની પ્રતિમાની સ્થાપના

ચંદ્રની જયોત્સના જેવી ધવલ, લીસી, વ્રણરહિત લક્ષ્મી સહિત તથા મનને આનંદ આપે તેવી સર્વ બાજુએથી કાંતિમાન અને કલ્યાણકારી પ્રતિમા બનાવવી. ગીત, વાંજિત્ર, શંખ અને નગારાનાં ધ્વનિ સાથે મંગલસ્તુતિ ભણતાં-ભણતાં મંદિરમાં લાવવી.

પ્રતિમાને ઉત્તરાભિમુખે સ્થાપના કરવી. કર્ક રાશિમાં સૂર્યે સંક્રમણ કરેલું હોય તે દિવસોમાં આશ્લેષા નક્ષત્રમાં, સૂર્યાસ્ત સમયે મંત્રોચ્ચાર સહિત વિધિપૂર્વક મંદિરમાં સ્થાપન કરવું. ચાર કળશ તૈયાર કરી ચંદનમિશ્ર કરેલું જળ ભરવું, સર્વોષધિ નાખી, આમ્રપલ્લવોથી વિભૂષિત કરી, શીતળ જળ ભરેલા કળશને પધરાવવો. પછી પ્રતિમાનું સ્થાપન કરી, વિધિપૂર્વક સ્નાન કરાવી, પ્રતિમાનું પૂજન કરવું. નીલવર્ણનાં વસ્ત્ર અર્પણ કરવા. ભૂમિ પર ઢીંચણ ટેકવીને નમો નારાયણાય મંત્ર ભણવો.

यौऽसौ भवांश्चन्द्र रश्मिप्रकाशः शंखेन कुंदेन समानवर्णः । क्षीरोज्ज्वलः कौमुदवर्ण देव वस्त्राणि गृहीष्व मम प्रियाय ।। वेष ः सुवेष ः अनन्त ः अमर ः मारण ः कारण ः सुलभ ः दुर्लभ ः श्रेष्ठः सुवर्चा इति ।।

ચંદ્રનાં કિરણ જેવા પ્રકાશમાન, શંખ, અને કુંદ અર્થાત ચમેલીનાં પુષ્પ જેવા શુભ્ર અને કોમળ શરીરવાળા, દૂધના જેવા ઉજજવળ તથા કમળ જેવા વર્ણવાળા હે દેવ! મારી પ્રીતિ માટે આ વસ્ત્ર આપ ગ્રહણ કરો. વસ્ત્રરૂપ છો, અંતરહિત છો, અવિનાશી છો, દુષ્ટોનાં સંહારક છો, જગત આપનું જ સ્વરૂપ છે, સુલભ છો.

ત્યારપછી નૈવેદ્ય અપર્ણ કર્યા પછી આચમન કરાવી શાંતિપાઠ કરવો. બ્રાહ્મણો, વડીલોને જમાડી, સત્કાર કરવો.

ફળકથનઃ- જે બુદ્ધિમાન મનુષ્ય અહીં જણાવેલા વિધાન પ્રમાણે ભગવાનની રૂપાની પ્રતિમાનું પૂજન કરે છે તેના પિતૃકુળમાં તથા માતૃકુળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોનો ઉદ્ધાર થાય છે.

## ✵ સુવર્ણની પ્રતિમાની સ્થાપના અને પૂજન

સુવર્ણની પ્રતિમા બનાવીને ભગવાનની રૂપાની પ્રતિમાના જેવું જ અને તે જ વિધિ પ્રમાણે આવાહન આદિ કરવું. કાષ્ઠ, પાષાણ, કાંસુ તથા રજત અર્થાત રૂપુ આદિથી પૂજન કરવાથી જે ફળ મળે તેનાથી કરોડગણું ફળ ભગવાનની સુવર્ણ પ્રતિમાનું પૂજન કરવાથી મળે છે.

સુવર્ણ પ્રતિમાનું પૂજન કરનારા ઉપાસકનાં ૨૧ લાખ કુળનો ઉદ્ધાર થાય છે. ઉપાસક મુક્ત થાય છે. ભગવાનનાં સ્વરૂપમાં લીન થાય છે.

મત્સ્યમહાપુરાણમાં પણ અધ્યાય-૨૬૪માં પ્રતિષ્ઠાનું કીર્તન નામના અધ્યાયમાં જુદા-જુદા દેવતાઓની પ્રતિષ્ઠાવિધિ શ્લોક ૧ થી ૪૦માં કહી છે.

## ૫.૪ આવશ્યક તત્ત્વ (દિવ્યરસાનુભવ)

ભાસનાં **'પ્રતિમાનાટક'**માં પ્રાચીન કાળમાં પ્રતિમા સૌંદર્યનું વિવેચન કેમ થતું તેનો સરસ ઉલ્લેખ મળે છે જેમ કે-

મોસાળથી અયોધ્યા જતો ભરત કે જેને પિતા દશરથનાં અવસાનની ખબર નથી તે અયોધ્યા નજીક ઉપવનમાં વિરામ કરે છે અને ત્યાં તેને દેવકુલ દેખાય છે. ત્યાં જઈને તે દેવતાની પૂજા કરવા અને વિશ્રામ લેવા ઈચ્છે છે. જૂએ છે તો પુષ્પ અને 'લાજ' (એક જાતનું અનાજ)ની સુંદર રીતે રચેલી પૂજા સામગ્રી, ચંદનનાં હાથનાં થાપાથી અંકિત ભિત્તિઓ, પુષ્પમાળાઓથી શોભતા દ્વારો અને ચારે બાજુથી વેરેલી વેળુ જુએ છે. એને પ્રશ્ન થાય છે કે આ કયા દેવનું સ્થાન હશે પણ ત્યાં તેને કોઈ દેવનું આયુધ, ધ્વજ કે બાહ્ય ચિહ્ન દેખાતું નથી. જેથી તે કોનું છે તેનું અનુમાન કરી શકે. અંદર પ્રવેશ કરીને જુએ છે તો એને ચાર મૂર્તિઓનો સ્તોમ (સમુદાય) નજરે પડે છે. એ જોઈને એના હૃદયમાંથી ઉદ્ગાર નીકળે છે : अहो क्रियामाधुर्य पाषाणानाम् । દેવોની છતાં આ મૂર્તિઓ મનુષ્યનો વિશ્વાસ જગાવે છે કે શું આ કોઈ ચતુર્દૈવત સ્તોમ છે? ગમે તે હોય, મારા મનમાં અત્યંત હર્ષ થાય છે. ત્યાં દેવકુલિક પ્રવેશ કરે છે. ભરતને જોઈને પ્રશ્ન થાય છે કે આ પ્રતિમાઓને મળતી આકૃતિવાળો કોણ પ્રતિમાગૃહમાં પ્રવેશ કરે છે?

ભરતને ક્રમે-ક્રમે ખબર પડે છે કે આ પ્રતિમાઓ દેવોની નથી પણ ક્ષત્રિયોની છે. તે તેના પૂર્વજોની છે. આ સંદર્ભમાં કેટલીક બાબતો જાણવા મળે છે.

પ્રથમ તો પૂર્વજોનાં મંદિરમાં કંઈપણ આયુધ, ધ્વજ તથા કંઈક દેવચિહ્ન હોય નહિ, અર્થાત્ કે મંદિરો ઓળખવા માટે તેના ઉપર ધ્વજ કે આયુધ જેવા દેવચિહ્નો હોય છે. ભરતની આકૃતિ પ્રતિમાઓને મળતી છે તે ઉપરથી તે ઈશ્વાકુ રાજાઓની હૂબહૂ મૂર્તિઓ છે. એમ અનુમાન થાય છે અર્થાત કે હાલમાં જેમ પ્રસિદ્ધ પુઢષોનાં તેમની આકૃતિ અને મનોભાવ દર્શાવતા બાવલાઓ થાય છે. તેવી જ આ હશે પણ સૌથી મહત્ત્વનો નિર્દેશ તો શિલ્પકલાનું વિવેચન જે બે શબ્દોમાં આપ્યું છે તેમા છે. "પાષાણોનું ક્રિયામાધુર્ય અને આકૃતિઓની ભાગગતિ અને દેવો અને માનવોની મૂર્તિઓનો ભેદ."

જેમ કાવ્ય અને નાટયમાં માધુર્યગુણની અને ભાવગતિની અપેક્ષા છે, તેમ શિલ્પમાં પણ છે. આ સૂચવે છે કે જેમ નાટય અને કાવ્યમાં ભાવ અને રસનું તત્ત્વ સ્વીકારાયું હતું તેમ શિલ્પાદિક બીજી કલાઓમાં પણ ભાવ અને રસનાં તત્વોને સ્થાન મળ્યું હતું.

મનોભાવોને ઉત્પન્ન કરનારા કારણો, ઉત્પન્ન થયેલા મનોભાવોના કાર્યો અને સાથે આવતી

જતી લાગણીઓ, સ્થાયીભાવો, જાગૃત કરવાની સામગ્રી મનાય છે. કાવ્ય, નાટય વગેરે કલાઓમાં આ કારણાદિની અનુકૃતિ થાય છે અને તેથી તેમાં પણ તે ભાવો આસ્વાદાય છે. શાસ્ત્રીય પરિભાષામાં કલામાં આસ્વાદિત થતાં ભાવો ને "રસ" કહેવાય છે અને કારણોને વિભાવ (વિપરીતભાવ), કાર્યોને અનુભાવ (પ્રભાવ) અને જતી આવતી લાગણીઓને સંચારીભાવ (વ્યભિચારી) કહેવાય છે.

ચિત્ર અને શિલ્પમાં પણ ભાવ અને રસના તત્ત્વો અભિપ્રેત છે. નાટયશાસ્ત્રમાં આઠ કે નવ રસ - પ્રસિદ્ધ છે. શૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્‌ભૂત કેટલાકના મતે નવમો રસ શાંત આ રસોના નવ સ્થાયીભાવો છે.

શિલ્પ અને ચિત્રમાં જુદા-જુદા ભાવો અને રસોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

વિષ્ણુધર્મોત્તર પુરાણ[૬૪]માં રસદષ્ટિ આપેલી છે. આ રસદષ્ટિ નવ છે. (૧) કાન્તા (૨) ભયાનકા (૩) હાસ્યા (૪) કરૂણા (૫) અદ્‌ભુતા (૬) રૌદ્રા (૭) વીરા (૮) બીભત્સા (૯) શાન્તા

**નવ સ્થાયીભાવદષ્ટિ-** સ્નિગ્ધા, હૃષ્ટા, જિહ્‌મા, ક્રુદ્ધા, ભીતા, લજિજતા, દપ્તા, વિસ્મિતા, સૌમ્યા **અઢાર દષ્ટિઓ** - મલિના, આકેકરા, શાન્તા, અભિતપ્તા, વિપ્લુતા, વિષણ્ણા, શંકિતા, ત્રસ્તા, શોકા, નિમીલિતા, વિભ્રાન્તા, કચિતા, શૂન્યા, મુકુલા, વિતર્કિતા, મદિરા, લલિતા, ગ્લાના.

આ રીતે એક બાજુએ આંગિક અભિનય અને નૃત્ય અને બીજી બાજુએ ચિત્ર અને શિલ્પનો ભારતીય સંસ્કૃતિમાં જે સંબંધ છે તે વ્યકત થાય છે. આનું સમર્થન હાલમાં મોજૂદ એવા શિલ્પોના તેમજ ચિત્રનાં અવશેષોમાંથી મળે છે. બીજી રીતે કહીએ તો શિલ્પોને સમજવા માટે આંગિક અભિનયો અને તેમાં દષ્ટિનું તત્ત્વ ધ્યાનમાં રાખવું ઉપયોગી થઈ પડે છે.

આ રીતે ભારતીય સંસ્કૃતિમાં કાવ્ય, નાટય, નૃત્ય, ગીત અને વાદ્યમાં **રસનું તત્વ** નિયામક બનતું જાય છે.

સ્થાપત્યકલામાં આઠ રસોની ભૂમિકારૂપ ચાર કે પાંચ મનોવસ્થા- વિકાસ, વિસ્તર, ક્ષોભ, વિક્ષેપ અને દ્રુતિ છે. તે ધ્યાનમાં લઈને સ્થાપત્યને સમજવા માટે દષ્ટિ મળે છે.

લોકવ્યવહારના આધારે રહેલી કલાઓમાં જે રસાસ્વાદ આવે છે. તેમાં આની આજ કલાઓ ધર્મમંદિરમાં સ્થાન પામતાં તેમા એક દિવ્યભાવનું તત્ત્વ ઉમેરાય છે અને તેથી તેમાં થતો રસાસ્વાદ એક રીતે લોકોત્તર ભૂમિકાનો બને છે. આવા રસાનુભવને લોકોત્તર કે દિવ્યરસાનુભવ પણ કહી શકાય. આવો અનુભવ પ્રાચીન મંદિરો તથા શિલ્પોનું દર્શન કરતાં થાય છે. તેથી દિવ્યરસાનુભવ અગત્યનું અંગ છે.

## ૫.૫ મૂર્તિ સંબંધી વિવિધ ઉલ્લેખો

### ❋ ભૂમિકા

ઋષિએ સમાધિમાં ભગવાનનું જે રૂપ જોયું, તેની સ્મૃતિરૂપે જે વર્ણન કર્યું, તે મુજબ જ

શિલ્પીએ મૂર્તિ ઉભી કરી. આવી મૂર્તિ જ અટલ સત્ય અને શાસ્ત્રીય છે. વિષ્ણુ, શિવ, કૃષ્ણ આદિ મૂર્તિઓ છે. ઋષિઓને ચિત્ત એકાગ્ર કર્યા પછી જે રૂપમાં ભગવાન જોવા મળ્યા તે પૂર્ણતાનું રૂપ છે. જે રૂપમાં ભગવાન જોવા મળ્યા તે પૂર્ણતાનું રૂપ છે. જે રૂપમાં ભગવાન તેમને દેખાય તે રૂપનું વર્ણન તેમણે કર્યું અને તે મુજબ શિલ્પીએ મૂર્તિઓ રચી છે.

વેદમાં મૂર્તિની કલ્પના જોવા મળે છે.

હે શંકર! તારી જે મૂર્તિ અમારા પર અનુગ્રહ કરવાવાળી, મંગલમય તેમજ હિંસાદિ અનિષ્ટ ન કરવાવાળી છે. કૈલાસ પર્વત પર રહીને સુખદાયી તેમજ કલ્યાણમય દેહથી તું અમારી સામે પ્રગટ થા. અર્થાત આવી તારી મૂર્તિને પ્રગટ કરીને અમને સુખી બનાવ.[૧૫] અહીં આપણને ભગવાનની રૂદ્ર પ્રતિભાવનાં તેમજ કલ્યાણમયી એવી મૂર્તિનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. યોગદર્શનમાં કહ્યું છે કે

देशबन्धतिस्य धारणा । [१६]

એક ઠેકાણે આકાર બાંધી રાખો જેથી મન તેમા એકાગ્ર થાય. 'દેશબંધ' અભ્યાસ માટે જરૂર છે. અભ્યાસ 'દેશબંધ' કે 'મૂર્તિ' વગર વિકારો ઓળખવા તેમજ કેવળ આત્મનિરિક્ષણ કરીને તલ્લીન થવાનો પ્રયત્ન કરવો માનવી માટે કઠણ છે. તેથી મૂર્તિની આવશ્યકતા છે.

## ❋ મનુસ્મૃતિ

संक्रमध्वजयष्टीनां प्रतिमानां च भेदक ः ।
प्रतिकुर्याच्च तत्सर्व यच्च दध्याच्छतानि च ।। [१७]

"નદી ઉપરનાં પથ્થરનાં, લોઢાનાં કે લાકડાનાં પુલો, રાજમહેલના બારણા પર ઉભી કરેલી ધજાઓ, લાકડાઓ, પથ્થરની મૂર્તિઓને ભાંગનારાઓને પાંચસો પણ દંડ આપવો અને ભાંગી તોડી નાખેલી સર્વ વસ્તુને પાછી નવી કરાવવી."

इदं विष्णुर्विचक्र मे त्रेघा निदधे पदम् । समूहवमस्य पांसुरे [१८]

"(જયારે) વ્યાપક વિષ્ણુ ભગવાને દશ્ય જગતમાં વિશેષ સ્વરૂપે ભ્રમણ કર્યું ત્યારે ત્રણ પ્રકારે પોતાના ચરણની રક્ષા કરી. વ્યાપક પરમાત્માનાં, ધૂળથી ભરાયેલા ચરણોમાં આ આખું જગત અન્તર્ભૂત છે."

તુ અમારા વીરોની, તારી દવાઓથી સારી રીતે યોજના કર. હે શંકર, તને વૈદ્યલોકમાં ઉત્કૃષ્ટ વૈદ્ય તરીકે સાંભળું છું. [૧૯]

## ૫.૬ મૂર્તિઓનાં વિવિધ સ્વરૂપો

દેવોનાં-દેવીઓનાં શસ્ત્રો, વાહન, પ્રિયભોજન દેખાવ આદિને ધ્યાનમાં લઈ વિધ-વિધ

પ્રકારનાં નામો આપેલ છે જે નિમ્નાનુસાર છે.

### શ્રીગણેશનાં નામો[20]

'शिल्पस्मृतिविद्यायाम्' ગ્રથના ઉત્તરાર્ધમાં દેવતામૂર્તિ સ્વરૂપ લક્ષણાધિકાર નામનાં તેરમાં અધ્યાયમાં વિધ-વિધ નામો આપેલા છે.

(૧) શ્રી ગણેશ (વિનાયક) (૨) હેરંબ (૩) વક્રતુંડ (૪) બાલગણપતિ (૫) તઢણ ગણપતિ (૬) ભકત ગણપતિ (૭) વીર ગણપતિ (૮) શકિત ગણપતિ (૯) દ્વિજ ગણપતિ (૧૦) સિદ્ધ ગણપતિ (૧૧) ઉચ્છિષ્ઠ ગણપતિ (૧૨) વિઘ્ન ગણપતિ (૧૩) ક્ષિપ્ર ગણપતિ (૧૪) હેરંબ ગણપતિ (૧૫) લક્ષ્મી ગણપતિ (૧૬) મહાગણપતિ (૧૭) વિજય ગણપતિ (૧૮) ઉર્ધ્વ ગણપતિ (૧૯) એકાક્ષર ગણપતિ (૨૦) વરગણપતિ (૨૧) અક્ષર ગણપતિ (૨૨) ક્ષિપ્ર ગણપતિ (૨૩) હરિદ્રા ગણપતિ (૨૪) એકદંત ગણપતિ (૨૫) સૃષ્ટિ ગણપતિ (૨૬) ઉદંડ ગણપતિ (૨૭) ઋણ મોચક ગણપતિ (૨૮) ઢુંડિ ગણપતિ (૨૯) દ્વિમુખ ગણપતિ (૩૦) ત્રિમુખ ગણપતિ (૩૧) સિંહ ગણપતિ (૩૨) યોગ ગણપતિ (૩૩) દુર્ગા ગણપતિ (૩૪) સંકષ્ટહર ગણપતિ (૩૫) વિનાયક

### સુબ્રહ્મણ્ય (કાર્તિક સ્વામી)નાં નામો

(૧) જ્ઞાનશકિત સુબ્રહ્મણ્ય (૨) સ્કંધ સુબ્રહ્મણ્ય (૩) અગ્નિજાત સુબ્રહ્મણ્ય (૪) સૌરભેય સુબ્રહ્મણ્ય (૫) ગાંગેય સુબ્રહ્મણ્ય (૬) ષણ્મુખ સુબ્રહ્મણ્ય (૭) કાર્તિકેય સુબ્રહ્મણ્ય (૮) શરવણોદ્‌ભવ સુબ્રહ્મણ્ય (૯) તારકાદિ સુબ્રહ્મણ્ય (૧૦) સેનાની સુબ્રહ્મણ્ય (૧૧) કુમાર સુબ્રહ્મણ્ય (૧૨) બ્રહ્મચારી સુબ્રહ્મણ્ય (૧૩) દેશિક સુબ્રહ્મણ્ય (૧૪) કૌચ સુબ્રહ્મણ્ય (૧૫) ગૃહ સુબ્રહ્મણ્ય (૧૬) શિખિવાહન સુબ્રહ્મણ્ય (૧૭) વેલાયુધ સુબ્રહ્મણ્ય

## ✵ અષ્ટભૈરવ, ઘંટાકર્ણદેવ અને શિલ્પાલંકાર પાંચ જીવ

### અષ્ટભૈરવ

(૧) ભૈરવ (૨) મહાભૈરવ (૩) ચંડ ભૈરવ (૪) રુદ્ર ભૈરવ (૫) કપાલ ભૈરવ (૬) આનંદ ભૈરવ (૭) કંકાલ ભૈરવ (૮) બટુક ભૈરવ

### ઘંટાકર્ણદેવ

ઘંટાકર્ણદેવ પાપ અને રોગને નાશ કરનાર છે. તેનું પણ શસ્ત્રસજજ, આભૂષણથી યુકત ચિત્રણ પ્રાપ્ત થાય છે.

શિલ્પાલંકાર પાંચ જીવ

अथ कीर्तिमुखायासि ग्रास मकर संस्थिता ।
विरालो विलोल जिह्वा पंचधा परिकीर्तिता ।। [21]

ત્યારબાદ 'શિલ્પરત્નાકરઃ' માં બ્રહ્માની મૂર્તિનું વર્ણન એકાદશ રત્નમાં કરેલું છે.

ऋग्वेदादिप्रभेदेन कृतादियुगभेदत ः ।
विप्रादिवर्णभेदेन चतुर्वक्त्रर्तुभुजः ।। [२२]

ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ એ ચાર વેદોના ભેદે કરી તેમજ સત્યયુગ, ત્રેતા, દ્વાપર અને કળિયુગ એ ચાર યુગોનાં તથા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એ ચાર વર્ણોનાં ભેદ કરી બ્રહ્માની મૂર્તિ ચાર મુખ તથા ચાર હાથવાળી જાણવી.

❋ **બ્રહ્માદિ દેવસ્વરૂપ**

- કમલાસન, બ્રહ્મા, પિતામહ, વિરંચિ, સાવિત્રી, બ્રહ્માયતન
- ઋગ્વેદનું સ્વરૂપ, યર્જુવેદનું સ્વરૂપ, સામવેદનું સ્વરૂપ, અથર્વવેદનું સ્વરૂપ
- નૃત્યશાસ્ત્ર સ્વરૂપ, વિશ્વકર્મા સ્વરૂપ, ઋષિ સ્વરૂપ,

❋ **સૂર્યદેવનાં બાર મૂર્તિ સ્વરૂપો [૨૩]**

द्वाद्वश सूर्यमूर्तय ः ।

श्रृणु वत्सं प्रवक्ष्यामिं सूर्यभेदा ते जयः ।

यावत् प्रकाशक ः सूर्यो यावन्मूर्तिमिरीरित ः ।। २१ ।।

दक्षिणे पौष्करिमाला करे वामे कमंजलुः ।

सुधाता — पद्माभ्यां शोभितकरा सुधाता प्रथमा स्मृता ।। २२ ।।

शूलं वामकरे यस्या दक्षिणे सोम एव च ।

मित्रा — मित्रा नाम त्रिनयनां कुशेशय विभूषिता ।।

प्रथमे तु करे चक्रं तथा वामे च कौमुदी ।

अर्यमा — मूर्तिरार्यमणी ज्ञेया सपह्मौ पाणिपह्मवौ ।।

भक्षमाला करे यस्यां वज्रं वामे प्रतिष्ठितम् ।

रूद्र — सामूर्ति रौद्री ज्ञातव्या प्रधानां पह्मविभूषिता ।।

चक्रं तु दक्षिणे यस्या वामे पाशः सुशोभन ः ।

वरूण — सा वारूणी भवेन्मूर्तिः पह्मव्यग्रकरद्वया ।।

कमंडलुदक्षिणतोऽक्षमाला चैव वामतेः ।

सूर्य सा भवेत्  सस्मिता सूर्यमूर्तिः पद्मविभूषिता ।।

यस्यास्तु दक्षिणे शूलं वामहस्तु सुदर्शनम् ।

भग भगमूर्तिः समाख्याता पद्मख्याता शुभाये वै ।।

अथ वामकरे माला त्रिशूलं दक्षिणे करे ।

विश्वमूर्ति सा विश्वमूर्तिः सुखदा पद्मलांछनलक्षिता ।।

पूषा पूषारव्यस्य श्वेमूर्ति द्विभुजा पद्मालांछना ।

सर्वपापहरा मेया सर्वलक्षणंलक्षिता ।।

सावित्री दक्षिणे तु गदायस्या वामहस्ते सुदर्शनम् ।

पद्मव्यग्रा तु सावित्री मूर्तिः सवार्थसाधिनी ।।

त्वाष्ट्री सुष  च दक्षिणे हस्ते वामे हेमजकीलकम् ।

मूर्तिस्त्वाष्ट्री भवेत्सा च पद्मरूद्बकरद्बया ।।

वैष्णवी सुदर्शनकरा सव्ये पद्महस्ता तु वामतः ।

एषा च द्वादशी मूर्तिविष्णोरमिततेजसः ।।

## ✵ સૂર્યનાં અષ્ટદ્વારપાલના નામ અને સ્વરૂપ

દંડી, પિંગલ, આનંદ, અન્તક, ચિત્ર, વિચિત્ર, કિરણાક્ષ અને સુલોચન આ આઠ સૂર્યનાં પ્રતિહારો (દ્વારપાલો)ના નામ છે. સુખશાંતિની ઈચ્છા કરનારે તે સર્વ પુઢષાકારના કરવા અને દિશાઓનાં ક્રમથી ચારે દ્વારોમાં સ્થાપવા.

## ✵ નવગ્રહમૂર્તિ સ્વરૂપ લક્ષણ

'शिल्परत्नाकरः' માં એકાદશ રત્નમાં દેવમૂર્તિસ્વરૂપ લક્ષણાધિકારમાં નવગ્રહોની વાત કરી છે. જે નિમ્નાનુસાર છે.

### ➢ આદિત્ય

સર્વ લક્ષણોથી યુકત, સર્વ પ્રકારનાં આભરણોથી અલંકૃત, બે હાથવાળી, એક મુખવાળી, શ્વેત કમળ ધારણ કરનારી તથા તેજનાં ગોળાકાર, બિંબમંડલના મધ્ય ભાગમાં રહેલી અને રાતાં કપડાવાળી તથા સપ્તમુખી અશ્વયુકત રથારૂઢ થયેલી આદિત્યની મૂર્તિ કરવી.

### ➢ ચંદ્ર

ચંદ્ર શ્વેતવર્ણનો, શ્વેત વસ્ત્રને ધારણ કરનારો, શ્વેત દશ ઘોડાનાં શુભ રથમાં બેઠેલો, બે

ભુજાવાળો, જમણા હાથમાં ગદાધારી, વામહસ્ત વરદયુકત એવો ચંદ્રમાં જાણવો. તે હરણનું વાહન છે.

- **મંગલ**

મંગળ ચાર ભુજાવાળો, ઘેટા ઉપર બેઠેલો, અંગારા જેવી રાતી આકૃતિવાળો કરવો. જમણા નીચલા હાથમાં વરદ અને ઉપરનાં હાથમાં શકિત તથા ડાબા બંને હાથમાં અનુક્રમે શૂલ અને ગદા આપવી.

- **બુધ**

સિંહ ઉપર બેઠેલો કરેણના પુષ્પ જેવી કાંતિવાળો, પીળી થયેલી ડાંગરના જેવા પીળા વસ્ત્રને ધારણ કરનારો, સોનાના અલંકારોથી વિભૂષિત, ચારે હાથમાં વરદ, તલવાર, ઢાલ, ગદા ધારણ કરનાર જાણવો.

- **ગુરૂ**

હાથી ઉપર બેઠેલો, પીતવર્ણવાળો, ચાર ભુજાવાળો, વરદ, અક્ષમાલા, દંડ, કમંડલને ધારણ કરનારો, બૃહસ્પતિ જાણવો. ગુરૂનું વાહન હંસ માન્યુ છે.

- **શુક્ર**

શ્વેત વર્ણવાળો, અશ્વ ઉપર બેઠેલો, ચાર ભુજાવાળો તથા અક્ષમાલા, દંડ, પાશ અને કમંડલને ધારણ કરેલો શુક્ર જાણવો.

- **શનિ**

ચાર હાથવાળો, શ્યામરંગનો, પાડાના વાહનવાળો, વરદ, બાણ, ધનુષ્ય અને કલશને ધારણ કરનારો શનિ જાણવો.

- **કેતુ અને રાહુ**

સિંહાસન ઉપર બેઠેલો, કેવળ ભયંકર મુખની આકૃતિવાળો તથા શ્યામ રંગનો રાહુ અને કેતુ જાણવો. તેમજ માથાનો, કેડથી સર્પનાં પૂછડા જેવી આકૃતિવાળો, ધૂમાડાનાં જેવા વર્ણનો અને જેના હાથો વરદ અને ગદાથી સંયુકત છે. એવો કેતુ જાણવો.

- **ગ્રહ સ્વરૂપ**

ગ્રહો મુકુટધારી, નવતાલના પ્રમાણવાળા, રાતાકુંડલો, બાજુબંધો અને હારોમાં આભૂષણો વડે શણગારેલા કરવા.

## ❋ બાર આદિત્યોનાં નામો

धाता मित्रोऽर्यमा रूद्रो वरूण ः सूर्य एव च ।
भगो विवस्वान पूषा च सविता त्वष्ट्वविष्णुकौ ।। [२४]

## ❋ પંચદેવ પ્રતિષ્ઠા

(૧) સૂર્ય પંચાયતન

(૨) ગણેશ પંચાયતન

(૩) વિષ્ણુ પંચાયતન

(૪) શકિત પંચાયતન

(૫) રુદ્ર પંચાયતન

સૂર્યાયતનમાં ગ્રહોનાં સ્થાન, નવગ્રહ મૂર્તિસ્વરૂપ, પંચદેવનાં નામ, ગ્રહોનાં વર્ણ, ચન્દ્રમૂર્તિ સ્વરૂપ, મંગલમૂર્તિ સ્વરૂપ, બુધ મૂર્તિ સ્વરૂપ, ગુરૂ મૂર્તિ સ્વરૂપ, શુક્ર મૂર્તિ સ્વરૂપ, શનિમૂર્તિ સ્વરૂપ, રાહુમુર્તિ સ્વરૂપ, કેતુમૂર્તિ સ્વરૂપ દેખાય છે.

## ❋ અષ્ટ દિક્પાલો

(૧) ઈન્દ્ર (૨) અગ્નિ (૩) યમ (૪) નૈઋતિ (૫) વરૂણ (૬) આયુ (૭) કુબેર (૮) ઈશાન દેવ

## ❋ શ્રી વિષ્ણુમૂર્તિ

'शिल्परत्नाकरः' માં ૧૧માં રત્નમાં યુગભેદે મૂર્તિપ્રમાણ, દ્વિજાતિ પૂજયા મૂર્તિ, વર્ણ ભેદે વિષ્ણુ મૂર્તિલક્ષણ રજૂ થયા છે.

## ❋ શ્રી વિષ્ણુની ચતુર્વિંશ મૂર્તિ સ્વરૂપ લક્ષણ

(૧) વાસુદેવ (૨) કેશવ (૩) નારાયણ (૪) માધવ (૫) પુરૂષોત્તમ (૬) અધોક્ષજ (૭) સંકર્ષણ (૮) ગોવિંદ (૯) વિષ્ણુ (૧૦) મધુસૂદન (૧૧) અચ્યુત (૧૨) ઉપેન્દ્ર (૧૩) પ્રદ્યુમ્ન (૧૪) ત્રિવિક્રમ (૧૫) વામન (૧૬) શ્રીધર (૧૭) નરસિંહ (૧૮) જનાર્દન (૧૯) અનિરૂદ્ધ (૨૦) ઋષિકેશ (૨૧) પદ્મનાભ (૨૨) દામોદર (૨૩) હરિ (૨૪) કૃષ્ણ

## ❋ શ્રી વિષ્ણુના અવતારો

(૧) મત્સ્ય (૨) કૂર્મ (૩) વરાહ (૪) નરસિંહ (૫) વામન (૬) પરશુરામ (૭) રામ (૮) બલરામ (૯) બુદ્ધ (૧૦) કલ્કિ

આ ઉપરાંત જલાશયી, શાલિગ્રામ મૂર્તિ સ્વરૂપ, નિષિદ્ધ લક્ષણ, શાલિગ્રામ શિલા, શિલાભેદે ફળ, વર્ણ ભેદે શાલિગ્રામ મૂર્તિભેદ, મુખલક્ષણ, લક્ષ્મીનારાયણ શાલિગ્રામ, પ્રતિષ્ઠા અવિધાન શાલિગ્રામ, આહુતિપુણ્ય, ગરૂડ સ્વરૂપ, વૈકુંઠ, વિશ્વરૂપ, અનંત, ત્રૈલોકય મોહન, વિષ્ણુ આયતન, વિષ્ણુનાં આઠ દ્વારપાલ જુદી-જુદી દિશાનાં જાણવા.

## ❋ શિવમૂર્તિ અને સ્વરૂપવર્ણન

### ➢ બાર શિવમૂર્તિઓ

(૧) સદ્યોજાત (૨) વામદેવ (૩) અઘોર (૪) તત્પુઢષ (૫) ઈશાન (૬) મૃત્યુજંય (૭) કિરણાક્ષ (૮) શ્રીકંઠ (૯) અહિર્બુન્ધ (૧૦) વિરૂપાક્ષ (૧૧) બહુરૂપ સદાશિવ (૧૨) ત્ર્યંબક

## ❋ લિંગનું વર્ણન

મત્સ્યમહાપુરાણમાં શરૂઆતમાં

अथातः संप्रवक्ष्यामिं लिङ्गलक्षणंमुत्तमम् ।
सुस्निर्ग्धं सुवर्णे च लिङ्गं कुर्याद् विचक्षणः ।। [२५]

આમ, કહી વિચક્ષણ પુરૂષે લીસું, સુંદર રૂપ અને મનોહર લિંગ બનાવવું. પ્રાસાદનાં પ્રમાણમાં લિંગનું પ્રમાણ રાખવું. સમચોરસ કરેલા ખાતમાં બ્રહ્મસૂત્ર મૂકવું. નગરથી પશ્ચિમ દિશામાં પૂર્વ દિશાનાં દ્વારવાળું મંદિર બનાવવું અથવા નગરની પૂર્વ દિશામાં મંદિર બનાવવું હોય તો પશ્ચિમ દ્વાર વાળું મંદિર કરવું. ઉત્તર કે દક્ષિણ દિશામાં મંદિર બનાવવું હોય તો તે પૂર્વ દિશાના મુખવાળું કરવું.

અગ્નિપુરાણ અધ્યાય ૫૩માં લિંગનું વર્ણન કરતા કહે છે. અડધી લંબાઈને આઠ વડે ભાંગીને ત્રણ ભાગોને છોડી દેવા અને બાકીના પાંચ ભાગોથી ચારેય બાજુ વિષ્કંભનું નિર્માણ કરવું પછી લંબાઈનાં છ ભાગ કરીને તેઓ સર્વેને એક, બે, ત્રણ એવા ક્રમથી અલગ-અલગ કરી દેવા. તેઓમાં પહેલો ભાગ બ્રહ્માનો, બીજો ભાગ વિષ્ણુનો, ત્રીજો ભાગ શિવનો છે તે ભાગોમાં આ 'વર્ધમાન' ભાગ કહેવાય છે. ચૌકોર મંડલમાં ખૂણાઓનાં સૂત્રનાં અડધા માપને લઈને તે સર્વે ખૂણાઓના સૂત્રનાં અડધા માપને લઈને તે સર્વે ખૂણાઓમાં ચિહ્ન કરી લેવાં એમ કરવાથી આઠ ખૂણાઓનો **વૈષ્ણવભાગ** સિદ્ધ થાય છે. ત્યારપછી તેઓને સોળ ખૂણાઓથી તથા પછીથી બત્રીસ ખૂણાઓથી યુકત બનાવી લેવું.

એ પછીથી ૬૪ ખૂણાઓથી યુકત બનાવી ત્યાં ગોળ રેખાઓ બનાવી લેવી, એ પછીથી લિંગના વિસ્તારને આઠ ભાગોમાં વિભાજીત કરે પછી તેઓમાંના એક ભાગને ચોથા અંશને છોડી દેવાથી છત્રી આકાર શિરનું નિર્માણ થાય છે. જેની લંબાઈ તેમજ પહોળાઈ, ત્રણ ભાગોની સમાન રાખવી. તે સમભાગવાળું લિંગ સંપૂર્ણ મનોવાંછિત ફળ આપનારું હોય છે. દેવપૂજિત લિંગમાં લંબાઈના ચોથા ભાગથી વિષ્કમ્ભ બને છે.

ઉમામહેશ્વર મૂર્તિલક્ષણ, હરિહર મૂર્તિ, હરિહર પિતામહ, ઉમાદેવી તથા નારાયણશ્રિતા લક્ષ્મીદેવી, યુગ્મમૂર્તિલક્ષણ પણ બતાવ્યા છે. સર્વ દેવતાઓનાં યુગ્મ સ્વરૂપ જુદા કરવા તેમના શસ્ત્રા અને વાહનોનાં સ્વરૂપો પણ જુદા કરવા.

## ✵ લિંગ સ્વરૂપ વર્ણન

'शिल्परत्नाकरः' માં તેમજ 'शिल्पस्मृतिवास्तुविद्यायाम्' ગ્રંથમાં અનુક્રમે એકાદશ અને ત્રયોદશ અધ્યાયમાં વર્ણન કરેલું છે. પ્રારંભમાં જુદા-જુદા લિંગોનું ફળ આપેલું છે.

## ✵ રત્નલિંગ પ્રકાર

રત્નોનાં લિંગના બે પ્રકાર છે. (૧) સ્વપીઠ (૨) ધાતુપીઠ એટલે રત્નોના લિંગને રત્નની પીઠ અથવા ધાતુ પીઠ (જળધારી) કરવી. ધાતુના લિંગને ધાતુની જળધારી કરવી. તે સિદ્ધિ અને મુકિતદાયક છે.

આ ઉપરાંત પીઠિકાભેદ, ચલલિંગ, રત્નલિંગ, માનપ્રમાણ, ચલાચલલિંગ, ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ, લિંગમાન, સ્થિર-અસ્થિર લિંગમાન, મુખ્ય પ્રમાણ, મનસ્તુષ્ટિ નવ ધાતુલિંગ પ્રમાણ, નવપાષાણ લિંગ, લિંગ યોગ્ય કાષ્ઠ, નિષિદ્ધ કાષ્ઠ, લિંગભેદે પ્રાસાદ સ્વરૂપ, પ્રાસાદમાને જયેષ્ઠલિંગમાન, મધ્યમ લિંગમાન, કનિષ્ઠ લિંગમાન, ગર્ભગૃહમાને લિંગ, શુભચિહ્ન, વર્ણભેદે શુભ રેખા, લિંગ બ્રહ્માદિ ભાગ, પૂજાભાગ માન, મસ્તકમાન, સ્વરૂપ લક્ષણ, સર્વદેવ સ્થાપન, બાણોત્પતિ સ્થાન, બાણલિંગ પરીક્ષા, વર્જિત લિંગ, શિવતીર્થોદક વાહનવિધિ, પીઠિકા સ્વરૂપ લક્ષણ, સમદ્રવ્ય પીઠિકા, પીઠિકાનાં દસ ભેદો, પીઠિકામાં જગતી પીઠમાન, મુખલિંગ વગેરેની ચર્ચા લિંગ અંતર્ગત કરવામાં આવેલી છે.

એક દ્વાર શિવાયતન અને ચતુર્મુખ શિવાયતન - જેમાં દિશાઓ અને કોણમાં જુદા-જુદા દેવ-દેવીઓનું સ્થાપન કરવું.

### પીઠિકાવર્ણન

'शिल्परत्नाकरः' માં પીઠિકાવર્ણન કરેલું છે. પીઠિકાની ઊંચાઈને સોળ ભાગોમાં વહેંચી નાખવી. તેમાનો એક ભાગ ભૂમિની અંદર રાખવો. ચાર ભાગની જગતી (પીઠ) કરવી, ત્યાર પછી તેની ઉપરનો એક ભાગ ગોળાકાર કરવો. એની ઉપર એક ભાગની પટ્ટી રાખવી, ત્રણ ભાગનો કંઠ રાખવો, એની ઉપરનો કંઠપટ અને એની ઉપર બે ભાગનો ઉપરનો પટ્ટો કરવો અને બાકીના એક ભાગની પટ્ટી કરવી. જગતી સુધીનો એક-એક ભાગ અંદર ઉતરેલો રહે છે. તેવી રીતે પટ્ટિકા સુધી પાણી જવાનો માર્ગ રાખવો. આ લક્ષણો સામાન્ય રીતે બધી જાતની પીઠિકાઓ માટે છે. પીઠિકાના પ્રકારો. (૧) મત્સ્યમહાપુરાણ અધ્યાય ૨૬૨ (૧) સ્થંડિલ (૨) વાપી (૩) યક્ષ (૪) વેદિ (૫) મંડલા (૬) પૂર્ણચંદ્રા (૭) વજ્રા (૮) પદ્મા (૯) અર્ધશશી (૧૦) ત્રિકોણા

**તેમના સ્થાનો**

મેખલા વગરની ૨૪ પીઠિકાઓ સ્થંડિલા કહેવાય છે.

| | |
|---|---|
| બે મેખલાવાળી | **વાપી** |
| ત્રણ મેખલાવાળી | **યક્ષી** |
| લંબચોરસને | **વેદિ** |
| મેખલાવાળી ગોળાકાર વેદી | **મંડલા** |
| બે મેખલાવાળી | **પૂર્ણચંદ્રા** |
| ત્રણ મેખલા અને છ ખૂણાવાળી | **વજ્ર** |
| સોળ ખૂણાવાળી અને સહેજ સાંકડી વેદિને | **પદ્મા** |
| ધનુષાકાર વેદીને | **અર્ધચંદ્રા** |
| ત્રણ ખૂણાવાળી વેદી | **ત્રિકોણા** |

આવી વેદિ પૂર્વ કે ઉત્તર દિશાના ઢાળવાળી પ્રશસ્ત અને લક્ષણયુક્ત ગણાય છે.

**સ્થંડિલા** વેદિ પુષ્કળ ધનધાન્ય અને આરોગ્ય આપનારી છે. **યક્ષી** સંપત્તિ વધારનારી છે. **મંડલા** કીર્તિદાયિની અને **પૂર્ણ ચંદ્રિકા** વરદાયિની ગણાય છે. **વજ્ર** આયુષ આપનારી અને **પદ્મા** સૌભાગ્ય આપનારી છે. **અર્ધચંદ્રા** પુત્ર આપનારી અને **ત્રિકોણા** શત્રુનાશ કરનારી છે.

દેવની પૂજા સારી રીતે થાય તે માટે આમ દશ જાતની વેદિ કહી છે. આ વેદિઓમાં જે પદાર્થની મૂર્તિ હોય તે પદાર્થની વેદિ કરવી.

## ❋ ઉમા-મહેશ્વર મૂર્તિ લક્ષણ

જમણા હાથમાં બીજોરૂ અને ત્રિશૂલધારી અને ઉપલો ડાબો હાથ ઉમાનાં કંઠમાં આલિંગન, બીજો હાથ સર્પથી વિભૂષિત, ઉમાનો એક હાથ હરના ખભા ઉપર પડેલો અને ઉમાનો બીજો હાથ દર્પણ ધારણ કરેલો, એવું ઉમામહેશ્વરનું સ્વરૂપ કરવું. નીચેના ભાગમાં નદી કરવો. તેમજ કાર્તિકસ્વામી અને ગણેશ કરવા તથા શરીરે કૃશ એવો ભૃંગીરટ નામનો ગણ નિત્ય પાસે બેઠેલો કરવો.

સર્વ દેવતાઓના યુગ્મ સ્વરૂપમાં તેઓની શકિતનું સ્વરૂપ જુદુ કરવું અને તેમનાં શસ્ત્રો અને વાહનોના સ્વરૂપ પણ જુદા કરવા.

## ❋ લિંગસ્વરૂપ વર્ણન અને ફલભેદ

**સુવર્ણ**નું લિંગ અવિચલ લક્ષ્મી આપનારું **ચાંદીનું** લિંગ રાજય આપનારું, **તાંબાનું** પ્રજાવૃદ્ધિ

કરનારું, **કલઈ**નું આયુષ્ય આપનારું, **કાંસા**નું પ્રતિભા આપનારું, **પિત્તળ**નું સુખ અને મુકિત દેનારું, **સીસા**નું શત્રુનો નાશ કરનારું, **લોઢા**નું શત્રુનો નાશ કરનારું, **અષ્ટધાતુ**નું કુષ્ઠ રોગ અને ક્ષય નાશ કરનારું, **ત્રિલોહ**નું મંત્ર ધ્વનિ અને પ્રસિદ્ધિ દેનારું, **હીરા**નું આયુષ્ય વધારનારું, **મોતી**નો ભોગ આપનારું, **પુષ્પરાગ** મણિનું સુખ આપનારું, **ઈન્દ્રનીલ** મણિનું યશ આપનારું, **મણિમય** પુષ્ટિ આપનારું, **સ્ફટિક**નું સર્વ કામનાઓને આપનારું જાણવું.

## ✵ લિંગ સ્વરૂપમાન

### ➢ બ્રહ્મા, વિષ્ણુ, શિવભાગમાન

જળાધારી ઉપર રહેલા લિંગનો નીચેનો ચોખંડો ભાગ બ્રહ્માનો અંશ જાણવો, મધ્યનો અઠાંસ ભાગ વિષ્ણુનો અંશ જાણવો, ઉપરનો સુંદર ગોળાકાર ભાગ પૂજાભાગ (શિવનો) જાણવો.

### ➢ પૂજાભાગમાન

લિંગની ઊંચાઈમાં સોળભાગ કલ્પી, તેમાનો દશમો પૂજાભાગ જાણવો, અને જળાધારીના ઉપરના બે ભાગોએ પ્રદક્ષિણાક્રમે રેખાઓ રાખવી.

### ➢ મસ્તકમાન

લિંગનું મસ્તક માનના મધ્યભાગે રાખવું અને માનમાંથી બહાર જાય અર્થાત્ ગર્ભ ગોળાઈ ન થતાં વાંકુચુંકુ થાય તો રાષ્ટ્રનો નાશ થાય છે. આઠમાં અથવા સાડા આઠમાં ભાગે લિંગનો ઉપરનો ભાગ (મસ્તક) છત્રનાં જેવા આકારનો કરવો.

### ➢ સ્વરૂપ-લક્ષણ

પહોળાઈનો અર્ધભાગ કલાઈના જેવી કાંતિવાળો અને લિંગનું મસ્તક કુકડાના ઈંડાના જેવી લંબગોળ આકૃતિવાળું કરવું. લિંગની પહોળાઈમાં ત્રણ ભાગ કરી એક ભાગમાં ભાલચક્ર (અર્ધચંદ્ર) વિસ્તારવો, લંબાઈમાં કરેલા દશ ભાગોમાંથી ઉપરનાં દોઢ ભાગે પાણીમાં થતાં પરપોટા જેવા આકારવાળું લિંગ કરવું. ઉપરના ભાગમાં તેમજ મધ્યભાગમાં જો લિંગ માનથી ઓછું થાય તો નાશકર્તા જાણવું.

### ➢ સર્વદેવસ્થાપન

લિંગની લંબાઈમાં રહેલી રેખાઓ સંધિરેખાઓ યુકત હોય તો તે લિંગ **કાકપદાકૃતિ** જાણવું. તેમાં સર્વે દેવો રહેલા હોય છે. લિંગમાં મુખ્ય દેવનાં સ્કંધ અને વચલા અંતરમાં સર્વ દેવી દેવતાઓ, સ્થાપન કરવાં. આ પ્રમાણે લિંગ કરવું. સર્વ અર્થ અને કામનાઓને પૂર્ણ કરનારું છે.

### ➢ નંદી પ્રમાણ

નંદીશ્વરનું માન રાજલિંગના બ્રહ્મભાગથી વિષ્ણુ ભાગ સુધીનો નંદી ઊંચો કરવો. તે પ્રમાણમા ચોથો ભાગ વધારવાથી જયેષ્ઠમાન અને ચોથો ભાગ તજવાથી કનિષ્ઠમાન જાણવું. તે આવેલ

ઊંચાઈનાં પાંચ ભાગ કરવા, અને તેના ભાગ પ્રમાણથી સાત ભાગ નંદી લાંબો બેઠેલો કરવો. ગળે ઘંટ તથા ઘુઘરાઓની માળાઓથી શોભતો કરવો, નંદીના શિંગડાઓ પણ આભૂષણ યુકત કરવા. લાડુ ભરેલ કુંડીનું પાત્ર નંદીના મુખ આગળ મૂકવું. **બાણલિંગને** (વૃષભ) નંદી કરવો પરંતુ સ્વયંભૂલિંગ, મુખલિંગ અને પાર્થિવલિંગને સો-હજાર-લાખ લિંગ (સમૂહ) આગળ નંદી નાનો મોટો પ્રમાણથી કરવામાં દોષ નથી.

શિવલિંગવાહન નંદીની દષ્ટિ, વિષ્ણુભાગ (જળાધારીના મથાળા) બરાબર કરવી.

## ➢ નંદી સ્થાપન બીજુ માન

ગર્ભગૃહના અર્ધભાગના માનને છ ગણું કરવું, તેમાં મંડપના ગર્ભનું માન મેળવવું. જે માન આવે તેટલા અંતરે નંદી (પોઠિયો) કરવો.

## ➢ કૂર્મસ્થાપન

નંદી અને શિવની વચ્ચે કૂર્મસ્થાપન કરવાની પદ્ધતિ આપણા દેશમાં વિશેષ કરીને છે. તેના કારણમાં **મહર્ષિ ગર્ગ** કહે છે કે

अजयो ः खच्यौव दंपत्योगुरूशिष्ययोः ।
नंदी शंकरयौव पूर्वपुण्यं व्यपोह्वतः ।।
कूर्मईश्वरस्वरूपाणां स्थापनं कूर्यात् ाा [२६]

(બકરાના ટોળા કે ગદર્ભનાં ટોળા વચ્ચે, પુરૂષ અને તેની પત્નિઓ વચ્ચે, ગુરૂ અને શિષ્યની વચ્ચે, નંદી અને શિવની વચ્ચે થઈને ચાલવાથી પૂર્વભાગનાં પુણ્ય હણાય છે તેથી નંદી અને શિવની વચ્ચે ઈશ્વરસ્વરૂપ એવો કૂર્મ સ્થાપન કરવો. (તેથી દોષ લાગતો નથી.)

## ❋ લિંગ પંચસૂત્ર

લિંગ પંચસૂત્રની વિધિ જણાવતા કહે છે કે

(૧) લિંગનું ફરતું ગોળ સૂત્ર એ પ્રથમ

(૨) તે સૂત્ર પ્રમાણે પીઠીકાનો વિસ્તાર-પહોળાઈ કરવી.

(૩) ત્રીજુ તે સૂત્ર પ્રમાણે જળાધારીની ગોળાઈમાં ઊંચું લિંગ રાખવું.

(૪) ચોથું લિંગ સહિત પરનાળ સુધીનું તેટલું જ સૂત્ર રાખવું.

(૫) પાંચમું સૂત્ર જમીનથી લિંગના શિરોભાગ જેટલું ત્રાંસું સૂત્ર રાખવું. આ રીતે લિંગ પંચસૂત્ર જાણવું. જો આ પાંચ સૂત્ર બરાબર મળી રહે તો જ બરાબર વિધિસર જાણવું. ઓછું વત્તુ ન રાખવું.

## ❋ લિંગ પ્રવેશ (શિવાલય)

લિંગ પ્રવેશ શિવાલયનાં ગર્ભગૃહનાં દ્વારમાંથી ન કરાવવો. પરંતુ આકાશ માર્ગે (ઘુંમટમાં તેવી જગ્યા રાખીને) લિંગ પ્રવેશ કરાવવો અગર શિખરનાં શુકનાશમાંથી ગર્ભગૃહમાં ઉપરથી ઉતારી પ્રવેશ કરાવવો અથવા દ્વાર ઉપરનાં ઉત્તરંગનાં ઉપલા ભાગમાંથી કવિચિત પ્રવેશ થાય છે.

આથી અન્ય માર્ગથી લિંગ પ્રવેશ કરાવવામાં આવે તો દેશ ભંગ આદિ અનિષ્ટો આદિ ઉભા થાય છે.

## ❋ દેવપ્રદક્ષિણા વિચાર

દેવીની મંદિરમાં એક પ્રદક્ષિણા કરવી, સૂર્યને સાત, ગણપતિને ત્રણ, વિષ્ણુને ચાર અને શિવને અરધી પ્રદક્ષિણા કરવી.

## ❋ શિવપ્રદક્ષિણા વિચાર (શિવાર્ધ પ્રદક્ષિણા)

પ્રથમ નંદી પાસેથી પ્રદક્ષિણા ફરીને પ્રનાલેનમન લેવા, ચંડ પાસે જવું. ત્યાંથી અપસવ્ય (પાછું) નંદી પાસે આવી, સોમસુત્ર કહેતા અપસવ્ય માર્ગે નંદીથી પ્રનાલ પાસે જવું, ત્યાંથી પાછા સવ્ય માર્ગે નંદી પાસે આવી ચંડ પ્રનાલ પાસે જઈને સોમસૂત્ર અપસવ્ય પાછું ફરી વળી સવ્ય ચંડ પ્રનાલ પાસે જઈ (અપસવ્ય) નંદી પાસે આવવું.

## ❋ દેવી સ્વરૂપ લક્ષણ વર્ણન

'शिल्परत्नाकरः' અગિયારમાં અધ્યાયમાં દેવી સ્વરૂપ લક્ષણ વર્ણન રજૂ થયેલું છે. સૌ પ્રથમ દેવીનું વર્ણન કરેલું છે.

(૧) ઉમાદેવી (૨) પાર્વતી (૩) ગૌરી (૪) રંભાગૌરી (૫) ચામુંડા ગૌરી (૬) ત્રિપુરા ગૌરી (૭) ગૌરી આયતન (૮) ગૌરીની આઠ દ્વારપાલિકાઓ, (જયા, વિજયા, અજિતા, અપરાજિતા, વિભકતા, મંગલા, મોહિની, સ્તંભિની) બતાવી છે.

(૧) મહાલક્ષ્મી (૨) ક્ષેંમકરી (૩) હરસિદ્ધિ (૪) ચામુંડા (૫) યોગેશ્વરી (૬) કાત્યાયની દેવી (૭) ચંડિકા દેવી (૮) લક્ષ્મી (૯) મહાવિદ્યા અને સરસ્વતી (૧૦) બ્રહ્માણી (૧૧) મહેશ્વરી (૧૨) કૌમારી (૧૩) વૈષ્ણવી (૧૪) વારાહી (૧૫) ઈન્દ્રાણી (૧૬) રકત ચામુંડા. આ બધી દેવીઓનું વર્ણન કરેલ છે.

ત્યારબાદ વીરેશ્વર ભગવાન અને ક્ષેત્રપાલ, બટુકભૈરવની વાત કરી છે.

## ❋ દેવાંગનાઓ

'शिल्पस्मृतिवास्तुविद्यायाम्' તેરમાં અધ્યાયમાં પૃષ્ઠ-૬૧૭ પર દેવાંગનાનું વર્ણન કરેલું છે.

(૧) મેનકા (૨) લીલાવંતી (૩) વિધિવિતા (૪) સુંદરી (૫) શુભાગામિની (૬) હંસાવલી (૭) સર્વકલા (૮) કર્પૂર મંજરી (૯) પદ્મિની (૧૦) ગૂઢશબ્દા (૧૧) ચિત્રિણી (૧૨) ચિત્ર વલ્લભા (૧૩) ગૌરી (૧૪) ગાંધારી (૧૫) દેવશાખા (૧૬) મરીચિકા (૧૭) ચંદ્રાવલી (૧૮) પત્રલેખા (૧૯) સુગંધા (૨૦) શત્રુમર્દિની (૨૧) માનવી (૨૨) માનહંસા (૨૩) સુસ્વભાવા (૨૪) ભાવચંદ્રા (૨૫) મૃગાક્ષી (૨૬) ઉર્વશી (૨૭) રંભા (૨૮) ભુજઘોષા (૨૯) જયા (૩૦) વિજયા (૩૧) ચંદ્રવક્રા (૩૨) કામરૂપા (તિલોત્તમા)

## ❋ વિદ્યાદેવી સ્વરૂપચિંતન

(૧) રોહિણી (૨) પ્રજ્ઞપ્તિ (૩) વજ્રશંખલા (૪) વજ્રકુંશી (૫) ચક્રેશ્વરી (૬) નરદત્તા (૭) કાલી (૮) મહાકાલી (૯) ગૌરિકા-ગૌરી (૧૦) ગાન્ધારી (૧૧) મહાજવાલા (૧૨) માનવી (૧૩) વૈરોટયા (૧૪) અચ્છુપ્તિકા-અચ્છુપ્તા (૧૫) માનસી (૧૬) મહામાનસી

આ જૈન શાસનમાં માનેલી સોળ વિદ્યાદેવીઓનાં નામ છે. આ વિદ્યાદેવીઓ કલ્યાણકારી મનાય છે.

(૧) **રોહિણી** – ગૌરવર્ણની, સુરભિ(ગાય)ના વાહન ઉપર આરૂઢ થયેલી તથા અક્ષમાલા, બાણ, ધનુષ અને તલવાર યુકત ચાર ભુજાવાળી આ વિદ્યાદેવી જાણવી.

(૨) **પ્રજ્ઞપ્તિ** – વર્ણ – શ્વેત, વાહન – મયુર, આયુધ-વર, શકિત, ડાબા હાથમાં શકિત અને માતુલુંગ

(૩) **વજ્રશૃંખલા** – વર્ણ – શંખ સમાન કાંતિ, આસન-કમળ, આયુધ-જમણા હાથમાં વર, શૃંખલા, ડાબા હાથમાં શૃંખલા અને કમળ

(૪) **વજ્રકુંશી** – વર્ણ-સુવર્ણ, વાહન-હાથી, આયુધ-વર, વજ્ર, અંકુશ, માતુલુંગ

(૫) **ચક્રેશ્વરી** – વર્ણ-વીજળી જેવી કાંતિ, વાહન-ગરૂડ (બીજું નામ અપ્રતિચક્રા) ચારે હાથમાં ચક્ર

(૬) **નરદત્તા** – વર્ણ-સુવર્ણ, વાહન-ભેંસ, જમણા હાથમાં વર અને ખડ્ગ, ડાબા હાથમાં ઢાલ, માતુલુંગ

(૭) **કાલી** – વર્ણ-કાળો, આસન-પદમ, આયુધ-અક્ષમાલા, ગદા, વજ્ર, અભયયુકત ચાર ભુજા વાળી જાણવી.

(૮) **મહાકાલી** – વર્ણ-તમાલવૃક્ષના જેવી કાંતિવાળી, વાહન-પુરૂષ, આયુધ-અક્ષમાલા, વજ્ર, અભય, ઘંટ

(૯) **ગૌરી**– વર્ણ-સુવર્ણ, વાહન-ગોધો, આયુધ-વર, મુસલ, અક્ષમાલા, કમળ સહિત ચાર ભુજા વાળી ગૌરી નામે વિદ્યાદેવી જાણવી.

(૧૦) **ગાંધારી** – વર્ણ-નીલ, આસન-કમલાસન, આયુધ-વર, મુસલ, વજ્ર, અભયધારિણી, ચતુર્ભુજ જાણવી.

(૧૧) **મહાજવાલા** – વર્ણ-ચંદ્ર સમાન શ્વેત વર્ણ, વાહન-બિલાડાનાં વાહનવાળી, અગ્નિજવાલાથી બંને હાથો શોભાયમાન

(૧૨) **માનવી** – વર્ણ-શ્યામ, આસન-કમલાસન, આયુધ-વર, પાશ, પલ્લવયુકત શાખા, અક્ષમાલા

(૧૩) **વૈરોપ્યા** – વર્ણ-શ્યામ, આસન-અજગરવાળી, આયુધ-ખડ્ગ, સર્પ, ઢાલ, સર્પયુકત ચાર ભુજાઓ

(૧૪) **અચ્છુપ્તા** – વર્ણ-વીજળી જેવો, વાહન-અશ્વ, આયુધ-ખડગ, બાણ, ધનુષ્ય, ઢાલયુકત ચાર ભુજાઓ

(૧૫) **માનસી** – કાંતિ-સફેદ, વાહન-હંસ, આયુધ-વર, વજ, બંને અક્ષમાલાના કંકણ યુકત ચાર ભુજાવાળી માનસી નામની વિદ્યાદેવી જાણવી.

(૧૬) **મહામાનસી** – વર્ણ-ધોળો, વાહન-સિંહ, આયુધ-વર, તલવાર, ઢાલ, કુંડિકાયુકત ચાર ભુજાવાળી, મહામાનસી (નાગદેવી) જાણવી.

## ❋ બારસરસ્વતીના નામો

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ'ના ૧૩માં અધ્યાયમાં (૧) મહાવિદ્યા સરસ્વતી (૨) મહાવાણી સરસ્વતી (૩) ભારતી સરસ્વતી (૪) સરસ્વતી (૫) આર્યા (૬) બ્રાહ્મી સરસ્વતી (૭) કામધેનુ સરસ્વતી (૮) વેદગર્ભા સરસ્વતી (૯) ઈશ્વરી સરસ્વતી (૧૦) મહાલક્ષ્મી સરસ્વતી (૧૧) મહાકાલી સરસ્વતી (૧૨) મહા સરસ્વતી નામો બતાવ્યા છે.

આ ઉપરાંત નવદુર્ગા, સપ્તમાતૃકા, નવરૂદ્ર, ચંડા, ૨૪ પાર્વતી ગૌરી સ્વરૂપો, બાર ગૌરીનાં સ્વરૂપો, જયા દેવીઓ, જગદંબા, જયાદેવી, પદ્માવતી, માતંગી, માં ભવાની દેવી, અર્થેશ્વરી, કામેશ્વરી, શિવાદેવી, નંદજાદેવી, રકતદંતિકા, ત્રિપુરા, શાકંભરી, મા ભવાની દેવી, ભ્રમરી દેવી, પ્રાણશકિત, બ્રહ્મશાન્તિ, તોતલા, ત્વરિતા, નિત્વા, ત્રિમાતૃકા, દેવી, ત્રિપુરા, કામસાધિની, ત્રિપુરા ભૈરવી, શાન્તિદેવી, સહસ્ત્ર મહાજવાલા, હરસિદ્ધા, આકાશસ્વરૂપ, ગંગા, યમુના, ગોદાવરી, કૃષ્ણા, નર્મદા, તાપી, વેણી, સરસ્વતી, રાજરાજેશ્વરી, નવદુર્ગા, ચોસઠ યોગિની, સોળ માતૃકા દેવીઓ, દેવસેના માતૃકા, ચોસઠકલા સ્વરૂપ, શીતલા, તુલસીદેવી, અન્નપૂર્ણા, પ્રાતઃગાયત્રી, મધ્યાહ્ન ગાયત્રી, સાયં ગાયત્રી.

## ❋ વિવિધ ગૌરી સ્વરૂપો

'દીપાર્ણવ' ગ્રંથનાં સોળમાં અધ્યાયમાં ચોવીસ પ્રકારની ગૌરીનું સ્વરૂપ સ્પષ્ટ વિદ્વાન સ્થપતિ શ્રી પ્રભાશંકરભાઈ ઓઘડભાઈ સોમપુરા એ કર્યું છે.

પ્રારંભમાં જ ગૌરીનાં મૂર્તિઓનું લક્ષણ સ્પષ્ટ કરતા કહે છે કે

अथातः संप्रवक्ष्यामि गौर्यादिचतुर्विंशतिम् ।
चतुर्भुजा त्रिनेत्रा च सर्वाभरणभूषिता ।। १ ।।
पीताङ्गी पीतवर्णा च पीतवस्त्रविभूषिता ।
एकवक्त्रा त्रिनेत्रा च स्वरूपे यौवनान्विता ।। २ ।।
सुप्रभा सुतेजाद्या च मुकुटेन विराजिता ।
प्रभामंडलसंयुक्ता कुंडलामभरणभूषिता ।। ३ ।।
हारकंकणकेयूरा पादयोर्नूपुरास्थिता ।
सिंहस्कंधे सभारूढा नानारूपकरोधता ।। ४ ।। [२७]

પ્રત્યેક ગૌરી ચાર ભુજાયુક્ત, ત્રણ નેત્રવાળી, સર્વ આભૂષણો યુક્ત, પીળા વર્ણનાં શરીર વાળી, પીળાં વસ્ત્રો ધારણ કરેલી, એકમુખ અને ત્રણ નેત્રવાળી, યૌવનાવસ્થાવાળી, સુંદર કાન્તિ અને તેજવાળી, માથા ઉપર મુકુટ ધારણ કરેલ, પ્રભામંડળ યુક્ત, કાને કુંડળ, છાતીએ હાર, હાથે કંકણ, ભૂજામાં કેયૂર, પગમાં ઝાંઝર ધારણ કરેલી, સિંહના વાહનવાળી અનેકરૂપ કરનારી એવી પ્રત્યેક ગૌરી મૂર્તિ જાણવી.

ગૌરી સ્વરૂપોમાં છ સ્વરૂપ ઉગ્ર-તામસરૂપ છે. બાકીનાં અઢારસ્વરૂપો રાજસ-સાત્ત્વિક છે.

## (૧) તોતલાદેવીનું સ્વરૂપ

જેના જમણા હાથમાં માળા, જમણા નીચલા હાથમાં કમંડળ, ડાબા ઉપરના હાથમાં પીછિકા, અને નીચેના ડાબા હાથમાં શંખ ધારણ કરેલા છે. એવા સ્વરૂપવાળી હંસનાં વાહનવાળી **તોતલા** નામે દેવી જાણવી.

કોષ્ટક [૨૮]

| ક્રમ | નામ | જમણા ઉપલા હાથ | જમણા નીચલા હાથ | ડાબા ઉપલા હાથ | ડાબા નીચલા હાથ | વાહન |
|---|---|---|---|---|---|---|
| (૧) | તોતલાદેવી | માળા | કમંડળ | પીછીકા | શંખ | હંસ |
| (૨) | ત્રિપુરાદેવી | અંકુશ | અભય | પાશ | શિવલિંગ | પ્રેત |
| (૩) | સૌભાગ્યદેવી | પદ્મ | માળા | પુસ્તક | ફળ | ગરૂડ |
| (૪) | વિજયાદેવી | દંડ | માળા | પુસ્તક | અભય | સિંહ |
| (૫) | ગૌરીદેવી | શિવલિંગ | માળા | ગણપતિ | કમંડળ | સિંહ |
| (૬) | પાર્વતીદેવી | શિવલિંગ | અભય | ગણપતિ | ફળ | ઘો |
| (૭) | શૂલેશ્વરીદેવી | શિવલિંગ | કમળ | ગણપતિ | માળા | સિંહ |
| (૮) | લલિતાદેવી | શિવલિંગ | માળા | ગણપતિ | કમંડળ | ઘો |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૯) ઈશ્વરી દેવી | શિવલિંગ | અભય | ગણપતિ | કમંડળ | ઘો |
| (૧૦) મનેશ્વરી દેવી | શિવલિંગ | કમળ | ગણપતિ | અભય | સિંહ |
| (૧૧) ઉમાપતિ દેવી | શિવલિંગ | અભય | ગણપતિ | કમળ | સિંહ |
| (૧૨) વીણાદેવી | શિવલિંગ | કમળ | ગણપતિ | શિવલિંગ | સિંહ |
| (૧૩) હસ્તિનીદેવી | શિવલિંગ | માતુલિ | ગણપતિ | કમંડળ ઘો | કમંડળઘો |
| (૧૪) ત્રિનેત્રાદેવી | શિવલિંગ | માળા | ગણપતિ | અંકુશ | ઘો |
| (૧૫) રમણાદેવી | શિવલિંગ | માળા | ગણપતિ | અંકુશ | સિંહ |
| (૧૬) ફલકલા દેવી | કમળ | કમળ | પુસ્તક | પુસ્તક | હંસ |
| (૧૭) જંઘાદેવી | કમળ | કમળ | માળા | દપર્ણ | કમળ |
| (૧૮) ત્રૈલોકયવિજયા | અંકુશ | અંકુશ | વરદપાશ | પાશ | હાથી |
| (૧૯) કામેશ્વરી દેવી | કમળ | કમળ | માળા | પુસ્તક | સિંહ |
| (૨૦) રકતનેત્રા દેવી | ખડગમુંડ | ખડગ | અભય | સર્પ | કમળ |
| (૨૧) ચંડીદેવી | મુંડ ખડગ | ઢાલ,ખડગ | પાશબાણ | સર્પ | પ્રેત |
| (૨૨) જંભિનીદેવી | અંકુશ મુંડ | કર,ઢાલ | ખડગબાણ | સર્પ | શબ |
| (૨૩) જવલપ્રભાદેવી | અંકુશમુંડ | બાણ,પાશ | ખડગ | સિંહચર્મ | શબ |
| (૨૪) ભૈરવી દેવી | મુંડ,ખડરઅંકુશ | પાશ,ખડગ | બાણપાશ | સર્પ | શબ |

દેવગણ અને ગાંધર્વ ગણોથી અને અસુરોથી પૂજાએલી, કૃતયુગમાં તે તોતલા નામથી પ્રસિદ્ધ છે. તેને બ્રાહ્મણોએ હંમેશા પૂજવી. ત્રિપુરા નામની દેવી ક્ષત્રિયે, સૌભાગ્યા નામની દેવી વૈશ્યોએ, અને વિજયા નામની દેવી શૂદ્ર જાતિએ પૂજવી. આ ચારે દેવીઓને બ્રાહ્મણોએ પૂજવી, તોતલા સિવાયની દેવીઓને ક્ષત્રિયોએ પૂજવી. સૌભાગ્યા અને વિજયા એ બે દેવીઓ વૈશ્યોએ પૂજવી અને વિજયા એક દેવી શૂદ્રાએ પૂજવી.

## ❋ વાસ્તુસ્થિત દેવોનાં વર્ણો, વાહનો અને આયુધો

દેવદેવીઓના વિવિધ સ્વરૂપો ઉપરથી સ્પષ્ટ થાય છે કે દેવો પોતાને પૃથ્વી ઉપર કરવાનાં કાર્યોને અનુલક્ષીને જુદા-જુદા સ્વરૂપે આપણી આગળ મૂર્ત થાય છે. આ મૂર્તિમંત સ્વરૂપની સાથે-સાથે પોતાના કાર્યને અનુરૂપ અંગ-ઉપાંગ, વાહન આદિ સ્વીકારતા હોય છે.

'शिल्पस्मृतिवास्तुविद्यायायाम्' ઉત્તરાર્ધ ચૌદમાં અધ્યાયમાં નિમ્નાનુસાર વર્ણ, વાહન અને આયુધો બતાવેલા છે. [૨૯]

| ક્રમ | દેવોના નામ | વર્ણ | વાહન | આયુધો |
|---|---|---|---|---|
| (૧) | શિખી | ધવલવર્ણ | વૃષવાહન | વર, ત્રિશુલ |
| (૨) | પર્જન્ય | શ્વેત | મકરરથ | પાશ, વર |
| (૩) | જયન્ત | ગૌરવર્ણ | કમલવાહન | ભૂષિતા, વર, અભય |
| (૪) | ઈન્દ્ર | પીત | ઐરાવત | વજ્ર, અક્ષસૂત્ર |
| (૫) | સૂર્ય | રકત | સપ્તઅશ્વરથ | કમલ, કમલ |
| (૬) | સત્ય | ઘઉં | કમલ | પદ્મ, વરદ |
| (૭) | ભૃશ (કામ) | ગૌર | પુષ્પવિમાન | બાણ, ધનુષ્ય (પુષ્પના) |
| (૮) | આકાશ | નીલ | સ્વસ્તિક | શંખ, ચક્ર |
| (૯) | વાયુ | શ્વેત | મૃગ | અંકુશ, ધ્વજદંડ |
| (૧૦) | પૂષા | રકત | ગજાસન | કમલ, કમંડલ |
| (૧૧) | વિતથ | કૃષ્ણ | મૃતાસન | માંસપાત્ર, રકતપાત્ર |
| (૧૨) | ગૃહક્ષત (બુધ) | ગુલાબી | સિંહ | ગદાવર, અસિઢાલ |
| (૧૩) | યમ | રકત | મહિષ | દંડ, પાશ |
| (૧૪) | ગંધર્વ | ગૌર | મયૂર | વીણા, કમંડલ |
| (૧૫) | ભૃંગરાજ | રકત | શ્વાન | ખડગ, ઢાલ |
| (૧૬) | મૃગ | કૃષ્ણવર્ણ | મૃગ | વરદ, અભય |
| (૧૭) | પિતૃ | પિંગલ | કુશવાહન | દર્ભ, કમંડલ |
| (૧૮) | દૌવારિકા (નંદિ) | હરિવર્ણ | પાદુકારૂઢ | વેનમુદ્રા, મુદ્રા |
| (૧૯) | સુગ્રીવ | હેમવર્ણ | પદ્માસન | પર્વત, વૃક્ષ |
| (૨૦) | પુષ્પદંત | રકતવર્ણ | પક્ષીવાહન | સર્પ,ઔષધિ સર્પપુષ્પ |
| (૨૧) | વઢણ | ગુલાબી | મકરરથ | શંખ, પાશ |
| (૨૨) | અસુર | રકતવર્ણ | સિંહ | શકિત, શૂલ |
| (૨૩) | નાગરાજ (શેષ) | કૃષ્ણવર્ણ | મહાબલપક્ષી | વર, શૂલ |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૪) | પાપક્ષમા | ધૂમ્રવર્ણ | કપોત | ગદા, વરદ |
| (૨૫) | રોગ | રક્તવર્ણ | ભસ્મવિભૂષિત | ત્રણપગ, દંડ, ત્રણશિર |
| (૨૬) | નાગેન્દ્ર (વાસુકિ) | કૃષ્ણવર્ણ | કમલમણિધર | અક્ષસૂત્ર કુંડી |
| (૨૭) | મુખ્ય | શ્વેતવર્ણ | જટાધર અશ્વ | ત્રિશૂલ, પટ્ટી |
| (૨૮) | ભલ્લાટ | કૃષ્ણવર્ણ | અશ્વ | ધનુષ્ય, ડમરૂ, વરબાણ |
| (૨૯) | સોમ (કુબેર) | ગૌરવર્ણ | મહોદર નરવિમાન | વરદ, ગદા |
| (૩૦) | નાગ | રક્તવર્ણ | ફણિમણિકમલ | અમૃતપાત્ર કુંભ, ચક્રમાલા |
| (૩૧) | અદીતિ | ગૌરાંગ | દેવમાતા સર્વાભરણભૂષિતા | પદ્મ |
| (૩૨) | દિતિ | શ્યામવર્ણ | વૃષ,દૈત્યમાતરમ્ | શૂલ, પટ્ટી |
| (૩૩) | આપ | નીલવર્ણ | કમલ, પિતવસ્ત્રધર મધ્યમાલા | અક્ષસૂત્ર, કમલ |
| (૩૪) | સાવિત્રી | ગૌરવર્ણ | પદ્માસન | વેદ, પાઠ |
| (૩૫) | જય | પીતવર્ણ | ગજારૂઢ | વજ્ર, વજ્ર |
| (૩૬) | રુદ્ર | શ્વેત | વૃષભ,જટાગંગાધર | વરદ, અભય |
| (૩૭) | અર્યમાન | પીતવર્ણ | રથવાહન | પદ્મમાલા, ખટવાંગ |
| (૩૮) | સવિતા | રક્તવર્ણ | સપ્તઅશ્વરથ | કમલ, કમલ |
| (૩૯) | વિવસ્વત | હેમવર્ણ | કમલ | ચક્ર, પદ્મ |
| (૪૦) | વિબુધા | પીતવર્ણ | ગજવાહન | વજ્ર, કમલ |
| (૪૧) | મિત્રાય | શ્યામ,ઉર્ધ્વભાગે | સિંહ | હળ, કમલ |
| (૪૨) | રાજયક્ષ્માણરૂદ્રદેવ | નીલવર્ણ | હળધ્વજ | વરદ, શકિત |
| (૪૩) | પૃથ્વીધર | નીલવર્ણ | કમલ | શંખ, ચક્ર |
| (૪૪) | આપવત્સ | ગૌરવર્ણ | સિંહ | વર, પાશ |
| (૪૫) | બ્રહ્મા | શ્વેતવર્ણ | હંસ | વેદ, અક્ષસૂત્ર |

### ✵ બહારના દેવો

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ચરકી | રકતવર્ણ | ધૂમ્રવર્ણ વસ્ત્ર | અંકુશ, ડમરૂ |
| (૨) | વિદારિકા | રકતવર્ણ | ધૂમ્રવર્ણ વસ્ત્ર | ચાપ, બાણ |
| (૩) | પૂતના | રકતવર્ણ | ધૂમ્રવર્ણ વસ્ત્ર | ચાપ, બાણ |
| (૪) | પાપા | રકતવર્ણ | ધૂમ્રવર્ણ વસ્ત્ર | ચાપ, બાણ |
| (૫) | સ્કંધાય | – | મયૂર | શકિત, ખડ્ગ |
| (૬) | અર્યમણ | – | મહિષ | દંડ, ખડ્ગ |
| (૭) | જૃંભક | – | મહિષ | વર, ખડ્ગ |
| (૮) | પિલ્લિપિચ્છમ્ | – | મહિષ | બાણ, ધનુષ |

## ૫.૭ શ્રી જિનમૂર્તિ સ્વરૂપ લક્ષણ વિચાર

પ્રાચીન ભારતમાં તત્ત્વચિંતનની ધારારૂપે મૂળ બે ધર્મ પરંપરાઓ હતી. (૧) બ્રાહ્મણ સંપ્રદાય (૨) શ્રમણ સંપ્રદાય

બ્રાહ્મણ ધર્મમાં રહેલી પૌરાણિક માન્યાતાઓથી શ્રમણ સંપ્રદાય જુદો પડે છે.

બ્રાહ્મણ પરંપરા એટલે વૈદિક પરંપરા તે ઈશ્વરને માનતી હતી. તેનું અંતિમ લક્ષ્ય મોક્ષ હતું.

શ્રમણ સંપ્રદાયમાં પરમાત્માનું કર્તૃત્વની નથી શ્રમણ સંપ્રદાયનાં પ્રધાન લક્ષણો ત્યાગ, વૈરાગ્ય, ઉદાસીનતા હતાં. શ્રમણ પરંપરામાં અહિંસાની પ્રતિષ્ઠા હતી. અહીં પણ અંતિમ લક્ષ્ય મુકિત જ હતું. અહીં મનુષ્ય પોતાની અંદર રહેલા આંતરશત્રુઓને જીતીને આત્મકલ્યાણ દ્વારા પરમાત્મપદ પામે છે. આને કારણે મહાવીર કે બુદ્ધની મૂર્તિઓને આયુધો આપવામાં આવતા નથી. શ્રમણ સંપ્રદાયની અનેક શાખાઓ હતી. તે બધી શાખાઓનાં પ્રમુખ પુરૂષો જિન, અર્હત્ત, કે તીર્થંકર કહેવાતા. જે આજે જૈન ધર્મનાં નામે વિદ્યમાન છે.

## ૫.૭.૧ જૈન શબ્દનો અર્થ

"जिन शब्द "जि" जये ધાતુથી બનેલો છે. "जि" નો અર્થ જીતવું છે. જીતે તે જિન કહેવાય. જે રાગ, દ્વેષ, લાભ અને ક્ષોભરૂપ અંતરંગ શુત્રુઓને જીતે તે જિન અને જિનના અનુયાયીઓ તે જૈન. અને એવા જિને પ્રરૂપેલો ધર્મ તે જૈનધર્મ." [૩૦]

"જૈનોમાં ૨૪ તીર્થંકરો છે. જૈનોએ પોતાના ગ્રંથોને આગમ, પુરાણ, આદિમાં વિભકત કર્યા છે." [૩૧]

જૈન ધર્મની સ્થાપના ઋષભદેવ અથવા આદિનાથે કરી હતી. જૈનોના આરાધ્યદેવ એવા ૨૪ જિન થયા છે.

## ૫.૭.૨ જિનેશ્વર ભગવાનના નામ તથા લક્ષણ[૩૨]

(૧) ઋષભનાથ-વૃષ (૨) અજિતનાથ-હાથી (૩) સંભવનાથ-અશ્વ (૪) અભિનંદન-વાંદરો (૫) સુમતિનાથ-કૌંચપક્ષી (૬) પદ્મ પ્રભુ-પદ્મ (૭) સુપાર્શ્વનાથ-સ્વસ્તિક (૮) ચંદ્રપ્રભુ-ચંદ્રમા (૯) સુવિધિનાથ-મગર (૧૦) શીતલનાથ-શ્રીવત્સ (૧૧) શ્રેયાંશનાથ-ગેંડો (૧૨) વાસુપૂજય-પાડો (૧૩) વિમલનાથ-સૂવર (૧૪) અનંતનાથ-શ્યેન (૧૫) ધર્મનાથ-વજ્ર (૧૬) શાન્તિનાથ-મૃગ (૧૭) કુજુંનાથ-બકરો (૧૮) અરનાથ-નંદ્યાવર્ત (૧૯) મલ્લિનાથ-ઘડો (૨૦) મુનિસુવ્રત-કૂર્મ (૨૧) નેમિનાથ-નીલકમલ (૨૨) નેમિનાથ-શંખ (૨૩) પાર્શ્વનાથ-સર્પ (૨૪) મહાવીર સ્વામી-સિંહ આ બધાજ લોકમાં પૂજયતમ છે.

✵ **વર્ણ**

આ ચોવીસ તીર્થકરનાં વર્ણ કેવા હોવા જોઈએ. તે અંગે શિલ્પશાસ્ત્રનાં ગ્રંથો સૂચના આપે છે કે પદ્મપ્રભુ રકતવર્ણનાં, વાસુપૂજય, પદ્મવર્ણનાં ચન્દ્રપ્રભુ ચંદ્રનાં સમાન કાંતિવાળા, નેમિનાથ નીલ વર્ણના તેમજ મલ્લિનાથ તથા પાર્શ્વનાથ. પણ નીલ વર્ણનાં કહેલા છે અને શેષ જિન દેવતાઓ સુવર્ણનાં જેવી કાંતિવાળા કરવા.

દરેક તીર્થંકર ભગવાનને એક એક યક્ષ અને એક એક યક્ષિણી હોય છે. આ રીતે કુલ ૨૪ યક્ષો અને ૨૪ યક્ષિણીઓ હોય છે. ચોવીસ યક્ષો શાસન દેવતા અને યક્ષિણીઓ તીર્થંકરોની શાસનદેવીઓ ગણાય છે.

## ૫.૭.૩ જિનમૂર્તિઓ

છઠ્ઠા સૈકામાં થઈ ગયેલા પ્રસિદ્ધ જયોતિષાચાર્ય વરાહમિહિરે બૃહદ્‌સંહિતામાં બુદ્ધમૂર્તિનું વર્ણન કરેલું છે.

पद्माङ्कितकरचरण प्रसन्नमूर्ति : सुनीचकेश ।
पद्मासनोपविष्टः पितेव जगतो भवति बुद्धः ।। [३३]

ભગવાન બુદ્ધની પ્રતિમાનાં હાથમાં અને ચરણોમાં કમળનાં ચિહ્ન દર્શાવવા. એમને પ્રસન્નમૂર્તિ અને સુયોજિત કેશવાળા બતાવવા. બુદ્ધને પદ્માસન પર વિરાજિત અને જગતનાં પિતા જેવી કરૂણામય, પ્રભાવશાળી મૂર્તિરૂપે દર્શાવવા.

ત્યારપછી જિનમૂર્તિના લક્ષણો આપ્યા છે.

आजानुंलम्बाहुः श्रीवत्साङ्क : प्रशान्तमूर्ति ।
दिग्वासास्तढणो ढपवांश्च कार्योऽर्हतां देव : ।। [३४]

અર્હંત જિન દેવની પ્રતિમા, આજાનબાહુ, શ્રીવત્સ ચિહ્નવાળી, પ્રશાંતમૂર્તિ, દિગંબર, તરૂણ અને સુંદર રૂપવાળી બનાવવી.

અહીંયા આજાનુંબાહુ વિશેષણ ઉપરથી આ કાર્યોત્સર્ગ મૂર્તિનું વર્ણન છે એમ સ્પષ્ટ થાય છે. મૂર્તિને વસ્ત્ર નથી તે ઉપરથી તે દિંગબર સંપ્રદાયની મૂર્તિનું વર્ણન છે.

## ❋ બોધિસત્ત્વ

આ સંપ્રદાયમાં તથાગત બુદ્ધ ઉપરાંત બોધિસત્ત્વ હોય છે. બુદ્ધ પ્રતિમાની જેમ બોધિ સત્ત્વની પ્રતિમા કરાવવમાં આવે છે. બોધિસત્ત્વો ઉભા કે બેઠેલા વિકસિત કમળમાં હોય છે. તેમના હાથમાં કમળદંડ ધારણ કરેલો હોય છે. તેઓના વસ્ત્રનો આકાર ઝભ્ભો જેવો હોય છે. વાળ ટૂંકા હોય છે. કપાળમાં રત્ન ધારણ કરેલું છે. બોધિસત્ત્વો ઘણીવાર કિંમતી આભૂષણોયુકત હોય છે. આ બોધિસત્વનું કાર્ય માનવબુદ્ધનાં મૃત્યુ પછી નવા બુદ્ધનાં આગમન સુધીની જગતની વ્યવસ્થા સંભાળવાનું હોય છે. કેટલીક જૂની બુદ્ધની પ્રતિમા પર भगवतो पितामहस्थ એવો લેખ કોતરેલો નજરે પડે છે. આનો સંબંધ વરાહમિહિરે બુદ્ધ પ્રતિમાના વર્ણનમાં पितेव जगतः એમ જે કહ્યું છે. તેની સાથે કદાચ હશે. ગમે તે હોય પણ બ્રાહ્મણ પરંપરા પ્રમાણે પિતામહ એટલે બ્રહ્મા અને બ્રહ્માની મૂર્તિ પણ પદ્માસનસ્થ અને ધ્યાનમગ્ન બુદ્ધની મૂર્તિની જેમ હોય છે. તે સામ્ય છે. તે ઉપરથી એમ કહી શકાય કે તે સમયે બન્ને સંપ્રદાયોએ જરૂર પ્રમાણે એકબીજાનાં સંપ્રદાયમાંથી સિદ્ધાંતો અને ભાવનાઓની સાથે સાથે દેવ-દેવીઓને પણ છૂટથી આવકાર્યા હશે.

જૈન ધર્મનાં બે સંપ્રદાયો છે (૧) શ્વેતામ્બર જૈન (૨) દિગમ્બર જૈન

જૈન ધર્મમાં ગૃહસ્થોએ પાળવાનાં ૧૨ વ્રતો દર્શાવવામાં આવ્યા છે. પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો, અને ચાર શિક્ષાવ્રતો મળી દ્વાદશાંગ ધર્મનું પાલન જૈન ધર્મમાં ગૃહસ્થો માટે દર્શાવવામાં આવ્યું છે. જૈન ધર્મમાં (૧) મતિજ્ઞાન (૨) શ્રુત જ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યાય જ્ઞાન (૫) કેવલ જ્ઞાન માનવામાં આવ્યા છે.

જૈન ધર્મમાં કર્મનાં સિદ્ધાંતને દર્શાવ્યો છે કર્મની ગતિ ગહન છે, તેમ માન્યુ છે. જૈન ધર્મમાં કર્મનાં આઠ પ્રકાર માનવામાં આવ્યા છે. (૧) જ્ઞાનાવરણ (૨) દર્શનાવરણીય કર્મ (૩) અંતરાયકર્મ (૪) મોહનીય કર્મ (૫) વેદનીય કર્મ (૬) નામ કર્મ (૭) ગોત્રકર્મ (૮) આયુષકર્મ

## ❋ જન્મનક્ષત્ર

शिल्परत्नाकरः ના અધ્યાય ૧૧માં બતાવેલ છે. (૧) ઉત્તરાષાઢા (૨) રોહિણી (૩) મૃગશીર્ષ (૪) પુનર્વસુ (૫) મઘા (૬) ચિત્રા (૭) વિશાખા (૮) અનુરાધા (૯) મૂલ (૧૦) પૂર્વષાઢા (૧૧) શ્રવણ (૧૨) શતભિષા (૧૩) ઉત્તરા ભાદ્રપાદ (૧૪) રેવતી (૧૫) પુષ્ય (૧૬) ભરણી (૧૭) કૃતિકા (૧૮) રેવતી (૧૯) અશ્વિની (૨૦) શ્રવણ (૨૧) અશ્વિની (૨૨) ચિત્રા (૨૩) વિશાખા (૨૪) ઉત્તરા ફાલ્ગુન આ ચોવીસ નક્ષત્રો અનુક્રમે જિનદેવતાઓનાં જન્મનક્ષત્ર જાણવા.

### ✵ જન્મરાશિ

જિન ભગવાનની ૨૪ રાશિઓ. (૧) ધન (૨) વૃષ (૩) મિથુન (૪) મકર (૫) સિંહ (૬) કન્યા (૭) તુલા (૮) વૃશ્ચિક (૯) ધન (૧૦) ધન (૧૧) મકર (૧૨) કુંભ (૧૩) મીન (૧૪) મીન (૧૫) કર્ક (૧૬) મેષ (૧૭) વૃષભ (૧૮) મીન (૧૯) મેષ (૨૦) મકર (૨૧) મેષ (૨૨) કન્યા (૨૩) તુલા (૨૪) કન્યા. આ ૨૪ રાશિઓ અનુક્રમે જિન ભગવાનની જન્મ રાશિઓ જાણવી.

## ૫.૭.૪ચોવીસ યક્ષોના નામ

'દીપાર્ણવ', 'शिल्पस्मृतिवास्तुविद्यायाम्' વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે કે દરેક તીર્થંકર ભગવાનને એક-એક યક્ષ અને એક-એક યક્ષિણી હોય છે. આ રીતે કુલ ચોવીસ યક્ષો અને ચોવીસ યક્ષિણી હોય છે. ચોવીસ યક્ષો શાસન દેવતા અને યક્ષિણીઓ તીર્થંકરોની શાસનદેવીઓ ગણાય છે.

गोमुख महायक्षः त्रिमुखो यक्षनायकः ।
तुम्बढः कुसुमापि मातङ्गो विजयो ऽजितः ।।
ब्रह्म चेरचापि कुमार ः षण्मुखस्तथा ।
पातालः किन्नरश्चैवगरूड गन्धर्वकः ।।
यक्षेन्द्र कुबेर व ढणो भृकुटिस्तथा ।
गोमेधपार्श्वमातङ्गाः कार्या अहदुपासकाः ।। [३५]

## ૫.૭.૫ચોવીસ યક્ષિણીઓનાં નામ

(૧) ચક્રેશ્વરી (૨) અજિતબાલા (૩) દુરિતારી (૪) કાલિકા (૫) મહાકાલી (૬) શ્યામા (૭) શાન્તા (૮) ભ્રૂકુટિ (૯) સુતારિકા (૧૦) અશોકા (૧૧) માનવી (૧૨) ચંડા (૧૩) વિદિતા (૧૪) અંકુશી (૧૫) કંદર્પા-પન્નાગા (૧૬) નિર્વાણી (૧૭) બાલા-બલા-અચ્યુતા (૧૮) ધારિણી (૧૯) ધરણપ્રિયા (૨૦) નરદત્તા (૨૧) ગંધર્વા-ગાંધારી (૨૨) અંબિકા (૨૩) પદ્માવતી (૨૪) સિદ્ધાયિકા આ ૨૪ યક્ષિણીઓ તીર્થંકરોની ક્રમે શાસનદેવીઓ જાણવી.

### ✵ સોળ વિદ્યાદેવીના નામ

प्रथमा रोहिणी ज्ञेया प्रज्ञप्तिर्वज्रश्रृंखला ।
वज्राङ्कुशी समाख्याता चक्रेश्वरी तथैव हि ।।
नरदत्ता च काली च महाकाली च गौरिका ।
गान्धारी च महाज्वाला विज्ञातव्या च मानवी ।
वैरोटयाच्छुप्तिका चैव मानसी महामानसी ।।
इमे षोडश संख्याका विद्यादेव्यः शुभप्रदाः ।। [३६]

આ વિદ્યાદેવીઓ કલ્યાણકારિણી જાણવી.

## ૫.૭.૬ યક્ષયક્ષિણી સ્વરૂપવિશ્લેષણ

(૧) **ગોમુખયક્ષ –** સુવર્ણ જેવા વર્ણવાળો, ચાર ભુજાવાળો યક્ષ જેના હાથમાં વર-અક્ષમાલા, પાશ, બીજોરૂ, ધારણ કરેલા છે. તે હાથી ઉપર બેઠેલો હોય છે. આ યક્ષ ઋષભદેવ ભગવાનનો જાણવો. અપ્રતિચક્રા – આ યક્ષિણી ગરૂડારૂઢ હોય છે. વર્ણે તે સુવર્ણવર્ણા, આઠ ભુજા, તેના વર, બાણ, ચક્ર, પાશ, અંકુશ, ચક્ર, વજ, અને ધનુષ આ જ ચક્રેશ્વરી જાણવી. ચક્રેશ્વરી દેવી બારભુજા વાળી હોય છે. તે જયારે બાર ભુજાવાળી હોય ત્યારે તે પદ્માસનવાળી ગઢડ પર આરૂઢ થયેલી છે. તેના હાથમાં આઠ ચક્રો, બે વજ્રો, માતુલુંગ અને અભય મુદ્રા હોય છે.

(૨) **મહાયક્ષ –** આ યક્ષ શ્યામવર્ણનો હોય છે. તેનું વાહન હાથી છે. તેને ચાર મુખ અને આઠ બાહુ હોય છે. તેના હાથમાં વર, મુદ્‌ગર, માળા તેમજ પાશ બીજોરૂ, અભય, અંકુશ, શકિત છે. શ્રી અજિતનાથ ભગવાનનો આ યક્ષ ગણાય છે.

**અજિતા –** ગૌરવર્ણવાળી બકરાનાં વાહન ઉપર હોય છે. તેને ચાર હાથ છે. તેમાં વર, પાશ, બીજપૂર, અને અંકુશ હોય છે.

(૩) **ત્રિમુખ યક્ષ –** શ્યામવર્ણ, ત્રણ મુખ, ત્રણનેત્ર, વાહન-મયૂર, છ બાહુવાળો છે. આયુધ- નોળિયો, ગદા, અભય-બીજોરૂ, સર્પ અને માળા

આ યક્ષશ્રી સંભવનાથ ભગવાનો ગણાય છે. દુરિતારી – વાહન – ઘેટુ, ભુજા-ચાર આયુધ-તેર, માલા, ફલ, અભય વર્ણ-ગૌર

(૪) **ઈશ્વર –** શ્યામ વર્ણ, વાહન-હાથી, આયુધ-માતુલુંગ, અક્ષમાલા, નકુલ, અંકુશ, કાલી-વાહન, પદ્મના ઉપર બેઠેલી

વર્ણ-શ્યામ, આયુધ-ચાર હાથની યક્ષિણીનાં હાથમાં વર, પાશ, નાગ અને અંકુશ

(૫) **તુમ્બુરૂ યક્ષ –** વર્ણ-શ્વેત, વાહન- ગરૂડ, પદ્મનાં આયુધ-વર, પાશ, મુતુલુંગ, અંકુશ ચાર હાથમાં વર, શકિત, ગદા, નાગ, શ્રી સુમતિનાથ ભગવાનો યક્ષ ગણાય છે.

(૬) **કુસુમ યક્ષ –** વર્ણ-નીલ, વાહન-મૃગ, આયુધ-ચાર હાથમાં માતુલુંગ, અભય, નકુલ, અક્ષમાલા, આ યક્ષશ્રી પદ્મપ્રભુનો છે.

અચ્યુતા (શ્યામા) વર્ણ-શ્યામ, વાહન-મનુષ્ય, આયુધ-તેના ચાર હાથમાં વર, બાણ, ધનુષ્ય, અભય

(૭) **માતંગ** વર્ણ-નીલવર્ણ, વાહન-ગજ, આયુધ-ચાર હાથમાં બિલ્વફળ, પાશ, નકુલ, અંકુશ, સુપાર્શ્વનાથનો આ યક્ષ છે. શાન્તા- વર્ણ-સુવર્ણ, વાહન-ગજ, આયુધ-વર, માલા, શૂલ, અભય

(૮) **વિજયયક્ષ –** વર્ણ-લીલો, વાહન-હંસ, ત્રણ આંખ, બે હાથ, ચક્રધારી, શ્રી ચંદ્રપ્રભુનો યક્ષ છે. ચારભુજાવાળી , આયુધ-ખડગ, મુદગર, ઢાલ પરશુ, જવાલા, વર્ણ-પીળો, વાહન-હંસ

**(૯) અજિતયક્ષ -** વર્ણ-શ્વેત, વાહન-કૂર્મ, ચાર ભુજાવાળા યક્ષના હાથમાં માતુલુંગ, અક્ષમાલા, નકુલ, કુન્તક (ભોલો) શ્રી સુવિધિનાથ પ્રભુનો જાણવો.

સુતારિકા - વર્ણ-ગૌર, વાહન-ઋષભ, વર, અક્ષ સૂત્ર, કલશ, અંકુશ

**(૧૦) બ્રહ્મયક્ષ-** વર્ણ-શ્વેત, પદ્મનું આસન, ચાર મુખ, ત્રિનેત્ર, આઠબાહુ, આયુધ-માતુલુંગ, મુદ્‌ગર, પાશ, અભય, નકુલ, ગદા, અંકુશ અક્ષસૂત્રવાળો હોય છે. શ્રી શીતલનાથ ભગવાનનો આ યક્ષ હોય છે. અશોકા વર્ણ-નીલ પદ્મ ઉપર બેઠેલી છે. ચાર ભુજાવાળી વર, પાશ, ફલક, અંકુશ આયુધ

**(૧૧) મનુજ યક્ષ-** વર્ણ સફેદ, વાહન-વૃષભ, ત્રિનેત્ર, ચાર હાથ, આયુધ-ગદા, માતુલુંગ, નકુલ, અક્ષસૂત્રધારી, શ્રી શ્રેયાસનાથનો જાણવો. માનવી કાંતિ-ચંદ્ર, વાહન-સિહં, હાથમાં વર, મુદગર, કલમ અંકુશ

**(૧૨) કુમારયક્ષ-** વર્ણ-શ્વેત, વાહન-હંસ, ચારભુજાવાળો બીજપૂર, બાણ, નકુલ, ધનુષ, શ્રી વાસુપૂજય સ્વામીનો જાણવો. ચંડા-શ્યામવર્ણ, આયુધ-વર, શકિત, પુષ્પ, ગદા બીજું નામ પ્રવરા છે.

**(૧૩) ષણ્મુખ યક્ષ -** વર્ણ-શ્વેત, વાહન-મયૂર, છ મુખવાળો, બાર બાહુ, આયુધ-ફલ, ચક્ર, બાણ, તલવાર, પાશ, અક્ષસૂત્ર, નકુલ, ચક્ર, ધનુષ, ઢાલ, અંકુશ, અભય શ્રી વિમલનાથ પ્રભુનો છે. વિદિતા (વિજયા) વર્ણ-સુવર્ણ, પદ્મનાં પર બેઠેલી યક્ષિણી છે. ચાર ભુજાવાળી, બાણ, પાશ, ધનુષ, સર્પયુકત હોય છે.

**(૧૪) પાતાલયક્ષ-** વર્ણ-રાતો, વાહન-મગર, ત્રણ મુખવાળો, છ બાહુવાળો યક્ષ આયુધ-પદ્મ, ખડ્‌ગ, પાશ, નકુલ, ઢાલ, અક્ષમાલા, શ્રી અનંતનાથ પ્રભુનો આ યક્ષ છે. અંકુશા-ગૌરવર્ણ પદ્મા રૂઢા- ચતુર્ભુજ વાળી યક્ષિણીના હાથમાં ખડ્‌ગ, પાશ, ઢાલ, અંકુશ ધારણ કરેલા છે.

**(૧૫) કિન્નર યક્ષ-** વર્ણ-રકત, વાહન-કૂર્મ, ત્રણ મુખ વાળો, છ હાથવાળો, આયુધ-બીજપૂર, ગદા, અભય, નકુલ, પદ્મ અને અક્ષમાલાધારી, છે. શ્રી ધર્મનાથ પ્રભુનો યક્ષ છે. કન્દર્પા, વર્ણ-ગૌર, મત્સ્ય પર બેઠેલી છે. વાહન-અંકુશ, કમળ, અભય, પદ્મયુકત ચાર હાથની યક્ષિણી જાણવી.

**(૧૬) ગરૂડ યક્ષ -** વર્ણ-શ્યામ, વાહન-વરાહ, સુવરના મુખવાળો, ચાર ભુજાવાળો, આયુધ-પદ્મ, નકુલ, અક્ષસૂત્રધારી, બીજપૂર, શ્રી શાંતિનાથ ભગવાનનો યક્ષ જાણવો. નિર્વાણી, વર્ણ-સુવર્ણ, પદ્મના આસનવાળી યક્ષિણી છે. આયુધ-ચાર ભુજાવાળી, પુસ્તક, ઉત્પલ, કમલ, કમંડલ, યુકત જાણવી.

**(૧૭) ગન્ધર્વ યક્ષ -** વર્ણ-શ્યામ, વાહન-હંસ, આયુધ-વર, પાશ, માતુંલુંગ, અંકુશ, ભગવાનશ્રી કુજુંનાથ બાલા- (અચ્યુતા) વર્ણ-શ્વેત, વાહન-મયૂર, બીજપૂર, ત્રિશૂલ, ભુશુંડિ, કમળયુકત યક્ષિણી જાણવી.

**(૧૮) યક્ષેન્દ્ર -** વર્ણ-શ્યામ, છ મુખવાળો, બાર હાથવાળો, આયુધ-બીજપૂર, બાણ, ખડગ, મુદગર, પાશ, અભય, નકુલ, ધનુષ, ઢાલ, શૂલ, અંકુશ, અક્ષમાલા, શ્રી ખરનાથ પ્રભુનો યક્ષ જાણવો.

ધારીણી- વર્ણ નીલ, પદ્મના ઉપર આરૂઢ થયેલી છે. આયુધ-બીજોરૂ, ઉત્પલ, પદ્મ, અક્ષમાલા.

**(૧૯) કુબેર યક્ષ** - વર્ણ-નીલ, વાહન-હાથી, કૂબડો આકાર, ચાર મુખવાળો, આઠ બાહુવાળો, આયુધ- વર, ત્રિશૂલ, પરશુ, અભય, બીજપૂર, મુદગર, શકિત, અક્ષસૂત્રધારી, શ્રી મલ્લિનાથ ભગવાનો યક્ષ છે. વૈરોટયા - વર્ણ-કાળો, પદ્મના આસન ઉપર છે. આયુધ-વર, શકિત, માતુલુંગ, મુકતામાલા.

**(૨૦) વરૂણયક્ષ-** વર્ણ-શ્વેત, વાહન-વૃષભ, ત્રિનેત્ર-ચાર મુખવાળો, પ્રત્યેક મુખ ત્રણ-ત્રણ નેત્ર વાળા, આઠ બાહુઓમાં બીજપૂર, ગદા, બાણ, શકિત, નકુલ, કમળ, ધનુષ, પરશુ, જટામુકુટથી સુશોભિત શ્રી મુનિસુવ્રતનો છે. નરદત્તા- વર્ણ-સુવર્ણ, આયુધો-વર, અક્ષસૂત્ર, બીજપૂર, શૂલ

**(૨૧) ભૃકુટી યક્ષ** - વર્ણ-સુવર્ણ, વાહન-વૃષભ, ત્રિનેત્ર, ચાર મુખવાળો, આઠ બાહુવાળો, દરેક મુખ ત્રણ નેત્રવાળા, આયુધ-બીજપુર, શકિત, મુદગર, અભય, નકુલ, પરશુ, વજ્ર, અક્ષમાલા યુકત શ્રી નેમિનાથ ભગવાનો યક્ષ છે. ગાંધારી - વર્ણ-શ્વેત, વાહન-હંસ, આયુધ-વર, ખડ્ગ-બીજપૂર, અને કુન્તક ધારિણી ચતુર્ભુજા જાણવી.

**(૨૨) ગોમેધ યક્ષ** - વર્ણ-શ્યામ, વાહન-મનુષ્ય, છ બાહુવાળો, આયુધ-બીજપૂર, પરશુ, ચક્ર, નકુલ, શૂલ, શકિત શ્રી નેમિનાથ ભગવાનનો યક્ષ જાણવો. અંબિકા- વર્ણ-સુવર્ણ, વાહન-સિંહ, આયુધ-પાશ, અંકુશ, ઢીંચણ ઉપર પુત્રને ધારણ કરેલી, ચાર ભુજાવાળી યક્ષિણી જાણવી.

**(૨૩) પાર્શ્વયક્ષ** - વર્ણ-શ્યામ, હાથીના મુખવાળો, વાહન-કાચબો, સર્પની ફણા જેવા મસ્તક વાળો, ચાર હાથવાળો, બીજપૂર, સર્પ, નાગ, નકુલધારી, શ્રી પાર્શ્વનાથ ભગવાનનો યક્ષ જાણવો. પદ્માવતી- વર્ણ-સુવર્ણ, વાહન- કુકકુટ નામનો સર્પ, આયુધ-પદ્મ, પાશ, ફલક, અંકુશયુકત ચાર ભુજા વાળી યક્ષિણી જાણવી.

**(૨૪) માતંગ યક્ષ** - વર્ણ-શ્યામ, વાહન-હાથી, બે હાથમાં નકુલ અને બીજપૂરધારી આ યક્ષ શ્રી મહાવીર સ્વામીનો જાણવો. સિદ્ધાયિકા - વર્ણ-લીલો, વાહન-સિંહ, આયુધ- પુસ્તક, અભય, વીણા, અને માતુલુંગ યુકત ચાર ભુજાવાળી આ યક્ષિણી જાણવી.

## ૫.૭.૭બૌદ્ધ પ્રતિમા

બૌદ્ધ ગ્રંથોને આધારે ગૌતમબુદ્ધ સાતમાનુષી બુદ્ધોમાંનાં છેલ્લા ગણાય છે. ભારતમાં અને ભારત બહાર જયાં જયાં બૌદ્ધધર્મ ફેલાયેલો છે. ત્યાં ત્યાં બુદ્ધની અસંખ્ય મૂર્તિઓ તેના વિવિધ ભાવ અને અવસ્થા વ્યકત કરતી તૈયાર થયેલી છે.

સાધનમાલા નામના બૌદ્ધ ગ્રંથમાંથી બુદ્ધના સાત વર્ણનો મળી આવે છે. તેમાં બુદ્ધ વજ્રાસનમાં વજ્ર પર્યંક, અવસ્થામાં બેઠેલા જણાય છે. તેમનો જમણો હાથ ભૂમિ સ્પર્શ મુદ્રામાં છે અને ડાબો હાથ પોતાના ખોળામાં છે. તેમણે રાતા વસ્ત્રો પહેરેલા છે.

ભગવાન બુદ્ધની જમણી બાજુએ મૈત્રેય બોધિસત્ત્વ છે. તે ગૌર વર્ણના હોય છે તેમણે જટામુકુટ ધારણ કરેલા હોય છે. જમણા હાથમાં ચામરરત્ન અને ડાબા હાથમાં નાગકેશર પુષ્પ ધારણ કરેલા હોય છે.

ભગવાનની ડાબી બાજુએ ગૌરવર્ણનાં લોકેશ્વર છે. તેમના જમણા હાથમાં ચામર અને ડાબા હાથમાં કમલ છે. આ બંને ગૌણ દેવો મુખ્ય દેવોની સામે ધ્યાન ધરે છે.

દૈવી બોધિસત્વો પાંચ છે.[૩૭] તેમને પાંચ ધ્યાની બુદ્ધો અને તેમની પાંચ બુદ્ધ શકિતઓ હોય છે અને કેટલીકવાર તેમાં છઠ્ઠાનો ઉમેરો થાય છે.

| **ધ્યાની બુદ્ધ** | **દૈવી બુદ્ધ શકિત** | **દૈવી બોધિસત્ત્વ** |
| --- | --- | --- |
| વૈરોચન | વજ્રધાત્વીશ્વરી | સામન્ત ભદ્ર |
| અક્ષૌભ્ય | લોચની | વજ્રપાણિ |
| રત્નસંભવ | મામકી | રત્નપાણિ |
| અમિતાભ | પાણ્ડરા | પદ્મપાણિ |
| અમોઘસિદ્ધિ | આર્યતારા | વિશ્વપાણિ |
| વજ્રસત્ત્વ | વજ્રસત્ત્વાત્મિકા | ઘંટાપાણિ |

દૈવી બોધિસત્ત્વો સામાન્ય રીતે ઉભેલા કરવામાં આવે છે. કયારેક તે પ્રતિમાઓ બેઠેલી પણ જણાય છે. જો તે બેઠેલી હોય તો તે કમળનાં આસન ઉપર હોય છે. દરેકનાં એક હાથમાં કમળદંડ હોય છે. દરેક વસ્ત્ર તેમજ શિરોવેષ્ટન પહેરેલું હોય છે. તે બધાના હાથમાં કમળ હોય છે. સિવાય સામન્ત ભદ્ર.

## ૫.૭.૮ સમવસરણ

प्राप्ते केवलज्ञाने च देवकृत्समवसरणम् ।
चतुरस्त्रं वृत्ताकारं द्विविधं समवसरणम् ।। [३८]

સમવસરણનું સ્વરૂપ સ્પષ્ટ કરતા ગ્રંથકાર કહે છે, "જયારે તીર્થંકર પ્રભુને કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે દેવો સમવસરણની રચના કરે છે. ચોરસ અને ગોળ એમ બે પ્રકારે સમવસરણની રચના થાય છે. નીચે ભૂમિતળ ઉપર પીઠ (કર્ણપીઠ) કરવું. તે પર ત્રણ ગઢો (પ્રાકાર-કિલ્લા) કરવા. પ્રત્યેક ગઢની ફરતા ચારે દિશામાં ચાર દ્વાર વાપિકા-વાવડી સહિત કરવા.

પહેલો ગઢ (નીચે)નો ચાંદીનો કહ્યો છે. તેને સુવર્ણના કાંગરા છે. તે ગઢમાં દેવોનાં સર્વ વાહનો પાલખી, વિમાન, હાથી, ઘોડા છે.

નીચે રત્નને સુવર્ણનો, ત્રીજો રૂપાનો હોય, સમવસરણમાં ત્રણ ગઢ, અનુક્રમે ગણવા. બીજો ગઢ સોનાનો તેને રત્નનાં કાંગરા છે. આ બીજા ગઢમાં પરસ્પર વિરોધી જીવો જાણે સ્નેહ વાળા સહોદર હોય તેમ પ્રભુ પાસે હર્ષ સહિત બેઠા છે.

ઉપરનો ત્રીજો ગઢ રત્નનો છે. તેના કાંગરા મણિના છે. ત્રીજા ગઢમાં દેવો, મનુષ્યો, સાધુ-સાધ્વી, આદિ બાર પાર્ષદો બેસે છે. સિંહાસન પર અર્હંત પ્રભુ બિરાજે છે. પ્રભુની બેઉ તરફ યક્ષ-યક્ષિણી મણિજડિત ચામર ઢોળી રહયા છે.

ત્રણે ગઢના પ્રત્યેક દ્વાર આગળ જળપૂર્ણ વનવડીઓ એક એક ગઢે આઠ-આઠ છે. દ્વારો પર રત્નજડિત અષ્ટમંગલ અંકિત છે.

પ્રથમ નીચલા રૂપાના ગઢનાં ચારે દ્વારના પ્રતિહારો (૧) તુંબરુ (૨) કપાલી (૩) ખટ્વાંગ (૪) જટામુકુટધારી એમ ચાર છે.

બીજા ગઢમાં પૂર્વાદિ ચારે દ્વારની દેવી પ્રતિહારી (૧) જયા (૨) વિજયા (૩) અજિતા (૪) અપરાજિતા એ ચાર દેવીઓ છે તેની ચારે ભુજામાં અભય, પાશ, અંકુશ, મુદ્ગર ધારણ કરેલ છે. તેનો વર્ણ અનુક્રમે સફેદ, લાલ, સોનાવર્ણ અને નીલ છે.

ઉપરના ત્રીજા ગઢનાં ચારે દ્વારે બે બે પ્રતિહારો અનુક્રમે પૂર્વે ઈન્દ્ર અને ઈન્દ્રજય દક્ષિણે મહેન્દ્ર અને વિજય, પશ્ચિમે ધરણેન્દ્ર અને પદ્મક, ઉત્તરનાં દ્વારે સુનાભ અને સુરદુદુંભિ ઉભેલા છે. આ આઠે પ્રતિહારો વીતરાગના છે. તેના હાથમાં આયુધો છે. આ રીતે સમવસરણ કરવાનું શાસ્ત્રકારોએ શિલ્પીઓને કહ્યું છે.

### ✵ અષ્ટાપદ સ્વરૂપો

भरतस्तत्र च स्वामि संस्कारासन्नभूतले ।<br>
प्रासादं योजयामास त्रिगव्यूतिसमुच्छ्रय ः ।।[३९]

પ્રથમ તીર્થંકર ઋષભદેવ સ્વામીનાં દેહનો અગ્નિસંસ્કાર અષ્ટાપદ પર્વત ઉપર કર્યો. ત્યાં ભરત ચક્રવર્તી મહારાજે "સિંહનિષદ્યા" નામના પ્રાસાદની રચના શિલ્પી-સ્થપતિ પાસે કરાવી.

જગતીની મધ્યપદનું ગર્ભતે 'દેવતાપદ' જાણવું. થાંભલા, કુંભી, ઉદુમ્બર તે સર્વ દ્વારમાને રાખવા. પ્રાસાદનો જેટલો સવાયો, દોઢો કે બમણો મંડપ કરવો તે શુભ છે. મૂળ મંદિરની જ ડાબી જમણી તરફ અષ્ટભદ્રના પ્રાસાદો કરવા. તે તેના ગર્ભસૂત્રને અનુસરીને શુભ ઈચ્છિત કામનાવાળા એ મંડપ કરવા.

આ પ્રાસાદની એક ભૂમિ ઉપર બીજી એમ મજલાઓ માનથી કરવા. અને તેનો પ્રાસાદ ચારે તરફ દ્વારવાળો કરવો. તે પ્રાસાદ આઠભાગ, સોળભાગ, દસભાગ, બારભાગની વિભકિતનો કરવો. પ્રાસાદનાં પ્રમાણથી પ્રતિમાજી કરવાં. પ્રાસાદનાં ભદ્રે ભદ્રે રાજસેનક, વેદિકા, આસન, પટ્ટાદિ સુખાસનો કરવા.

આ અષ્ટાપદ પ્રાસાદ એકમુખનો, ત્રણ મુખનો કે ચાર મુખનો કરવો. એક મુખનાં પ્રાસાદને આગળ ત્રિશાલિકા કરવી. ચાર મુખનાં પ્રાસાદને ચારે દિશામાં મંડપો કરવા શુભ છે.

અષ્ટાપદનાં ચતુર્મુખ મંડપને રાજસેનક, વેદિકા, આસનપટ્ટ, કક્ષાસન કરવા. શાલા-આગલી ચોકીને ઈલિકા તોરણયુકત સુશોભિત કરવું. તેવા પ્રાસાદની મધ્યમાં મહામેઢ જેવી વેદિ પર ચારે દિશાએ જિનેશ્વર પધરાવવા. પહેલા આગલા બિમ્બ પ્રમાણનાં પૂર્વાદિ દિશામાં ક્રમે બે, ચાર, આઠ, અને દસ એમ ચોવીસ જિનબિમ્બ સ્થાપન કરવા. તે સર્વની દષ્ટિ સમસૂત્રમાં એક રાખવી અથવા સર્વ પ્રતિમાજીના સ્તનસૂત્ર એક સૂત્રમાં રાખવા.

આમ, સમસૂત્રનાં માન રાખતા, નીચેની ગાદી ચઢાવવી. પદનામાને પદો રાખવા. પદના અનુસરે પદો રાખવા. પદનામાનથી એક ભૂમિ, બે ભૂમિ કે ત્રણ ભૂમિના પ્રાસાદ કરવો શુભ છે. મુખ્ય આદિ પદના માને ઉપરની ભૂમિનો ઉદય રાખવો. તેના ઉપર શૃંગો ચઢાવી જટાની કલ્પના જેવું શિખર રાખવું. તેના ઉઢશૃંગો અંડકોષયુકત પ્રાસાદ કરવો.

## ૫.૭.૯ જિનપ્રાસાદ (પ્રમાણમાન)

શ્રી વિશ્વકર્મા કહે છે કે

जिनाग्रे चतुष्किका शुकाग्रे गूढमंडपः ।
गूढस्याग्रे चतुष्किका तदग्रे नृत्यमंडपः ।। ४०

જિન પ્રભુનાં પ્રાસાદ આગળ (બહાર ખુલ્લા ચોકમાં) સમવસરણ કરવું. મૂળ મંદિરના શુકનાશ એટલે કોળીમંડપ આગળ ગૂઢમંડપ કરવો અને ગૂઢમંડપ આગળ ( છ નવ) ચોકીઓ કરવી. તેનાથી આગળ નૃત્યમંડપ કરવો.

મૂળ પ્રાસાદના માનની ફરતી એકસો આઠ દેવકુલિકાઓ મૂળમંદિર સાથે કરવી તેમજ ચોરાશી તથા બોતેર દેવકુલિકાઓ તથા બાવન દેવકુલિકાઓ અને ચોવીસ દેવકુલિકાઓ મૂળમંદિર સાથે કરવાનું શ્રી વિશ્વકર્માએ કહ્યું છે તેવા જયેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણે પ્રકારનાં માનનાં પ્રાસાદો ઉત્તમ જાણવા.

પચ્ચીસ ભાગ પહોળાઈ અને અઠાવીસ ભાગ ઉંડાઈ, લંબાઈનું ક્ષેત્ર કરવું. તેના ચાર ખૂણાનાં એક-એક પદ લોપવા. વીસ-વીસ આંગળ પાછળ દેવકુલિકાઓ અને બાજુમાં વીસ-વીસ દેવકુલિકાઓ ત્રણ મહાધર અને મુખ્ય પ્રાસાદ સહિત ચોરાસી જિનાયતને સર્વ કલ્યાણ કરનાર એવું જિણમાલ નામ આપવું.

મૂળ પ્રાસાદની ડાબી, જમણી બાજુએ પચ્ચીસ-પચ્ચીસ, પાછળ અગિયાર અને આગળ દસ દેવકુલિકાઓ. આમ, મૂળ પ્રાસાદ સહિત બોતેર જિનાયતનની રચના કરવી.

મૂળ પ્રાસાદની ડાબી-જમણી બાજુ સતર-સતર આગળ આઠ અને પાછળ નવ દેવકુલિકાઓ. આમ, મૂળ પ્રાસાદ સહિત બાવન જિનાયતનની રચના કરવી.

ચોવીસ જિનાલય બે પ્રકારે થઈ શકે છે. મૂળ પ્રાસાદની આગળ અથવા પાછળ દેવકુલિકાઓ થાય. તેમાં બે બાજુ આઠ-આઠ, પાછળ સાત અને એક મૂળ પ્રાસાદ સહિત ચોવીસ જિનાલય કરવા. કદાચ સ્થાન જગ્યાનો આશ્રય જાણીને બાજુની દેરીઓ આગળ-પાછળ વધારવો પડે. અગર તેમાં ઓછા-વધતું કરવું પડે તો દોષ ન જાણવો.

## ❋ પ્રતિમામાન

प्रासादमाने स्यादर्चा द्वारमाने विशेषतः ।
प्रमाणं द्वारमानेन ह्यन्यथा निष्फलं भवेत् ।। [૪૧]

પ્રાસાદમાની પ્રતિમા દ્વારમાને કરવી શુભ છે. કારણ કે પ્રતિમાનું માન દ્વારમાને લેવું સારું, અન્યથા નિષ્ફળ જાય છે.

## ❋ બેઠી પ્રતિમામાન

દ્વારમાને પ્રતિમા કરવાનું ચાર પ્રકારનું પ્રમાણ નીચે પ્રમાણે જાણવું. પ્રથમ દ્વારની પહોળાઈનાં ચાર ભાગ કરી તેમાંથી એક ભાગ છોડી ત્રણ ભાગની, બીજુ શાખાઓનાં અંત ભાગ સુધીની, ત્રીજુ શાખાઓનાં ઉદરમાં પ્રવેશતી અને ચોથું ત્રણ ભાગ કરી બે ભાગની પ્રતિમા કરવી.

## ❋ ત્રિવિધમાન

ચોમુખ પ્રાસાદમાં ચારે દિશામાં પ્રતિમાસ્થાપન કરવાને દ્વારમાને પ્રતિમામાન નીચે પ્રમાણે ત્રિવિધમાન લેવું. પાંચ ભાગ કરી ચાર ભાગે દ્વારનાં પ્રાન્તભાગે અને પહોળાઈનાં અર્ધા ભાગે શોભાયમાન પ્રતિમામાન કરવું.

## ❋ સ્વરૂપવિભાગ

પ્રતિમાની ઉંચાઈનાં માનમાં ચાર ભાગો કરવા. અને તે ચાર ભાગોમાં ચૌદ-ચૌદ આંગળો અર્થાત ચૌદ-ચૌદ વિભાગો કરવા. આ આંગુલ પ્રમાણે કુલ છપ્પન આંગુલ યુકત પ્રતિમાની કેશાંત પર્યંતની ઉંચાઈ થઈ અને ઉંચાઈનાં પ્રમાણે પહોળાઈ પણ છપ્પન ભાગોથી યુકત કરવી તે સર્વકામનાઓને આપનારી છે.

પ્રતિમાના આસનની ઉંચાઈ આઠ આંગળની કરવી. પગ આઠ આંગળ જાડા કરવા. કરતુલા ચાર આંગળના કરવા.ગુહ્યભાગ ચાર આંગળનો કરવો. ગુહ્યભાગથી રત્નગર્ભ સુધીનો ભાગ ચૌદ આંગળ, સ્તનગર્ભ થી કંઠ સુધીનો હૃદયભાગ તેર આંગળ અને કંઠથી કેશાંત સુધીનો ભાગ મુખભાગ પણ તેર આંગળનો કરવો. મુખનાં તેર ભાગોમાં ચાર આંગળનું કપાળ, પાંચ આંગળની નાસિકા, એક-એક આંગળની નાસિકા અને ઓષ્ઠનો મધ્યભાગ તથા ઉપરનો ઓષ્ઠથી નીચે દાઢી સુધીનો ભાગ ત્રણ આંગળ કરવો.

નાસિકા અને ઓષ્ઠ વચ્ચેનો પ્રવેશભાગ એક આંગળનો રાખવો. બન્ને ઓષ્ઠ અર્ધા-અર્ધા

આંગળનાં અને દાઢી બે આંગળની કરવી.

મુખની પહોળાઈ ચૌદ આંગળની કરવી તથા ગળું જાડુ દશ આંગળ કરવું. અને બન્ને સ્તનનો મધ્યભાગ પહોળાઈમાં બાર આંગળ રાખવો.

બંન્ને કાખનો મધ્યભાગ બાવીસ આંગળનો તથા કટિ (કમર)ની પહોળાઈ સોળ આંગળની કરવી.

બાહુ વિસ્તારમાં ઉપરનો ભાગ આઠ આંગળ જાડો કરવો. કોણીથી નીચેના હાથનો ભાગ સાત આંગળ જાડો કરવો અને કોણીથી આંગળીઓ સુધીનો હાથ નો ભાગ અઢાર આંગળ લાંબો કરવો તથા પંજો આઠ આંગળ પહોળો કરવો.

કાંડામાં હાથ જાડો ચાર ભાગ અને બાહુનો આગળનો ભાગ પહોળો પાંચ ભાગ કરવો. તથા કોણીએ સાડા સાત જાડો તથા પેટ તથા હાથની વચ્ચે બે ભાગની ઘસી કરવી.

આસન (પલાંઠી થી પૃષ્ઠભાગ સુધી) પહોળું અઠાવીસ ભાગ કરવું અને કર્ણ સહિત મસ્તક સોળ ભાગ પહોળું કરવું તથા  કાનથી નાસિકાનો અગ્રભાગ દશ ભાગનો રાખવો.

કાન લાંબો દશ આંગળ અને પહોળો બે આંગળનો કરવો તથા આંખ લાંબી ચાર આંગળ અને પહોળી બે આંગળ કરવી કપાળ અને દાઢી નાસિકાનાં અગ્રભાગેથી ત્રણ ભાગ અંદર પડતી કરવી.

ગળું દશ આંગળ જાડુ કરવું. કર્ણની લંબાઈ દશ આંગળ કરવી તથા સાડા ત્રણ આંગળની પહોળાઈ કરવી અને બહારે નીકળતો કાન એકેક ભાગનો કરવો. ઉદર આઠ ભાગ પહોળુ અને અગિયાર ભાગ ઉંચું કરવું, કમર અને બાહુનો મધ્યભાગ ત્રણ ભાગ રાખવો.

પગ પંદર ભાગ રાખવો. પગની પિંડીઓ એક-એક ભાગની કરવી તથા આસન વાળેલા પગનાં મૂળમાં પાણી જવાનુ છિદ્ર બે ભાગ લાંબુ કરવું અને બે ભાગ પહોળું કરવું. પગની આગળની તેમજ પાછળની જંઘાઓ બાર ભાગ જાડી કરવી. અંગૂઠા પાસેનો પગનો પંજો ચાર ભાગ જાડો કરવો તથા પલાઠીનાં મધ્યભાગમાં છ ભાગ ખોદી ડાબો પગ દેખાડવો.

શાસ્ત્રાનુસાર સર્વલક્ષણોથી યુકત પ્રતિમાનું સ્વરૂપ કરવું.

ઉભી પ્રતિમાનાં પ્રમાણથી બેઠી પ્રતિમાનું પ્રમાણ અર્ધું અથવા ચોપન આંગળનું કરવું.

પદ્માસનથી બેઠેલી પ્રતિમાનાં બે ઢીંચણ સુધીનું માપ લેવું. તે પ્રથમ સૂત્ર તે જ સૂત્રનાં માપે જમણા ઢીંચણથી ડાબા ખભા સુધીનું બીજું સૂત્ર, ડાબા ઢીંચણથી જમણા ખભા સુધીનું ત્રીજુ સૂત્ર અને ગાદીના ઉપરથી કેશ સુધી ઉંચાઈ માપવી. તે ચોથુ સૂત્ર. આ ચાર સૂત્રનાં માપમાં પ્રતિમા કરવી.

## ❋ ઉભી (જિનમૂર્તિ) પ્રતિમામાન

ઉભી પ્રતિમાનાં મુખની લંબાઈ બાર આંગળ, ગળુ ચાર આંગળ, કંઠ થી હૃદય બાર આંગળ , નાભિ બાર આંગળ, નાભિથી લિંગ સુધી બાર આંગળ, લિંગથી ઢીંચણ સુધી ૨૪ આંગળ, ઢીંચણ ચાર આંગળ થી પગની ઘુંટી સુધી ચોવીસ અને ઘુંટીથી પગની પાની સુધી ચાર આંગળ કરવા. કુલ ઉંચાઈના ભાગ ૧૦૮ આંગળ તે કેશાન્ત સુધી જાણવા. જિનેશ્વરનું કેશસ્થાન પાંચ આંગળ ઉંચું કરવું. તેમાં કેશ ત્રણ ભાગ અને બે આંગળ શિખા ઉન્નત કરવી.

બાર આંગળ લંબાઈમાં અને બાર આંગળ વિસ્તારમાં કેશ સિવાય મુખ કરવું. તેમાં ચાર આંગળ કપાળ, ચાર આંગળ લાંબી નાસિકા અને ચાર આંગળ મુખ દાઢી સહિત કરવું.

निर्दोषा जायमाना स्यात् शिल्पिदोषे महद्भयम् ।
शास्त्रहीनं न कर्तव्यं स्वामिसर्वधनक्षय ः ।। [૪૨]

શાસ્ત્ર પ્રમાણાનુસાર નિર્દોષ પ્રતિમા કરવામાં આવે તો સિદ્ધિ પ્રાપ્ત થાય પરંતુ શિલ્પીથી માનપ્રમાણમાં દોષ થાય તો મોટો ભય ઉત્પન્ન થાય તેમજ શાસ્ત્રનાં પ્રમાણ રહિત પ્રતિમા કરવામાં આવે તો કરાવનાર સ્વામીનાં ધનનો નાશ થાય છે.

## ❋ શુભાશુભમૂર્તિ

એક આંગળની ઊંચી પ્રતિમા શ્રેષ્ઠ બે આંગળની ધનનો નાશ કરનારી, ત્રણ આંગળની પ્રતિભા વૃદ્ધિ કરનારી, ચાર આંગળની પ્રતિમા કરવી નહિ. પાંચ આંગળની વૃદ્ધિ કરનારી, છ આંગળ ની ઉદ્વેગ કરનારી, સાત આંગળની નવીન ધનાદિની વૃદ્ધિ કરનારી, આઠ આંગળની ન કરવી, નવ આંગળની પુત્ર આપનારી, દશ આંગળની દ્રવ્યહિન કરનારી, અગિયાર આંગળની ઉંચી પ્રતિમા તરત કામ અને અર્થની સિદ્ધિ આપનારી જાણવી.

## ❋ શુભાશુભ રેખાઓ

## ❋ શુભરેખા

પાષાણ અગર લાકડાની મૂર્તિમાં નંદ્યાવર્ત શેષનાગ, ઘોડો, શ્રીવત્સ, કાચબો, શંખ, સ્વસ્તિક, હાથી, ગાય, બળદ, ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય, છત્ર, માલા, ધ્વજા, શિવલિંગ, તોરણ, હરણ, પ્રાસાદ, કમળ વજ્ર, ગઢડ, શિવનાં સમાન રેખા હોય તો શુભ જાણવી.

## ❋ અશુભ રેખા

હૃદય, મસ્તક, કપાળ બંને ગાલ, બે કાન, બે ખભા, મુખ, પેટ, પૃષ્ઠભાગ, બે હાથ, બંને પગ આ સર્વે અંગો આસમાની અગર કાળી, રેખાઓ અર્થાત લીંટા હોય તો તેવી પ્રતિમા અવશ્ય ત્યજવી જોઈએ.

આ અંગ સિવાય બીજે ઠેકાણે હોય તો તે પ્રતિમા મધ્યમ, પરંતુ ખરાબ તીરાડો વિનાની સ્વચ્છ, ચિકણી, ઠંડી અને પોતાના વર્ણની રંગની રેખાઓવાળી હોય તો દોષકર્તા જાણવી નહિ.

આ પ્રમાણે પ્રતિમાની ઉંચાઈનું પ્રમાણ કહ્યું તેમા એકી સંખ્યાએ ઉંચી પ્રતિમા કરવી શુભ છે. ઉંચી પ્રતિમા પ્રાસાદમાં પૂજવી.

જો હીનઅંગવાળી પ્રતિમા હોય તે દોષકર્તા છે.

## ૫.૮. પ્રાસાદસંબંધી દેવતાઓનું દષ્ટિ પ્રમાણ અને દેવતા દિઙ્મુખાધિકાર

બ્રહ્મા, વિષ્ણુ અને શિવનાં ભાગ સુધી, ઉંબરા સુધી તેમજ દ્વારનાં અર્ધભાગ સુધી શિવલિંગોની દષ્ટિ રાખવી. દ્વારની ઉંચાઈમાં આવેલુ જે માન તેને આઠે ભાગવું. અને તે ભાગોનાં શુભ અને અશુભ સ્થાનોમાં રહેલી દષ્ટિ ક્રમે હિત અને અહિત ફલને આપનારી જાણવી.

જે આઠભાગોમાના એકેક ભાગમાં ફરી આઠ-આઠ ભાગો કરવાથી કુલ દ્વારનાં ઉંબરાથી આરંભી શાખાના અંત સુધી ચોસઠ (૬૪) ભાગો થાય છે તેમનાં સર્વ વિષમ (એકી) સ્થાનોમાં દેવતાની દષ્ટિ યોજવી. ચોસઠ ભાગોમાંના એકીવાળા બત્રીસ સ્થાન દષ્ટિસ્થાન તથા બેકીવાળા બત્રીસ સ્થાન વિલોમ એટલે દષ્ટિહીન સ્થાન જાણવા.

### ❋ શુભાશુભ દષ્ટિ વિશે

नगरे ग्रामे पुरे राष्ट्रे तीर्थे तपोवनाश्रये ।
धष्टिपातहतं यच्च न पुन प्ररोहति ।। [४३]

યથાસ્થાનમાં નગર, ગ્રામ, પુર, રાષ્ટ્ર, તીર્થ, તપોવન અને આશ્રમ. આ સ્થાનો જો વિલોમ સ્થાનમાં રહેલી દેવતાની દષ્ટિથી હણાય તો તે ફરી સજીવન થતાં નથી. અર્થાત્ સમૂળુ નષ્ટ થાય છે.

યોગ્ય સ્થાનમાં પ્રતિષ્ઠિત થયેલી દષ્ટિ શુભ છે અને વિલોમ સ્થાનમાં રહેલી દષ્ટિથી અશુભની પ્રાપ્તિ થાય છે. દષ્ટિદોષના પરિણામે સ્થાનનો નાશ તથા ધનનો ક્ષય થાય છે.

યોગ્ય સ્થાનથી ઉંચી દષ્ટિ હોય તો દ્રવ્યનો નાશ થાય અને નીચી હોય તો ભોગોની હાનિ કરે છે. તથા સમદષ્ટિ સદાસર્વદા સર્વકાળ સુખ આપનારી છે. એમા કોઈ વાતનો સંશય નથી.

### ❋ દષ્ટિ સ્થાન (સર્વદેવતાઓની)

ઉંબરાથી ઓતરંગ સુધી જે પ્રમાણે દેવતાઓનાં ક્રમસ્થાન કહેલા છે. તે પ્રમાણ 'शिल्परत्नाकरः' ના ચતુર્થ રત્નના સમજાવવામાં આવ્યા છે.

આદિ, સૃષ્ટિ, અષ્ટિ, તત્વ, આયુર, લક્ષ, વિજ્ઞ, પ્રાજ્ઞ, શાંતિ આ નવ તત્ત્વોમાં શિવ રહેલા છે.

(૧) પ્રથમ સ્થાનમાં સૃષ્ટિ તત્ત્વ

(૨) ત્રીજા સ્થાનમાં સૃષ્ટિ તત્ત્વ

(૩) પાંચમામાં તત્ત્વ

(૪) સાતમામાં અષ્ટિ તત્ત્વ

(૫) નવમામાં આયુર તત્ત્વ

(૬) અગિયારમાં લક્ષતત્ત્વ

(૭) તેરમામાં વિજ્ઞતત્ત્વ

(૮) પંદરમામાં પ્રાજ્ઞ તત્ત્વ

(૯) સત્તરમામાં શાંતિ તત્ત્વ

આ નવ શિવતત્ત્વો વડે સ્થિત થયેલા ભાગો જાણવા. આ નવ તત્ત્વોની ઉપર ક્રમથી વ્યકતાવ્યકત તત્ત્વો રહેલા છે.

| | |
|---|---|
| ઓગણીસમાંમાં ભાગમાં | અવ્યકત |
| એકવીસમાં માં | વ્યકતા વ્યકત |
| ત્રેવીસમાં માં | વ્યકત જાણવું. |
| પચીસમાં માં | શેષનાગની દષ્ટિ |
| સતાવીસમાં માં | જલશાયી ભગવાનની દષ્ટિ |
| ઓગણત્રીસમાં માં | ગરૂડની દષ્ટિ |
| એકત્રીસમાં | માતૃગણની દષ્ટિ |
| તેત્રીસમાં | કુબેરની દષ્ટિ |
| પાંત્રીસમાં | ભૃંગ, વારાહની દષ્ટિ |
| સાડત્રીસમાં | ઉમા અને રૂદ્રની દષ્ટિ |
| ઓગણચાલીસમાં | બુદ્ધ ભગવાનની દષ્ટિ |
| એકતાલીસમાં | બ્રહ્મા સાવિત્રીની દષ્ટિ |
| તેતાલીસમાં | દુર્વાસા, અગસ્ત્ય, નારદની દષ્ટિ |
| પિસ્તાલીસમાં | લક્ષ્મી નારાયણની દષ્ટિ |

| | |
|---|---|
| સુડતાલીસમાં | ધાતા (બ્રહ્મા)ની દષ્ટિ |
| ઓગણપચાસમાં | શારદા અને ગણપતિની દષ્ટિ |
| એકાવનમાં | બ્રહ્માની દષ્ટિ |
| ત્રેપનમાં | હરસિદ્ધિની દષ્ટિ |
| પંચાવનમાં | બ્રહ્મા, વિષ્ણુ, સૂર્યને જિનમૂર્તિની દષ્ટિ |
| સતાવનમાં | શુક્રાચાર્યની દષ્ટિ |
| ઓગણસાઈઠમાં | ચંડિકા દેવીની દષ્ટિ |
| એકસઠમાં | ભૈરવની દષ્ટિ |
| ત્રેસઠમાં | વૈતાલની દષ્ટિ |

ચોસઠનું પદ શૂન્ય રાખવું કારણે કે તે મહામર્મનું સ્થાન છે.

અંતમાં ગ્રંથકારે આનું મહત્ત્વ રજૂ કરતાં કહ્યું છે કે –

धर्मार्थकाममोक्षाणां द्रष्टिस्थापनपूजनात् ।
सर्वाचाद्रष्टिसंस्थानं मुक्तिमुक्तिप्रदं भवेत् ।।[૪૪]

દષ્ટિના સ્થાપન અને પૂજનથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરૂષાર્થોની સિદ્ધિ થાય છે તથા સર્વ દેવતાઓની દષ્ટિઓનું આ સ્થાપન ભોગ અને મુકિતને આપનારું છે.

## ❋ દેવતા દિક્મુખાધિકાર

શ્રી વિશ્વકર્મા કહે છે કે જે દેવો જે દિશાનાં મુખના હોય, તે દિશા ભણી મુખ રાખીને બેસાડવા. ઉત્તર દિશાનાં મુખવાળા દેવોને દક્ષિણ દિશાનાં મુખ ભણી બેસાડવા નહિ.

(૧) પૂર્વમુખ દેવો

બ્રહ્મા, વિષ્ણુ, શિવબાણલિંગ, રાજલિંગ, મુખલિંગ, સૂર્ય, ઈંદ્ર, કાર્તિક સ્વામી, જીન

(૨) અગ્નિકોણ

અગ્નિ દેવ, દિક્પાલ

(૩) દક્ષિણ મુખ

નાગેશ, ક્ષેત્રપાળ, તિરૂતિ, ભૈરવ, અઘોરશિવ, જીન, ભૃંગરાજ, કુબેર, ગાંધર્વ, ગ્રહ, માતૃકાગણ, નકુલીશ, નાગ, ચંડીશ, હનુમંત, યમ, વૈતાલ, પિતૃગણ, યક્ષ, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત,

પિશાચ, અને શુદ્ર જાતિનાં દેવ-દેવીઓ

(૪) નૈઋત્ય મુખ

નિર્ઋતિ, ક્ષેત્રપાલ, ભૈરવ, હનુમંત

(૫) પશ્ચિમ મુખ

બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સૂર્ય, ઈન્દ્ર, સ્કંદ, (કાર્તિક), અગ્નિ, વરૂણ દેવ, દ્વિજરાજ, રૈવત, જિન

(૬) વાયવ્ય મુખ

વાયુદેવ, દિક્પાલ

(૭) ઉત્તરમુખ

કુબેર, શિવલિંગ, બ્રહ્મા, જીન, ગણેશ (વિષ્ણુદશાવતાર)

(૮) ઈશાનમુખ

ઈશાન, ઈશ-દિક્પાલ

(૯) ચતુર્મુખ

શિવલિંગ, બ્રહ્મા, જીન, યજ્ઞમંડપ, હોમશાલા

## ૫.૯ પ્રાસાદના દેવતાઓનું પૂજન વિધાન

પ્રાસાદમાં દેવતાઓનું આવાહન કરી સ્થાપના કરવી અને પ્રાસાદના દરેક થરમાં અલગ-અલગ દેવતાઓ સ્થાપવા. પ્રાસાદનાં ખડસલમાં વારાહ દેવતા અને વારિમાર્ગમાં નાગ દેવતાનું આવાહન અને પૂજા કરી નાગકુલ સાથે તેમની સ્થાપના કરવી.

દરેક કુંભીમાં જલદેવતા, પુષ્પકંઠમાં, અસુર દેવતા, જાડંબામાં નંદિની (કામધેનુ) અને બંને કર્ણિકાઓમાં વિષ્ણુ દેવતાનું આવાહન કરી સ્થાપના કરવી.

ગજપીઠમાં શ્રી ગણેશ, અશ્વપીઠમાં અશ્વિનીકુમાર, નરપીઠમાં નરદેવ, ખરામાં પૃથ્વીદેવનું આવાહન કરી સ્થાપન કરવું.

પ્રાસાદનાં ભદ્રના કુંભામાં ત્રણ સંધ્યા, કલશમાં પાર્વતી દેવી, કેવાલમાં ગંધર્વ દેવતા, મંચિકામાં સરસ્વતી દેવીનું આવાહનપૂર્વક સ્થાપન કરવું.

જાંઘીમાં દિક્પાલો, ઉદ્દગમ (ડોઢિયા) માં ઇન્દ્રદેવ, ભરણીમાં સાવિત્રી, શિરાવટીમાં દેવીઓ, કપોતલી (પુષ્પકંઠ)માં વિદ્યાધરી, અન્તરાલમાં સુર અને કૂટછાદ્ય (છાજા)માં પર્જન્ય (મેઘ દેવતા)ની આવાહનપૂર્વક પૂજા કરી સ્થાપના કરવી. આ પ્રમાણે થરોની પૂજા કરી દેવપ્રતિષ્ઠા કરવી.

દ્વારશાખાઓમાં ચંદ્ર અને સૂર્ય, ઉત્તરંગમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ઉંબરામાં યક્ષ, અર્ધચંદ્ર (શંખાવટ)માં અશ્વિનીકુમાર, કોળીમાં શેષનાગ, ઉતમપટ્ટમાં પૃથ્વી, સ્તંભોમાં પર્વત દેવતાઓ, ઘુંમટમાં આકાશ દેવતાની આવાહન પૂજાપૂર્વક સ્થાપના કરવી.

પ્રાસાદનાં ગભારામાં જે દેવતાનો પ્રાસાદ હોય તેમને સ્થાપવા. પરનાલમાં મગરના મુખે ગંગાજી અને શિખરનાં ઉઢશૃંગોમાં પાંચ-પાંચ દેવતાઓની આવાહનયુકત સ્થાપના કરવી.

શિખરમાં ઈશ્વર અને શિખા (કળશ)માં ઈન્દ્રની સ્થાપના કરવી. બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર આ ત્રણેય પ્રાસાદદેવતાને સદા પ્રિય છે.

આમલસારાનાં ગળામાં અમરદેવતા, આમલસારામાં નિશાચર, પદ્મપત્ર (ચંદ્રરસ)માં પદ્માક્ષ દેવતા, કલશમાં સદાશિવ, છાજાની ડાબી બાજુમાં અઘોર દેવતા, જમણી બાજુમાં તત્પુઢષ તથા અઘોર દેવતાનો ઈશ ભૈરવ દેવતા સ્થાપવો. આ પ્રમાણે ગર્ભ સુધી પ્રાસાદનાં પાંચ અંગોમાં દેવતાઓની સ્થાપના અને પૂજન કરવું.

अर्चायुक्तिथरस्तंभपीठमंडोवरेषु च ।
पूजनं लोपयद्यत्र निष्फलं तत्प्रजायते ।। [४५]

દેવતાની પૂજા, પ્રાસાદના થરો, સ્તંભ, પીઠ અને મંડોવર આદિની પૂજામાં જો દેવતાઓના પૂજનનો લોપ કરવામાં આવે તો પૂજાફળ નિષ્ફળ જાય છે અને પ્રાસાદ કરાવ્યાનું ફળ પ્રાપ્ત થતું નથી.

## ૫.૧૦ પ્રતિષ્ઠા સંબંધી મીમાંસા

उक्तपूर्णे तु पुण्याहे प्रतिष्ठा सर्वसिद्धिदा ।
खौ सौम्यायने कुर्याद देवानां स्थापनादिक्रम् ।। [४६]

પૂર્વોકત વિધિ પ્રમાણે જયારે પ્રાસાદ સંપૂર્ણ થાય ત્યારે શુભમુર્હૂતમાં પ્રતિષ્ઠા કરવી તે સર્વ પ્રકારની સિદ્ધિઓને આપનારી છે જયારે સૂર્ય ઉત્તરાયણનો થયેલો હોય ત્યારે દેવતા વગેરેની સ્થાપના કરવી.

शुभे दिने मुहूर्ते च लग्ने सौम्ययुतर्क्षके ।
अभिषेकः प्रतिष्ठा च प्रवेशादिकमर्घ्यतः ।। [४७]

શુભ દિવસે શુભ મુહૂર્તમાં અને શુભ નક્ષત્રયુકત શુભ લગ્નનાં દેવતાઓની પ્રતિષ્ઠા, અભિષેક તથા દેવગૃહ પ્રવેશ વગેરે કાર્યો પૂજનપૂર્વક કરવાં.

### ૫.૧૦.૧ મંડપ વિધાન

પ્રાસાદનાં અગ્રભાગે તથા ઈશાન કોણમાં અને ઉત્તરદિશામાં ત્રણ, પાંચ, સાત, નવ, અગિયાર, ચૌદ ગજનાં અંતરે મંડપની રચના કરવી શુભ છે. શુભવારે અને શુભતિથિમાં પ્રતિષ્ઠાનો મંડપ કરવા માટે શુદ્ધ પૂર્વ દિશા સાધવી. તે પહેલાં પૃથ્વીની બ્રાહ્મણાદિ વર્ણ તથા શલ્યાદિની પરીક્ષા

કરવી અને પછી ભૂમિને બાળી એક હસ્ત ખોદવી અને તેમાં જલ ભરી વહેતું મૂકવું. વગેરે યુક્તિઓથી શુદ્ધ કરવી. ત્યાર પછી ભૂમિને દર્પણનાં સમાન સાફ ચિકણી બનાવવી. પછી શ્રેષ્ઠ બ્રાહ્મણો પાસે પૂણ્યાહવાંચન કરાવી, કૂર્મ, શેષનાગ અને પૃથ્વી એમની પુષ્પાદિ સામગ્રી વડે પૂજા કરવી.

### ❋ પ્રથમ મંડપ પ્રમાણ

મંડપ આઠ, દશ, બાર, સોળ, ગજ સુધીનો કરવો અને તે સોળ થાંભલા તેમજ તોરણ વગેરેથી સુશોભિત કરવો.

### ❋ દ્વિતિય માન

દશ અથવા બાર હસ્તનો મંડપ કનિષ્ઠ, બાર અથવા ચૌદ હાથનો મધ્યમ તથા સોળ અથવા અઢાર હાથનો શ્રેષ્ઠ કહેવાય છે અને તુલાદાનમાં વીસ હાથનો મંડપ ઉત્તમ કહેવાય છે. મંડપની ભૂમિ એક હાથ અથવા અર્ધો હાથ (ગજ) ઉંચી કરવી અને જો બીજો મંડપ બનાવવો હોય તો જેટલા હાથનો મંડપ હોય તેટલા હાથ પૂર્વ મંડપથી જમીન છોડી પછી બીજો મંડપ બનાવવો. કનિષ્ઠ મંડપોમાં પૂર્વાદિ દિશાઓની મધ્ય-વચમાં બે - બે ગજ પહોળા ચાર દ્વારો દિશાઓમાં કરવાં. મધ્યમ મંડપોમાં બે ગજ ચાર આંગળ પહોળા તથા ઉત્તમ મંડપોમાં બે ગજ આઠ આંગળનાં પહોળા ચાર દ્વારો કરવા અને મંડપના ત્રીજા ભાગે મધ્યમાં એક વેદિ કરવી અર્થાત મંડપના નવ ભાગ કરી મધ્યમાં વેદિ કરવી યોગ્ય છે.

## ૫.૧૦.૨ ધ્વજાપતાકા

પૂર્વાદિ ક્રમથી આઠ ધ્વજાઓ કરવી તે આઠ બે-બે ગજની પહોળી તેમજ પાંચ-પાંચ ગજની લાંબી કરવી જોઈએ. તેમાં પૂર્વમાં પીતવર્ણ અને હાથીનાં ચિત્રસહિત ઈન્દ્રધ્વજ-

(૧) અગ્નિકોણમાં લાલ વર્ણ અને ઘેટાનાં ચિત્રયુક્ત અગ્નિધ્વજ (૨) દક્ષિણમાં કૃષ્ણવર્ણ અને પાડાના ચિત્રયુક્ત યમધ્વજ (૩) નૈઋત્યમાં નીલવર્ણ અને શ્વાનનાં ચિત્રયુક્ત રાક્ષસધ્વજ (૪) પશ્ચિમમાં શ્વેત વર્ણ અને મગરનાં ચિત્રયુક્ત વરૂણધ્વજ (૫) વાયુકોણમાં લીલો વર્ણ અને મૃગનાં ચિત્રયુક્ત વાયુધ્વજ (૬) ઉત્તરમાં શ્વેતવર્ણ અને હાથીનાં ચિત્રયુક્ત કુબેર ધ્વજ (૭) ઈશાન કોણમાં શ્વેત વર્ણ તથા (૮) પૂર્વ કોણમાં બળદનાં ચિત્રયુક્ત શિવધ્વજ કરવો. આ આઠે ધ્વજો દશ ગજ લાંબા વાંસના ધ્વજદંડોમાં પરોવી ધ્વજદંડની ઉંચાઈનાં પાંચમા ભાગે અર્થાત બે ગજ જેટલા જમીનમાં દાટી આઠ દિશાઓમાં ફરકતા મૂકવા.

આ પતાકાઓ સાત હાથ લાંબી, એક-એક હાથ પહોળી ત્રિકોણાકાર કરવી અને પૂર્વોક્ત ઈન્દ્રાદિ લોકપાલોના વર્ણ તથા નીચે આપેલાં આયુધોયુક્ત કરી દશ ગજ લાંબા વાંસના દંડમાં પરોવી પૂર્વાદિ ક્રમે જમીનમાં દાટવી. ઈન્દ્રનું આયુધ વજ્ર, વહિનું શક્તિ, યમનું દંડ, રાક્ષસનું ખડગ, વરૂણનું પાશ, વાયુનું અંકુશ, કુબેરનું ગદા, શિવનું ત્રિશુલ, આયુધ જાણવું તથા મંડપનાં મધ્યભાગે દશગજ લાંબા વાંસ ઉપર સાત ગજ લાંબો અને ત્રણ ગજ પહોળો તેમજ છેડે ઘુઘરીવાળો અને શિરોભાગે

ચામર વાળો મિશ્રિત રંગનો ધ્વજ લગાડવો. મંડપનાં વિધાનને વધારે સ્પષ્ટ કરતાં કહે છે કે –

> दिशि याम्यायां कुर्यादधिवासनमण्डपं बुधः प्राग्वा ।
> तोरणचतुष्टययुतं शस्तद्रुमपल्लवच्छन्नम ॥ [૪૮]

વિદ્વાન મનુષ્યે દક્ષિણ અથવા પૂર્વ દિશામાં અધિવાસન મંડપ પ્રતિમાની પ્રતિષ્ઠાવિધિ માટેનો મંડપ તૈયાર કરાવવો. એ મંડપમાં ચાર તોરણ દ્વારની રચના કરવી. તેને પ્રશસ્ત વૃક્ષોનાં પર્ણો અને પલ્લવોથી આચ્છાદિત કરવાં.

મંડપનાં પૂર્વભાગમાં વિવિધ રંગની પુષ્પમાળાઓ અને પતાકાઓ લગાડવી. અગ્નિખૂણામાં રકત, નૈઋત્ય ખૂણામાં કૃષ્ણ, પશ્ચિમ દિશામાં શ્વેત, વાયવ્ય ખૂણામાં પાંડુવર્ણની, ઉત્તર દિશામાં વિવિધરંગની અને ઈશાનખૂણામાં પીત વર્ણની પુષ્પમાળાઓ અને પતાકાઓ સજાવવી.

## ❋ દેવપ્રતિષ્ઠા

### ➢ શુભ વાર, નક્ષત્ર, માસ

'शिल्पस्मृतिवास्तुविद्यायाम्' ના ચૌદમાં અધ્યાયમાં દેવ પ્રતિષ્ઠા કરવાનો ઉત્તમ સમય કહેલો છે. માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, જયેષ્ઠ એ માસ અને શુક્લ પક્ષ અને ઉત્તરાયણના સૂર્યમાં દેવોની પ્રતિષ્ઠા કરવી શુભ છે.

પ્રતિષ્ઠામાં સોમ, બુધ, ગુરૂ, શુક્ર એ વાર પ્રતિષ્ઠા તથા યજ્ઞ કર્મમાં શુભ છે.

અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, હસ્ત, સ્વાતિ, અનુરાધા, જયેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શ્રવણ, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ અને રેવતી આ નક્ષત્રોમાં દેવપ્રતિષ્ઠા કરવી શુભ છે. ઉત્તરાયણનાં સૂર્યમાં શિવલિંગની પ્રતિષ્ઠા કરવી. માર્ગશીર્ષ અને માઘ એ બે માસ વિષ્ણુ પ્રતિષ્ઠામાં બ્રહ્માએ નિંદિત કહેલા છે. માટે ફાગણ, ચૈત્ર, વૈશાખ મહિનાઓ શ્રેષ્ઠ છે.

શુકલપક્ષ, શુભ સમય, સ્થિર અને ઉર્ધ્વમુખ નક્ષત્રે અને શુભ લગ્ને, વિષ્ણુ પ્રતિષ્ઠા કરવી. રોહિણી, આદ્રા, પુષ્ય, શ્રવણ, ઘનેષ્ઠા વગેરે મેષ રાશિનો ગુરૂ કે શુક્ર હોય ત્યારે દેવીની પ્રતિષ્ઠા કરવી. આ પ્રમાણે પ્રતિષ્ઠા કરવાથી આ લોકમાં ધન-ધાન્ય મેળવી, મરણ પછી મોક્ષપદ મળે છે. માટે મેષનાં શુક્રમાં, નવમી તિથિમાં અને માઘે તથા આસો માસમાં દેવીની પ્રતિષ્ઠા કરવી શુભ છે.

### ➢ સમસ્ત દેવોની પ્રતિષ્ઠાના શાસ્ત્રસમ્મતનક્ષત્રો

બ્રહ્મા, ઈન્દ્રનાં સ્થાપનમાં રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, જયેષ્ઠા, અભિજીત, શ્રવણ એ શુભ નક્ષત્રો છે. સૂર્યના સ્થાપનમાં કુબેર કાર્તિકસ્વામીમાં અનુરાધા, દુર્ગા ભૈરવમાં મૂલ, જૈન દેવની પ્રતિષ્ઠામાં શ્રવણ, ધર્મરાજ, ગણેશ, શેષનારાયણ, શંકરના ગણ, રાક્ષસ, યજ્ઞનારાયણ, ભૂત, દૈત્ય અને સરસ્વતીની પ્રતિષ્ઠામાં રેવતી, વ્યાસ, વાલ્મીકિ, અગસ્ત્ય અને સૂર્યાદિ ગ્રહોની પ્રતિષ્ઠામાં પુષ્ય, સપ્તર્ષિઓની સપ્તૠષિઓ જે નક્ષત્ર ઉપર હોય તે નક્ષત્ર, બધા દેવોને માટે રોહિણીને

ત્રણ ઉત્તરા ઈન્દ્રાદિ દિકપાલોની પ્રતિષ્ઠામાં ઘનિષ્ઠા, આ પ્રમાણે દરેક દેવોનાં પ્રતિષ્ઠાપન નક્ષત્ર જાણવા.

## ૫.૧૦.૩ અધિવાસન મંડપમાની મંગલવિધિ

અધિવાસન મંડપની મધ્યમાં વેદિને લોપીને એના પર રેતીનું આસ્તરણ કરવું પછી એના પર પવિત્ર દર્ભ પાથરવો. પછી તેના પર પ્રતિમાને સુવાડવી. પ્રતિમાનું મસ્તક ભદ્રાસન પર અને ચરણ તકિયા પર રાખવા.

પ્લક્ષ, અશ્વત્થ, ઉદુમ્બર, શિરીષ, વડનાં અંકુરોનાં ઉકાળાથી મંગલ નામ ધરાવતી સર્વે ઔષધિઓથી કુશ આદિ પવિત્ર તૃણોથી, હાથી, વૃષભ, આદિએ ઉખાડેલી માટીથી, પર્વતની માટીથી રાફડાની માટીથી સરિત્સંગમોનાં તટની માટીથી, કમલવાળા સરોવરની માટીથી, પંચગવ્યોથી, તીર્થોના પવિત્ર જલથી, સુવર્ણ તથા રત્નોનાં સુગંધિત જલથી પૂર્વ દિશામાં રાખેલા શિરવાળી, પ્રતિમાને સ્નાન કરાવવું. પ્રતિમાના સ્નાનાર્ચન સમયે તૂરી (તુરાઈ) આદિ મંગલ વાદ્યોના નિનાદ અને પુણ્યાહ વાચનનાં ઉચ્ચાર અને વેદમંત્રોના નિર્ઘોષ કરવા.

વેદજ્ઞ વિપ્રોએ પૂર્વ દિશામાં ઈન્દ્રની સ્તુતિનાં મંત્રો અને અગ્નિખૂણામાં અગ્નિદેવના મંત્રોના ઉચ્ચાર અને જપ કરવા. આ સર્વોત્તમ બ્રાહ્મણોને સર્વોત્તમ દક્ષિણા અર્પી પૂજન કરવું.

જે દેવતાની પ્રતિષ્ઠા કરવાની હોય તે દેવતાનાં મંત્રોથી બ્રાહ્મણે હવનમાં અગ્નિદેવને આહુતિઓ અર્પવી. આ સમયે બૃહદ્સંહિતાના ઈન્દ્રધ્વજ ઉત્થાન અધ્યાયમાં કહેલા અગ્નિ શિખાના ચિહ્નો અને નિમિત્તોનું પરીક્ષણ કરવું.

સ્નાન કરાવેલી, નવીન વસ્ત્રોથી વિભૂષિત કરેલી, ઉત્તમ આભૂષણોથી અલંકૃત કરેલી અને પુષ્પો અને સુગંધિત દ્રવ્યોથી સંપૂજિત પ્રતિમાને પ્રતિષ્ઠા કરનાર પુરોહિતે સુસજજ શય્યા પર સુવાડવી.

આમ, પોઢેલી પ્રતિમાને, ગીત, નૃત્ય વગેરે જાગરણનાં સમ્યક ઉપાયોથી અધિવાસન કરાવીને જયોતિર્વિદે કહેલા શુભ મુહૂર્તમાં એની પ્રસ્થાપના કરવી. પ્રતિમાનું પુષ્પો, વસ્ત્રો, ચંદન આદિ સુગંધિત પદાર્થોથી અર્ચન કરીને શંખ, તૂરી (તુરાઈ) આદિ વાદ્યોના મંગલ નિનાદ વચ્ચે મંડપમાંથી પ્રદક્ષિણા ક્રમપૂર્વક પ્રમુખ દેવમંદિરમાં પ્રયત્ન પૂર્વક લઈ જવી.

પછી વિવિધ નૈવેદ્ય ધરાવીને, બ્રાહ્મણોનું અને શ્રેષ્ઠ વિદ્વાનોનું સંપૂજન કરીને પીઠના ખાડામાં સુવર્ણનો ટૂકડો મૂકીને પીઠ પર પ્રતિમાની પ્રસ્થાપના કરવી. એ પછી પ્રતિમાના પ્રસ્થાપક, જયોતિર્વિદ, બ્રાહ્મણ, સ્થપતિ અને સભ્યોનું સંપૂજન કરવું. આમ, વિધિ કરનાર મનુષ્ય શ્રેય પ્રાપ્ત કરે છે અને વિવિધ ભોગ ભોગવી અંતે સ્વર્ગલોક પ્રાપ્ત કરે છે.

## ૫.૧૦.૪ શુભ મુહૂર્તો

ઉત્તરાયણમાં જયારે સૂર્ય હોય, શુકલ પક્ષ હોય, ચંદ્ર અને ગુરૂના ષડવર્ગમાં, સ્થિર લગ્નમાં, સ્થિર નવમાંશમાં, જયારે શુભગ્રહો, પાંચમા તથા નવમા સ્થાનમાં હોય, અથવા પહેલા, ચોથા, સાતમા

અને દસમા કેન્દ્ર સ્થાનમાં હોય, અથવા પાપગ્રહો ત્રીજા, છઠ્ઠા, દસમા, અગિયારમાં ઉપચય સ્થાનમાં હોય, ત્યારે ત્રણેય ઉત્તરા, રોહિણી, મૃગશીર્ષ, રેવતી, ચિત્રા, અનુરાધા, શ્રવણ, પુષ્ય અને સ્વાતિ નક્ષત્રમાં મંગળવાર સિવાયના અન્ય વારોમાં અનુકૂલ દિવસે દેવપ્રતિમાની પ્રસ્થાપના પ્રશસ્ત શુભ ગણાય છે.

## ૫.૧૦.૫ કુંડ વિધાન અને મંડલ વિધાન

હોમ કરવાનો કુંડ દશ ગજથી સોળ ગજ સુધીના મંડપમાં કરવો અને મધ્યભાગે વેદિકા કરવી તથા મંડપમાં પાંચ, આઠ, અથવા નવ કુંડ કરવા.

(૧) પૂર્વમાં ચતુષ્કોણ (૨) અગ્નિકોણમાં યોન્યાકાર (૩) દક્ષિણમાં અર્ધચંદ્ર (૪) નૈઋત્યમાં ત્રિકોણ (૫) પશ્ચિમમાં વર્તુળ (૬) વાયુકોણમાં ષટ્કોણ (૭) ઉત્તરમાં અષ્ટદલ પદ્માકાર (૮) ઈશાનમાં અષ્ટકોણ (૯) પૂર્વ અને ઈશાનના મધ્યમાં નવમો આચાર્ય કુંડ વર્તુળ અથવા ચોરસ કરવો.

## ૫.૧૦.૬ ઋત્વિજપૂજન અને અન્ય વિધાન

પ્રતિષ્ઠા વખતે વેદ-વેદાંગમા પારંગત કુલીન તથા સર્વાંગ સંપૂર્ણ એવા આઠ, બત્રીસ અથવા ચોસઠ ઋત્વિજોને અર્ઘ્ય આપી આમંત્રણ કરવું.

મંડપના ત્રીજા ભાગે ઉત્તર દિશામાં સ્નાન મંડપ કરવો અને સ્નાન માટે રેતીનું સ્થંડિલ (સ્નાનની શિલા અથવા ચોકડી) કરવું. તથા દેવતાઓને છાયામાં સ્નાન કરાવવું.

પંચગવ્ય (દહીં, દૂધ, ઘૃત, ગોમૂત્ર, છાણ) વડે પાંચ અથવા સો કલશો ભરી જલથી સ્નાન કરાવી ક્ષીર વૃક્ષોની વલ્કલ છાલરૂપી વસ્ત્રો ઓઢાડવા. વેદમંત્રો, વાજિંત્રો તથા માંગલિક ગીતોના શબ્દપૂર્વક મંડપમાં વેદિ પાસે દેવતાને શયન કરાવી વસ્ત્ર ઓઢાડવા વેદિનું ઉત્તરાદિ દિશામાં સ્થાપન કરવું. દેવતાનાં મસ્તક તરફ કલશ મૂકવો અને પગ તરફ કમંડલ મૂકવું. દેવતાની પીઠ તરફ વીંઝણો અને ડાબી બાજુએ દર્પણ મૂકવું તે શુભ છે. પુષ્પરાગ અને ગોમેદાદિ રત્નો ઈન્દ્રાદિદેવાધિષ્ઠિત પૂર્વાદિ દિશાનાં ક્રમે મૂકવા.

### ✵ નવરત્નો

(૧) વજ્ર (૨) વૈડુર્ય (૩) મોતી (૪) ઈન્દ્રનીલ (૫) સુનીલ (૬) પુષ્પરાગ (૭) ગોમેદ (૮) પ્રવાલ

આ રત્નો પૂવાદિ ક્રમે મૂકવાં.

### ✵ ંઆઠ ધાતુઓ

(૧) સોનુ (૨) રૂપુ (૩) તાંબુ (૪) કાંસુ (૫) પીતળ (૬) કલઈ (૭) લોઢુ (૮) સીસું. આ આઠ ધાતુઓ આઠ દિશામાં મૂકવી.

❋ **આઠ ઔષધિઓ**

(૧) વજ (સેંદરડી) (૨) વહ્નિશિખા (કસુંબો) (૩) સહદેવી (૪) તુલસીપત્ર (૫) ઈન્દ્રામણી (૬) શંખાવલી (૭) ઊધ્ધાકુલી (૮) સ્વરિતા

આ આઠ ઔષધિઓ પૂર્વાદિ આઠે દિશાઓમાં અનુક્રમે મૂકવી.

❋ **આઠ અનાજો**

(૧) જવ (૨) ડાંગર (૩) કાંગ (૪) જાર (૫) તલ (૬) ચોખા (૭) મગ (૮) ઘઉં આ આઠ અનાજ પણ પૂર્વાદિ દિશાઓમાં મૂકવા.

ત્યારપછી મહોત્સવ કરવો, નૃત્ય કરાવવું તથા માંગલિક ગીતો વગેરે ગાવાં તેમજ દેવતાઓને નૈવેદ્ય ધરાવવું, આરતી ઉતારવી અને અંગન્યાસાદિ સર્વ પૂજાકાર્ય કરવા. દૂધ, દહીં, ઘી, ખાંડ તથા બીજા અનેક પ્રકારનાં અનેક પકવાનો તેમજ ખટરસયુકત સ્વાદિષ્ટ ભોજય પદાર્થો બનાવી ચારે તરફ ગોઠવવા, ધરાવવા.

બ્રાહ્મણોના સંપ્રદાયોએ આગમ તથા વેદનાં સજીવન મંત્રો વડે ન્યાસપૂર્વક દેવતાઓની પ્રતિષ્ઠા કરવી.

❋ **આઠ ક્ષેત્રપાલો**

(૧) હેતુક (૨) ત્રિપુરન્ધ (૩) શકિત (૪) યમજિહ (૫) કાલ (૬) કરાલ (૭) એકાંધ્રિ (૮) ભીમ

આઠેય ક્ષેત્રપાલ પૂર્વક્રમથી પૂજવા.

❋ **પૂજન માટેની સામગ્રી**

| | | |
|---|---|---|
| ગણપતિ સ્થાપન | દિક્પાલ સ્થાપન | વાસુદેવ સ્થાપન |
| રાતુ વસ્ત્ર | લીલું વસ્ત્ર | પીળું રેશમી વસ્ત્ર |
| ઘઉં | ચોખા | ચોખા |
| કલશ | કલશ | કલશ તાંબાનો |
| તરભાણી | તરભાણી | તરભાણી તાંબાની |

❋ ગણપતિની મૂર્તિ, આવાહન વાસ્તુદેવની સુવર્ણમૂર્તિ સ્થાપન

❋ **વાસ્તુ સ્થાપન**

ચાંદીના અષ્ટસૂત્રાદિ (૧) ગજ (૨) ઓલબો (૩) ટાંકણું (૪) હથોડી (૫) સૂત્રતાર (૬) કાટખૂણો (૭) કંપાસ (૮) તગારૂ

❋ **ખનન માટે**

ત્રિકમ, પાવડો, શિલાન્યાસ માટે ચાંદીનું ચૂનાલોઢુ, ત્રણે સ્થાપનમાં ધોતિયાત્રણ નંગ

❋ **પંચરત્નની પોટલી**

અબીલ, ગુલાલ, કંકુ, હળદર, સરસવ, અક્ષત, ધૂપ, દીપ, કપૂર, કેસર,અક્ષકર્દમ, સોનાના વરખ, સુખડનું તેલ, અત્તર, ધરો, દર્ભ, કોડી

❋ **સપ્તધાન**

ઘઉં, જુવાર, ચોળા, અડદ, મગ, ચણા, જવ, મીંઢળ, મરડાશીંગી, શ્રીફળ, નાડાછડી, સાકર, સોપારી

❋ **પંચરત્ન**

(૧) હીરા (૨) માણેક (૩) મોતી (૪) નીલમ (૫) પ્રવાલ

❋ **પંચગવ્ય**

(૧) દૂધ (૨) દહીં (૩) ઘી (૪) મૂત્ર (૫) છાણ

❋ **પંચામૃત**

(૧) દૂધ (ગાયનું) (૨) દહીં (૩) ઘી (૪) સાકર (૫) મધ

❋ **ગ્રીવાસૂત્ર**

(૧) મીંઢળ (૨) મરડાશીંગી (૩) ધરો (૪) દાભ (૫) નાડાછડી

❋ **પંચમુદ્રા**

(૧) આવાહની (૨) સ્થાપની (૩) સન્નિધાપની (૪) સંબોધની (૫) સંમુખીકરણી

❋ **પંચપુષ્પ**

(૧) ચંપો (૨) આંબો (૩) શમી (૪) કમલ (૫) કરેણ

❋ **પંચલોહ**

(૧) સોનું (૨) રૂપુ (૩) તાંબુ (૪) કલઈ (૫) ગજવેલ

❋ **નૈવેદ્ય**

મીઠાઈ, ફળ ફળાદિ, ઋતુઅનુસાર

❋ **મુખવાસ**

નાગરવેલના પાન, એલચી, તજ, લવીંગ, જાવંત્રી

❋ **સૂકોમેવો**

કાજુ, દ્રાક્ષ, અંજીર, બદામ, અખરોટ, કમળકાકડી

❋ **ફળો**

દાડમ, કેરી, પપૈયા, મોસંબી, સંતરા, જામફળ

❋ **મીઠાઈ**

પેંડા, બરફી, મગજ, મેસુબ, ઘેવર, ખાજા, ખાજલી

વાસ્તુપૂજન ગૃહ વગેરે કાર્યમાં ૮૧ પદનો પ્રાસાદ આદિ કાર્યમાં ૬૪ પદનો, જીર્ણોદ્ધાર આદિ કાર્યમાં ૪૯ પદનો વાસ્તુ પૂજવો. આ સિવાય સહસ્ત્રપદ સુધી વાસ્તુ પૂજી શકાય છે.

દરેક ચીજો વાસ્તુ જે પદનો પૂજો તે મુજબ લાવવી. પદ ખાલી ન રહેવું જોઈએ. દ્રવ્યાદિ પણ તે મુજબ મૂકવા, બ્રહ્મપદમાં વિશેષ દ્રવ્ય મૂકવું.

નવગ્રહ આદિ ગણપતિના સ્થાનમાં પૂજવા અથવા અલગ સ્થાપન કરી પણ પૂજાય.

જૈનમાં નવગ્રહાદિ દિક્‌પાલાદિ અને અષ્ટમંગલ અલગ-અલગ પાટલાઓમાં પૂજાય છે.

❋ **આમલસારાના મુહૂર્તો**

ત્રાંબાના કલશમાં ઘી ભરી ત્રાંબાના પતરાથી ઢાંકી રેણ કરાવવું. પ્રાસાદનાં પ્રમાણની પ્રાસાદ પુરૂષની સોનાની મૂર્તિ, ચાંદીનો પલંગ, ગાદલું, ઓછાડ, શાલ, ઓશિકું, પ્રાસાદ પુઢષની મૂર્તિનાં માપે કરવું. તે કલશ તથા મૂર્તિ પલંગમાં સુવડાવી, પધરાવવી, આમલસારમાં આમલસારને રેશમી પાઘડી વીંટવી વાસ્તુપૂજન કરવું. દિક્‌પાલને બલી આપવા.

❋ **દરેક પૂજનમાં જોઈતી સામગ્રી**

બાજોઠ ૩ સ્થાપન માટે, દીપ ૧૦ નંગ, બેસવા માટેના પાટલા અને પૂજનની સામગ્રી માટેના પાણીનો ઘડો, નાળચાવાળા લોટા નંગ ૫, તરભાણી પંચપાત્ર, આચમની, દીપ ફાનસ, આરતી, ધૂપ, કપૂર, ફળ, ફુલ, નૈવેદ્ય, તગારા, પાવડા, ચૂનાલોઢુ, સીમેન્ટ, રેતી, પાણીનાં મોટા પીપ, બાલદી, માંગલિક ગીતો ગાનાર બહેનો, નોબત, વાજિંત્ર વગેરે રાખવા.

## ૫.૧૦.૭ સૂત્રધારપૂજન (શિલ્પી)

પ્રતિષ્ઠા કર્યા પછી સૂત્રધાર (મુખ્ય શિલ્પી)ની પૂજા કરવી અને વસ્ત્ર, અલંકાર, ભોજન તથા ગાય, ભેંસ, અશ્વ અને વાહન વગેરેથી સન્માન કરવું. અને સંતુષ્ટ કરવા, તેમજ બીજા કામ કરનારા

શિલ્પીઓની પણ પૂજા કરવી અને તેમના અધિકાર પ્રમાણે વસ્ત્ર, તાંબૂલ અને ભોજનાદિથી સંતુષ્ટ કરવા. બુદ્ધિમાન ગૃહસ્થે સદાસર્વદા સોમપુરા જાતિનાં શ્રેષ્ઠ શિલ્પીની પૂજા કરવી ધનનું દાન કરવું. કારણ કે તેના હસ્તે થયેલું કામ કલ્યાણ, રિદ્ધિ અને સિદ્ધિને આપનારું થાય છે.

### ❋ આચાર્યપૂજન

વસ્ત્ર, સુવર્ણ અને ધનથી આચાર્યનું પૂજન કરવું, પછી બ્રાહ્મણોને દાન આપવું. કારણ કે જેવી રીતે સેનામાં ધનુષ મુખ્ય છે તેવી રીતે પુણ્યોમાં દાન છે. પ્રતિષ્ઠાનો મોટો મહોત્સવ કરવો અને મોટુ દાન પુણ્ય કરવું તથા આચાર્ય અને સૂત્રધારનું સારી રીતે સન્માન કરી તેમને અમૂલ્ય વસ્ત્રો આપવા.

## ૫.૧૦.૮ પ્રતિષ્ઠાફળ

देवानां स्थापनं पूजा पापहृद् दर्शनादिकम् ।
धर्मे वृद्धे भवेदर्थ ः काममोक्षौ ततो नृणाम् ॥ [૪૯]

દેવોની સ્થાપના, પૂજા અને દર્શનાદિક પાપનો નાશ કરનારા છે, અને ધર્મની વૃદ્ધિ થવાથી મનુષ્યોને અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પ્રતિષ્ઠા કરનાર પચાસ પેઢીઓ પહેલાની અને પચાસ પેઢીઓ પાછળની મળી કુલ ૧૦૧ પેઢીનો ઉદ્ધાર થાય છે.

નવો પ્રાસાદ કરાવવાથી કોટિ વર્ષો સુધી ઉપવાસ કર્યાનું, જન્મોજન્મ તપ કર્યાનું તથા કોટિદાન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે.

એક ગજનો પ્રાસાદ કરાવે તો એક કલ્પપર્યંત સ્વર્ગમાં નિવાસ કરે છે અને પછી પૃથ્વીલોકમાં રાજય કરે છે. એમાં સંશય કરવો નહિ.

## પાદટીપ

| | | |
|---|---|---|
| (૧) | અમરકોશ | અ. ૨૦, શ્લોક ૩૬ |
| (૨) | અમરકોશ | અ. ૬, શ્લોક ૯૯ |
| (૩) | વિષ્ણુધર્મોત્તરપુરાણ | અ. ૩૫, શ્લોક-૫ |
| (૪) | અમરકોશ | અ. ૪૩, શ્લોક-૩૧ |
| (૫) | અમરકોશ | અ. ૪૩, શ્લોક-૩૨ |
| (૬) | અમરકોશ | અ. ૪૩, શ્લોક-૩૭ |
| (૭) | शिल्परत्नाकर : | अ. ११, श्लोक - ५ |
| (૮) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | पृ. - ६७९ |
| (૯) | અગ્નિપુરાણ | અધ્યાય-૪૧, શ્લોક-૩૭ |
| (૧૦) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | अ.-३, श्लोक-२३८ |
| (૧૧) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् | पृष्ठ-१०३, अ. ३ |
| (૧૨) | વરાહમહાપુરાણ | અધ્યાય-૧૮૧ થી ૧૮૬, પૃષ્ઠ-૪૪૧ |
| (૧૩) | કલ્યાણ (દેવતાઅંક) | પૃષ્ઠ - ૪૮ |
| (૧૪) | વિષ્ણુધર્મોત્તરપુરાણ | અ. ૨૫ |
| (૧૫) | કૃષ્ણ યજુર્વેદ | કાંડ-૪, પ્રપાઠક- ૫ |
| (૧૬) | યોગદર્શનશાસ્ત્રમ્ | સૂકત-૩, મંત્ર-૧ |
| (૧૭) | મનુસ્મૃતિ | અ. ૯, શ્લોક-૨૮૫ |
| (૧૮) | ઋગ્વેદ | મંડળ-૯, સૂ.-૧, મંત્ર-૧ |
| (૧૯) | ઋગ્વેદ મંડળ | મંડળ-૨, સૂ.-૩૩, મંત્ર-૪ |
| (૨૦) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (उत्तरार्ध) | अ.-१३, पृ.-६०९ |
| (૨૧) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (उत्तरार्ध) | अ. १३, पृ.-६१७ |
| (૨૨) | शिल्परत्नाकर : | अ. ११, श्लोक ५२ |
| (૨૩) | शिल्परत्नाकर : | અધ્યાય-૧૧, શ્લોક ૭૨ થી ૮૩ |
| (૨૪) | शिल्परत्नाकर : | अ. ११, श्लोक-८४ |
| (૨૫) | મત્સ્યમહાપુરાણ | અ.-૨૬૩, શ્લોક-૧ |
| (૨૬) | દીપાર્ણવ | અ. - ૧૪, પૃષ્ઠ - ૨૨૦ |
| (૨૭) | દીપાર્ણવ | અ. ૧૬, શ્લોક-૧,૨,૩,૪ |
| (૨૮) | દીપાર્ણવ | અ. ૧૬, પૃષ્ઠ-૨૩૭ |
| (૨૯) | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (उत्तरार्ध) | अ. १४, पृ.-६७४ |
| (૩૦) | જૈનરત્નચિંતામણિ સર્વસંગ્રહસાર્થ (ભાગ૧,૨) | પૃ.-૪૬૯ |
| (૩૧) | હિન્દી શબ્દસાગર | ચતુર્થભાગ-પૃ. ૧૭૯૫ |
| (૩૨) | પ્રાચીન ભારતીય શિલ્પકળા અને સ્થાપત્ય | પૃ. ૨૬૬ |

(૩૩) બૃહદ્‌સંહિતા અ. ૫૮, શ્લોક ૪૪

(૩૪) બૃહદ્‌સંહિતા અ. ૫૮, શ્લોક-૪૫

(૩૫) शिल्परत्नाकर : अ. १२, श्लोक-१५, १६, १७

(૩૬) शिल्परत्नाकर : अ. १२, श्लोक-२१, २२, २३

(૩૭) પ્રાચીન ભારતીય શિલ્પકળા અને સ્થાપત્ય પ્રકરણ-૩૧, પૃષ્ઠ-૨૭૩

(૩૮) દીપાર્ણવ (ઉત્તરાર્ધ) અ. ૨૫, શ્લોક-૪૩

(૩૯) દીપાર્ણવ (ઉત્તરાર્ધ) અ. ૨૬, શ્લોક-૧

(૪૦) દીપાર્ણવ પરિશિષ્ટ-શ્લોક-૧

(૪૧) शिल्परत्नाकर : अ. १२, श्लोक ११३

(૪૨) शिल्परत्नाकर : अ. १२, श्लोक १४८

(૪૩) शिल्परत्नाकर : अ. ४, श्लोक १९८

(૪૪) शिल्परत्नाकर : अ. ४, श्लोक २१५

(૪૫) शिल्परत्नाकर : अ. १३, श्लोक ७४

(૪૬) शिल्परत्नाकर : अ. १३, श्लोक १

(૪૭) शिल्परत्नाकर : अ. १३, श्लोक २

(૪૮) બૃહદ્‌સંહિતા અ. ૬૦, શ્લોક-૧

(૪૯) शिल्परत्नाकर : अ. १३, श्लोक-८३